Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

68 ग
99

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• ઘ ર ઘ ર ણું •

અને

મ નો હ ર •

स्टाक प्रमाणीकरण ११८४-११८५

• યોજક •
મસ્તરામ પંડ્યા

• કિંમત •
બાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग/९९
..../
४८/२६.३.२००३

ार की निशानियां
ाशय १५ दिन से
ने पास नहीं रख
ाने के लिये पुनः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

11/

घर घरणुं अने मनोहर

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 64ग/99
आगत सं० 29648
तिथि० 26-3-2003
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરઘરણું
અને
મનોહર

: યોજક :
મસ્તરામ પંડ્યા

ઘરશાળા પ્રકાશનમંદિર
હિલડ્રાઈવ • ભાવનગર

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• પ્રકાશક •
હરભાઈ ત્રિવેદી
: ઘર-શાળા :
હિલડ્રાઈવ • ભાવનગર

આવૃત્તિ પહેલી
૧૧૫૦ નકલ

• મુદ્રક •
પારેખ શાંતિલાલ છોટાલાલ
શ્રી સરસ્વતી છાપખાનું
સ્ટેશન રોડ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

હતા સમાં બેન ક—ને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

ઘર-શાળા પ્રકાશન મંદિરનું આ એક વધુ પ્રકાશન. આ પુસ્તકની અંદર બે વિખ્યાત નાટયકારોના ભાવાનુવાદો રજૂ કરવામાં આવ્યા છે. નાટકોની ભૂમિકા પશ્ચિમની હોવા છતાં આપણા દેશની રંગભૂમિને અનુકૂળ આવે તેવા પ્રયત્નો અનુવાદકે કર્યા છે. એમ કરવા જતાં મૂળ વસ્તુને હાનિ ન પહોંચે તેવી પૂરી કાળજી રાખી તો છે જ; છતાંયે ક્યાંય પણ ક્ષતિ જણાય તો એ મૂળ લેખકની નથી જ તેમ માનવાને અમારી વિનતિ છે.

બંને નાટકોના ગર્ભમાં મનુષ્યના મુલાયમ પ્રશ્નને છેડવાનો ગંભીર પ્રયત્ન થયેલો દેખાશે. મનુષ્ય દુનિયાના ગમે તે ખૂણામાં પણ એક જ સરખી લાગણીથી ઘેરાયેલું પ્રાણી છે અને તેટલે અંશે લાગણીના જે તારો પશ્ચિમની ભૂમિમાં હાલતા દેખાય તે જ તારો પૂર્વની ભૂમિમાં પણ અવશ્ય હાલતા દેખાય. આ વસ્તુને કેન્દ્રમાં રાખીને નાટકકારે જુદા જુદા પાત્રોના મનનું આલેખન કર્યું છે. પ્રેમ, એની સ્થૂલ ભૂમિકામાં ક્યાં અને કેવી રીતે પ્રગટ થતો રહે છે તે બતાવવાનો નિખાલસ પ્રયત્ન આ બંને નાટકોમાં થયેલો દેખાશે. આદર્શવાદી અને વાસ્તવવાદી એવા સાહિત્યના બે સ્પષ્ટ વિભાગો દુનિયાના જુદાં જુદાં સાહિત્યોમાં નજરે પડે છે. વાસ્તવદર્શી સાહિત્ય તમામ પ્રજાઓનું ભારે લક્ષ ખેંચી રહ્યું છે. ઢગલાબંધ પ્રગટ થતાં એ સાહિત્ય તરફ નજર નાખીએ છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે દેખાય છે કે વાસ્તવિકતાને નગ્ન સત્યમાં રજૂ કરીને કેવળ સપાટભૂમિ ઉપર આલેખાય છે. આવાં આલેખનો વાંચનારને સ્હેજ પણ ઉન્નત બનાવી શકતા નથી. વાસ્તવદર્શી આલેખન વાંચનારને વ્યવહારુ આદર્શ પૂરો પાડે અને જીવનની જે સપાટી ઉપર એ ઘૂમતો હોય છે ત્યાંથી એને ઊંચો ચડાવે એમાં જ સમર્થ નાટકકારની સફળતા રહેલી છે. આ વસ્તુનું દર્શન આ બંને નાટકોમાં વાંચનારને થયા વિના રહેશે નહિ.

બંને નાટકો ભજવી શકાય તેવાં છે. 'વરઘરણું' તો સફળતાપૂર્વક અનેક વખત ભજવાયું છે. ' મનોહર ' માં જે સૂક્ષ્મભાવોનું ચિત્રામણ કરવામાં આવ્યું છે તેને ભજવવા માટે કુશળ નટોની અને સમૃદ્ધ અભિનયની જરૂર રહેશે. ગુજરાતની રંગભૂમિને આ બે નાટકોના પ્રકાશનથી થોડે ઘણે અંશે પણ મદદ કરી શકાશે તો તેનું પ્રકાશન વાજબી ગણાશે.

હરભાઈ ત્રિવેદી
નિયામક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ નો હ ર

જોન વાન ડ્રૂટનના

'યંગ વુડ્લી' ઉપરથી

ત્રિઅંકી નાટક

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

પાત્રો

કપૂર..................એક અનાથ છોકરો
(અભ્યાસ સાથે ગૃહનું પરચુરણ કામ કરનારો)

વિનોદ
અનુપમ
મધુકર
મનોહર ...... મોટી ઉમ્મરના વિદ્યાર્થીઓ અને નિવાસગૃહના નેતાઓ

લતા....................શનિદેવની એક શિષ્યા અને પ્રિયતમા

શનિદેવ................આચાર્ય

મુન્ની..................શનિદેવની નોકરડી

વામનરાય..............મનોહરનો પિતા

દૃશ્યો

અંક પહેલો..........નેતાઓનો ઓરડો (નિવાસગૃહમાં).

અંક બીજો............લતાનો ઓરડો (શનિદેવને ઘેર) વીસેક દિવસ પછી.

અંક ત્રીજો............૧. નેતાઓનો ઓરડો (બે દિવસ પછી).
૨. લતાનો ઓરડો (બીજે જ દિવસે) બપોર પછી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક પહેલો.

દૃશ્ય:

નવાસગૃહમાં નેતાઓને સુવા બેસવાનો ઓરડો. ચાર ખુરશી, ચાર બિછાનાં, કાચ, ચોપડીના કબાટ, મેજ, "પ્રાઇમસ", છૂટાંછવાયાં છાપાં, દૈનિક અને માસિકો, જમીન ઉપર શેત્રંજી પાસે ચાના પ્યાલા રકાબી (છૂટાછવાયા પડેલા,) એક "પોર્ટેબલ ગ્રામોફોન અને રેકર્ડસ", એક બાજુ દીવાલ ઉપર થોડા "ગ્રૂપ ફોટોગ્રાફ", છબિઓ, "ટાઇમપીસ."

પડદો ઉપડે છે ત્યારે કપૂર, આશરે ચૌદ વર્ષનો પણ રખડુ બનેલો દેખાતો, ચાના પ્યાલા રકાબી ઉપાડતો દેખાય છે. રકાબીમાં પડેલો સૂકો મેવો જોઇ મોંમાં પાણી છૂટે છે તેથી જરાવાર લોલુપતાથી તેની સામે જોઇ રહે છે અને પછી મુઠ્ઠી ભરીને મોંમાં ભરે છે: પછી ચાવતો ચાવતો દરેક હાથમાં એક એક કપ રકાબી ઉપાડી ચાલે છે. ટાઈમપીસ સામે જુએ છે. પાંચ વાગી ગયા જોઈ સ્હેજ મોં બગાડે છે. એવામાં અનુપમ, વિનોદ અને મધુકર આવે છે. ત્રણે લગભગ સરખી ઉમ્મરના ઉગતા જુવાન છે. વિનોદ જરા શોખીન અને કપડાંની ટાપટીપ વાળો; મધુકર ખુશમિજાજી અને મળતાવડો; અનુપમ એક ખુરશી પર બેસે છે. વિનોદ, મધુકર છૂટા છૂટા ઉભા રહે છે.

વિનોદ:—કેમ, કપૂર, હજી પત્યું નથી? વેઠ ઉતારતો હોઇશ કેમ? તું તે કેવો રખડુ?

કપૂર;—જી, કપ રકાબી જરા મોડેથી સાફ કરૂં તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદઃ—બિલકુલ નહિ; શા માટે મોડેથી ?

કપૂરઃ—જાણે કે, એમ છે;......પાંચ વાગી ગયા છે અને મારે હજી શાળા સુધી જવાનું છે, પાંચ વાગ્યાની હાજરીમાં.

વિનોદઃ—એટલે શું મારે માટે? તારે વહેલાં આવીને પતાવવું હતું.

કપૂરઃ—અવાયું નહિ, જી, શનિએ મને રોકી રાખ્યો એટલે......

વિનોદઃ—કોણે ?

કપૂરઃ—શનિએ........એટલે........

વિનોદઃ—છોકરા, તારે શનિદેવ થાય: જરા ઉપરી વિષે બોલતાં વિવેક રાખ.

કપૂરઃ—ભૂલી ગયો......એટલે......એમણે મને રોકી રાખેલો; અને બીજો ઉપાય નહોતો. એ હમણાં અમને વાંચતાં લખતાં શીખવે છે ને? એટલે......મને જરા આવડ્યું નહિ......

વિનોદઃ—ઠીક, ઠીક, ચાલ જલદી કર અને ઝટ પતાવ. હમણાં જ બધું સાફ જોઇએ.

પૂકરઃ—પણ શાળામાં મારી હાજરી નહિ પૂરાય તો..............

અનુપમઃ—અરે જવા દે, બિચારાને. આ ઢસરડામાંથી જો ઘડી'ક છૂટ્યો તે.

વિનોદઃ—છોકરા, તું ઠોઠ રહે અને પછી ન આવડે એ તારો દોષ; એમાં અમારે શું ?

કપૂરઃ—પણ, જી........

વિનોદઃ—ચૂપ કર, હવે.....અને પતાવ જલદી.

[મારવાને હાથ ઉગામે છે.]

અનુપમઃ—ચાલ હવે, રહેવા દે. હમણાં એ બધું આ કબાટમાં મૂકી રાખ અને જા, જઈ આવ, જવું હોય તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપૂરઃ—બસ, ભાઈસાહેબ, એટલું જ.

વિનોદઃ—અને જરા અહીં પાછો આવતાં પહેલાં ચોખ્ખો થઈને આવજે. જોને તારાં આ કપડાં! શાહીથી નાહી ખરડાયો છે!

કપૂરઃ—શું કરૂં? પેલા વનુએ આખો ખડિયો મારી ગરદન પાસેથી પેરણમાં ઊંધો વાળ્યો.

મધુકરઃ—તો પછી ઇન્ડીપેન કેમ નથી રાખતો? ગૃહમાંથી દરેકને મળે છે!

કપૂરઃ—વાપરૂં છું; પણ ગૃહની ઇન્ડીપેન ખોવાઈ ગઈ એટલે મેં બીજી અગિયાર આને લીધી હતી પણ તેમાંથી શાહી ચૂઈ જાય છે. અને ટાંક ઠરડાઇ ગઇ છે.

વિનોદઃ—સવારે સાંભળ્યું હતું, કપૂર, પ્રાર્થના વખતે મુખ્ય ગૃહપતિ સાહેબે શું શબ્દો કહ્યા તે? જરા એમાંથી શિખામણ લેતો જા; "મનસા, વાચા, કર્મણા–શુદ્ધિ."

કપૂરઃ—પણ મને એમાંનું કશું સમજાયું નહિ.

વિનોદઃ—એ જ ઠીક થયું. તારી જેવડાને આ દુનિયાનો રંગ ન લાગે એ જ ઠીક.

કપૂરઃ—રમણે શું કર્યું'તું તે આમ થયું?

[કપ રકાબી ઉપાડી કબાટ તરફ જાય છે.]

વિનોદઃ—નાનાં છોકરાંઓએ આમ સવાલ ન પૂછવો.

મધુકરઃ—જરા મોટો થઈશ પછી એ બધું તને સમજાશે. હજી તો તું નાનો છે.

વિનોદઃ—અને જો તું ડાહ્યો થઈશ તો હું તને કહીશ, કોઇક દિવસ.

કપૂરઃ—વિમલ કહે "મને ખબર છે પણ તને નહિ કહું. એણે મને શનિદેવને પૂછવાનું કહ્યું.

[ત્રણે જણા અટ્ટહાસ્ય કરી મૂકે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદ:—એ ઠીક, છોકરા. બરાબર જઈને શનિદેવને જ પૂછ: અથવા પૂછને લતાબેનને જઈને ? એને શું કામ નથી પૂછતો ? એ તને જરૂર કહેશે.

અનુપમ:—બસ કર. વિનોદ. જા તું શાળામાં આચાર્યજીને કહેજે કે તું અહીં હતો તેથી મોડું થયું.

કપૂર;—(ઉત્સુકતાથી) પણ રમણે શું કર્યું''તું એ મને કહોને ?

વિનોદ:—વળી કોઈક દિવસ વાત. આવજે ને મારી પાસે. હું કહીશ.

અનુપમ:—હવે પતાવ. વિનોદ, જા. કપૂર, જા. વખત આવશે ત્યારે એની મેળે તને ખબર પડશે. હાલ તો જા અહીંથી.

વિનોદ:—અને યાદ રાખજે, છોકરા, "શુદ્ધિ, તો, મનસા, વાચા કર્મણા હોય."

[કપૂર જાય છે]

અનુપમ:—વિનોદ, એ છોકરાને ન છેડ. હજી તો એ ઊગીને ઊભો થાય છે. (ઊભો થઈ, કાગળ અને પુસ્તક ઉપાડી બેસે છે અને લખે છે)

વિનોદ:—હવે તો એ ઊગી રહેવા આવ્યો; અને ઓ ભગવાન ! હું એટલું જ ઇચ્છું છું કે એ જરૂર શનિદેવને પૂછે !

મધુકર:—તો તો ખરેખર ગમ્મત થાય. મને યાદ છે નાનપણમાં જ્યારે હું નિશાળે જતો હતો ત્યારે મેં એક શિક્ષકને પૂછેલું કે "હું શી રીતે જન્મ્યો ?" અમે બધા શરીર વિજ્ઞાન શીખતા હતા અને મારી સાથે ભણતા ત્રણ મોટા છોકરાઓએ મને શણગાર્યો અને મને ખબર નહિ કે "હું શું પૂછી રહ્યો છું." એ વખતે તો હું ભાગ્યે દશ વર્ષનો હોઇશ અને પૂછતાં પૂછતાં તો હું સફેદ પૂણી જેવો બની ગયો હતો!

વિનોદ:—પછી શિક્ષકે શું કહ્યું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકરઃ—અરે, એનું તો શરમમાં ને શરમમાં ગળું ફૂલી આવ્યું અને લાલ ચોળ બની ગયો, અને જીભ થોથવાઇ ગઇ અને કાંઇક ગણગણ્યો અને પછી કહે કે તારી બાને પૂછજે.

વિનોદઃ—અને તારી બાએ ?

મધુકરઃ—એણે તો વળી નવી જ વાત કહેવા માંડી. કે તને તો આકાશમાંથી પ્રભુએ મોકલ્યો છે અને તું આવ્યો અને અમે રાજી થયાં વગેરે. પણ ખરેખર, કપૂરને જવાબ આપતી વખતે શનિદેવનો ચહેરો જોવા જેવો થશે હો.

વિનોદઃ—અરે, બપોરના તો શું એની જીભ ઉપડેલી ! ખાસ્સું એક ભાષણ કરી નાંખ્યું; ગૃહના નીતિના અંગ માટે આપણે નેતાઓ જવાબદાર! કેમ, અનુપમ બહાદુર, આપ તો અમારા મુખ્યનેતા છો એટલે હવે છોકરાઓના નીતિરક્ષણ માટે એક મોટું દળ ઊભું કરો અને સેવકને આપનો એક નેતા બનાવજો ! [સલામ કરી, ઊભો રહે છે]

અનુપમઃ—વિનોદ, જરા તારા નેતા તરીકેના મોભાને સાચવી શકાય તેટલો જ માત્ર તું ગંભીર બનીશ તો એમાં તારૂં કાંઇ બગડી જવાનું નથી, હો.

વિનોદઃ—[ફરતો ફરતો] અરે, એ મહાપુરુષને સાંભળ્યા ન હોય તો! બસ્.....બધું ધોરણસર, અને કાગળીએ વાત. આજ આપણા મનોહર કેમ નથી જણાતા? આ બાબતમાં એનો મત તો જાણીએ ? તું જાણે છે ને, અનુપમ, એ બિચારો હજી આવી બધી વાતોથી સાવ અજાણ્યો છે. જો કે, ભાઇ તો જાણે બધું સમજે છે એવો દેખાવ કરીને ચાલે છે.

અનુપમઃ—કોણે કહ્યું એ અજાણ્યો છે, એ તો બોલતો નથી એટલે...

વિનોદઃ—હવે જાણ્યું, "બોલતો નથી"......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમ:—ત્યારે કહે, શરમાળ છે.

વિનોદ:—જા, જા, હવે.

મધુકર:—એ...હું તો એ મનોહરને હજી સમજી જ શકતો નથી. એની બધી મલિન કવિતાઓ છપાય છે. તે તો જુઓ! પેલી આપણા દૈનિકમાં છપાઇ હતી તે! મને તો એ આપણી આ શુદ્ધિ–ભરી સંસ્થા માટે કંઈક વધુ પડતી લાગી! શું હતું એમાં? એનાં પેલાં મૃગાક્ષી કન્યકા! મધુરી! અને કોમળાંગી! કાંઇ નહિ એમાં! તમે બધા એને 'અજાણ્યો' 'અજાણ્યો' કહીને કૂટી મારો છો; બાકી તો મને એ ચોખ્ખો સફેદ બગલો લાગે છે.

વિનોદ:—અરે એમાં કાંઇ જ અર્થ ન મળે! એ તો એની કોઇ માશી મામી શરીરે જામી હશે તેને ઉદ્દેશીને પણ લખ્યું હોય. [મનોહર અંદર આવે છે. એ એક શરમાળ, સુન્દર અને ગૌરવદન છોકરો છે; આશરે સતરેક વર્ષનો] ઓહ્હો, કેમ છો મારાં મનોહર પુષ્પ! અમે હમણાં જ તમારી વાત કરતા હતા.

મનોહર:—એમ કે?

અનુપમ:—કેમ શું થયું વળી?

મનોહર:—કંઇ નહિ, એના એ દેવ–શનિદેવ.

અનુપમ:—વળી પાછું શું થયું?

મનોહર:—શી ખબર! એની રીત પ્રમાણે જરા વિચિત્રતા. હું તો એને દીઠો ગમતો નથી.

વિનોદ:—આવો સુકુમાર મનોહર ન ગમે? તું તો અમારો લાડકો છે!

મનોહર:—બસ કરો વિનોદ.

વિનોદ:—તારી ભૂલ થાય છે, મનોહર. શનિદેવ તને ખૂબ ચાહે છે. એમાં શંકા શી છે? એમ તો એ પણ શુદ્ધિની જ વાતો કરતા નહોતા? અને એની આંખ સામે તું સાક્ષાત્ શુદ્ધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિ સમો, કોમળ, ગુલાબી, મીઠો, શાણો, રૂપાળો ઊભો છે એવો બીજો આદર્શ છોકરો ક્યાંથી મળે ?

મનોહરઃ—હવે ચૂપ રહેશો ?

અનુપમઃ—મનોહર, કહે તો ખરો, શનિદેવે શું કહ્યું ?

મનોહરઃ—બસ્ સામાન્ય રીતે તો મારો એકડો જ કાઢી નાંખ્યો. મારા લેખો અને મારા કાગળો ઊતારી પાડ્યા. કહે, કે, એ સર્વ મલિન છે; અત્યારે જ્યારે બુદ્ધિ–વિકાસનો સમય છે ત્યારે આમ લેખો અને કાગળો લખવાનાં હોય? બસ્ એ તો ચાલ્યું....

વિનોદઃ—એમાં-એક પાંચ મિનિટમાં લખી કાઢેલી કવિતામાં એટલું બધું કહેવાનું શું મળ્યું એને ?

મનોહરઃ—એમ કે ? તમારે મન એ પાંચ મિનિટની કવિતા હશે ?

વિનોદઃ—વધુ વખત કવિતા કરતાં બગાડ્યો હોય તો તારા જેવો બેવકુફ કોઇ નહિ પણ આપણા શનિદેવને તો બધું સરખું છે ! જ્યાં, ત્યાં બસ માથું મારવું. અને હવે આ વિશુદ્ધિની લડાઇ માંડી છે. બસ એક આ રમણની વાત આખું સત્ર એમને એમ ચાલ્યા કરવાની.

મનોહરઃ—આ એની વિશુદ્ધિની લડતથી મારૂં તો માથું ભમી ગયું ! હું કાંઇ રમણનો પક્ષ ખેંચીને બોલતો નથી. એણે ગમે તે કર્યું હોય પણ એ જંગલી છોકરાનો રોષ મારી ઉપર શેનો ! ! !

વિનોદઃ—કંઈ ખબર પડી, એણે શું કહેલું ?

મનોહરઃ—શનિદેવે કાંઇ–કશું–સ્પષ્ટ શબ્દોમાં તો કહ્યું જ નથી. એણે તો શાસ્ત્રનાં વચનોનો વરસાદ વરસાવ્યો. પણ સાંભળ્યું છે કે શાળામાં એક છોકરી સાથે કંઈક ગોટાળો થયો.

વિનોદઃ—હા, હા, સમજાયું. પેલી મુક્તકેશી, કાળુડી ! એમાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણ શું મોહી પડ્યો! પણ ભિખારીને વળી ભોગ ઉપ-ભોગ શા? બરાબર શાળામાં જ પકડાયા. જાણે કે.........દૂધમાં સાકર.........

મનોહરઃ—ભારે થઇ હશે હો, તે વખતે.

વિનોદઃ—એટલા માટે બિચારા રમણને પાણીચું મળે એ તે કાંઇ ન્યાય?

મનોહરઃ—હું પણ કહું છું કે આ તે કાંઇ ન્યાય?

વિનોદઃ—ત્યારે પછી? માત્ર સિદ્ધાન્તને ખાતર બિચારાની આબરૂ પર પાણી ફરી વળ્યું.

મધુકરઃ—એટલે?

વિનયઃ—કેમ વળી એનો બાપ એક આબરૂદાર લક્ષાધિપતિ છે. જબરો છે. રમણને તો એ કાશી વિદ્યાપીઠમાં મોકલવાનો હતો. હવે ક્યાંથી જાય? બિચારાની જીંદગી બગાડી નાખી.

અનુપમઃ—ઠીક જ થયું. એના પાપે બીજા ખરાબ થાત એ તો હવે નહિ થાય.

વિનોદઃ—એટલે આ લોકો શું સમજતા હશે? આપણે તે નૈષ્ટિક-બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું છે કે સાધુ થઇ ગયા છીએ? આ તો છે, મનુષ્ય સ્વભાવ. કેમ ખરૂં કે નહિ? મેં તો સાંભળ્યું છે કે ઇંગ્લંડ અમેરિકામાં લગભગ દરેક છોકરાને પોતાની એક છોકરી હોય છે. અને સૌ એ વાત જાણે, કશું છૂપું નહિ. આતો તમે અંકુશ રાખવા જશો ત્યાં બાજી વધુ બગડશે.

અનુપમઃ— જરા શરમા. બધાય તારી જેવા હશે કેમ?

વિનોદઃ—એમાં શરમાવા જેવું કાંઇ છે જ નહિ. છોકરીઓની નિશા-ળમાં પણ આવું બને, જો ત્યાં આસપાસ છોકરાઓનો વધારો હોય તો તમારે સાંભળવી હોય તો કાનમાંથી કીડા ખરે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વાતો હું તમને કહું. અરે, જો છોકરીઓની નિશાળમાં મને પટાવાળાની જગ્યા મળે તો તે પણ હું પસંદ કરૂં. અને સહશિક્ષણ હોય ત્યાંની તો વાત જ જવા દો પૂછોમાં...એ તો.

મનોહર:—હોય નહિ.

વિનોદ:—ખરે જ, કેમ ન હોય? મનુષ્ય સ્વભાવથી નાસીને તમે કેટલેક દૂર જવાના છો! આ શનિદેવની બધી વિશુદ્ધિની લડતનો સાર એટલો જ કે તમારી કુદરતી ભૂખને દબાવો. ઓહ્ એ ભાઇસાહેબને તો વાતો કરતાં આવડે છે.

મધુકર;—એટલે? શનિદેવ તો હવે લતાબહેનને પરણવાના છે એ નથી ખબર, કે આમ બોલે છે!

વિનોદ:—બધી ખબર છે. એ પણ રૂપરૂપનો ભંડાર છે, હં! ખરૂં પૂછો તો, કયાં શનિદેવ અને કયાં આ સુન્દરી! હજી તો એ બન્ને પરણ્યાં નથી પણ હું આગલી પાછલી વાત જાણું છું. મધુકર તું પણ અહીં જ હતો. પેલી કામ કરવાવાળી બાઇ રાખી હતી ને? પૂછો તો ખરા જઈને એને? અરે શનિ અને લતા બન્ને જણ તો ઘેલાં ઘેલાં......

[લખતો બંધ રહીને]

અનુપમ:—તારી લવારી બંધ કર, વિનોદ. હવે હું થાકયો.

વિનોદ:—આવી સંસ્થાઓમાં બધા ઘરડી અને કદરૂપી બાઈઓ કામ કરવા રાખે છે તે અમસ્થી નહિ તો. જરા એમનાં મોં તો જુઓ. સામી મળે તો ભૂખ જાય.

મનોહર:—ચાલ જવાદે, વિનોદ. અનુપમ ખરૂં કહે છે. તારૂં મન જ મેલું છે.

વિનોદ:—તું તો એકાએક મહાત્મા બની ગયો, અનુપમ. હજી તેં મને કરેલી વાતો ભૂલી નથી ગયો, હો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—હા, હા. શાળામાં પણ આજકાલ આવી વાતો ખૂબ થવા લાગી છે એટલે હવે હું એવી વાતો થતી બંધ કરવાના આકરા ઉપાયો શોધી રહ્યો છું.

વિનોદઃ વારૂ ત્યારે. જો મરજી હોય તો પ્રાર્થના વખતે મને બહાર જ રહેવા દેજો. થયું ? અરે. જૂઓ તો, મધુકર કોણ એ ત્યાં ડોકાય છે ? [બારી તરફ જુએ છે]

મધુકરઃ—[બહાર જોઈને] અરે, કોણ છે ત્યાં શું કરો છો ? વાહ. આ તો કપૂર છે !

વિનોદઃ—કોણ, કપૂર ? આમ આવ તો !

કપૂરઃ—[દૂરથી] જી...ઇઇઇ—આવ્યો.

મધુકરઃ—શું કરે છે, ત્યાં ?

કપૂરઃ—જી...એ તો હું...

વિનોદઃ—ચાલ અંદર આવ. કામ છે.

મધુકરઃ—કપૂર ! આવ જોઈએ, જલ્દી અહીં આવ તારૂં કામ છે. જીણુકો સંતાતો ફરે છે ! જોયુંને, અનુપમ, આ તારી છૂટનું પરિણામ !

મનોહરઃ—કેમ, શું થયું ?

મધુકરઃ—એને શાળામાં હાજરી માટે જવું હતું એટલે તો અનુપમે એને વાસણ સાફ કરતાં જતો કર્યો હતો.

વિનોદઃ—કોણ એ ? આવો અંદર.

[કપૂર ધ્રૂજતો ધ્રૂજતો દાખલ થાય છે]

અનુપમઃ—કેમ, નામદાર ! બોલો, શું કહેવું છે હવે ? કેમ શાળામાં ગયા નથી ?

કપૂરઃ—જાણે કે એમ થયું......જી, આજે મારો વારે તો હતો પણ ત્યાં ગયો ત્યારે ખબર પડી કે મારો વારો તો કાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકરઃ—આ અઠવાડિયે તારો વારો નથી જ.

કપૂરઃ—ના—ના...જી...વારો છે એ એ...સાચે જ. એટલે કે એમ થયું કે મારો વારો આવવાનો હતો જઃ ફરીથી આવવાનો હતો. પૂછી જો જો વળી કોઇને, હતો કે નહિ? સાચું કહું છું, હતો જ.

મધુકરઃ—તો પછી તું તરત પાછો કેમ ન આવ્યો? અને વાસણ કેમ સાફ નહિ કર્યાં? રખડુ? [તમાચો મારે છે]

વિનોદઃ—[કપૂરનો કાન પકડીને] અને બારીમાંથી શું જોતો હતો? એમ ડોકાવાની મનાઇ છે એ ભૂલી ગયો? અમે શું વાતો કરતા હતા તે સાંભળવું હતું, કેમ?

કપૂરઃ—ના, ના...હું તો......

વિનોદઃ—ઠીક છે ત્યારે. જો આજે તારો વારો હતો જ તો પછી આજે સાડા પાંચ વાગે શિક્ષા-ગૃહમાં હાજરી આપજે. સમજ્યો?

કપૂરઃ—પણ...........જી, શું કામ.........જી.........

[અનુપમ આગળ આવે છે. એકાદ માસિક ઉપાડે છે. કાગળ મેજ પર મૂકે છે અને ખુરશી પર પગ રાખી ઊભો રહે છે]

વિનોદઃ—શું કામ? મારો હુકમ છે તે કામ. શાળામાં ન ગયો તે કામઃ બારીમાં ડોકાયો તે કામ; મને શું કામ પૂછ્યું તે કામઃ રખડુ થયો તે કામ; ચાલ હવે જલદી. વાસણ સાફ કરી નાંખ; અને જો એક્કે પ્યાલો ફૂટ્યો છે તો તારૂં માથું ફૂટ્યું સમજજે. [કપૂર રડતો રડતો કબાટ તરફ જાય છે]

મધુકરઃ—અને બસ કર એ ઢોંગ અને ચાલ!

મનોહરઃ—એના ઉપરના ખાનામાં કાજુ છે તે લાવ, ઘોડા ઉપરના ખાનામાં, એ ભૂત, ઉપરના ખાનામાં કહું છું. ત્યાં નીચે શું જુએ છે?

[કપૂર મેવાની રકાબી લાવે છે.]

[વિનોદ પોતાના બૂટ કાઢી કપડાંથી લૂછે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકર:—મનોહર, એક બે અંજીર લાવ તો. [મનોહર ફેંકે છે અને મધુકર ઝીલે છે. અનુપમ પણ પાસે આવીને રકાબીમાંથી મુઠ્ઠી ભરી મોંમાં ભરે છે.]

મનોહર:—વિનોદ, તારે જોઇએ ?

વિનોદ:—મેવો ? માફ કરો, એ પચે નહિ. અપચા માટે તો ઇશ્વરે મેવો બનાવ્યો છે !

મનોહર:—એમાં આટલી ચાલાકી શાની બતાવે છે ?

વિનોદ:—[કપૂરને] કેમ ઊભો છે ? એમ સામું શું જુએ છે ?

કપૂર:—કાંઇ નહિ. [કામ કરીને જાય છે.]

મધુકર:—અરે ભાઇ, આ રવિવારે પાછું શનિદેવને ત્યાં ચા પીવા જવાનું કે ?

વિનોદ:—હાસ્તો. આ લૂખી—ચાની બેઠકો મારાથી તો સહી જતી નથી. ગંભીર થઇને બેસવું, વિનયપૂર્વક બોલવું, ખોટું ખોટું હસવું અને શનિદેવના કટાક્ષ-વચનો સાંભળી રહેવું. અને અધૂરામાં પૂરી એની બડાઈ ભરેલી વાતો સાંભળવી...

અનુપમ:—મને લાગે છે પેલી લતાને પણ એ બધું નહિ ગમતું હોય. ખરેખર મને એ છોકરીની બહુ દયા આવે છે. બિચારી ગજ'બ શરમાળ છે.

મનોહર:—શનિદેવની સ્ત્રી બનવું એ કાંઇ જેવી તેવી કસોટી નથી. મને એ છોકરી ખૂબ ગમે છે.

વિનોદ:—અને એમાં આપણો રવિવાર તો બગાડ્યો જ સમજવો.

મનોહર:—ત્યારે વળી રવિવારે તમારે કઇ લડાઈ જીતવાની રહી જાય છે ?

વિનોદ:—મનોહર, લતા તને ખૂબ જ ગમે છે એટલે જ પેલી શ્યામ કેશીનાં નખરાં તારી નજરે નહિ પડ્યાં હોય કેમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—કઈ શ્યામકેશી ?

અનુપમઃ—પેલી ચોપડી લેતાં લેતાં તમારા હાથ સાથે હાથ અડાડીને નખરાં કરતી ઊભી રહે છે એની તું વાત કરે છે ? વિનોદ !

મનોહરઃ—એમ ? ત્યારે તમારી સાથે પણ એ એમ કરે છે કે ?

વિનોદઃ—વાહરે, મનોહર. તને તો એમ હશે કે એ એકલા તને જ એમ કરે છે, કેમ ?

મનોહરઃ—હા, પણ એનું શું છે ?

વિનોદઃ—એટલું જ કે એ કોઇ કોઈ વખત તમારી સાથે એકલી ફરવા નીકળવામાં આનાકાની કરે એવી નથી.

મનોહરઃ—પણ એને એકલાં ફરવા નીકળવાની છૂટ જ કયાં છે ?

વિનોદઃ—એ જ કહું છું, તો. ભોળા રે ભોળા,.........એમ ચોરી છૂપીથી નીકળવામાં જ મજા છે.

મનોહરઃ—એટલે ? હું તારૂં કહેવું બરાબર સમજ્યો નહિ.

વિનોદઃ—ચાલ, હવે ચાલ. તારે મારી પાસે ઉઘાડી વાત કરાવવી છે કેમ ?

મનોહરઃ—એટલે તું એમ કહેવા માગે છે કે તું પણ...

વિનોદઃ—હં...બરાબર. એની એક સખી છે. સુન્દર છોકરી, મૃગાક્ષી, કોમળાંગી. સુંવાળી ! તારી મરજી હોય તો......

મનોહરઃ—માફ કર, વિનોદ. મારે એવી વાત નથી સાંભળવી.

[ચોપડી વાંચવા ઉપાડે છે]

વિનોદઃ—તો મરજી.

અનુપમઃ—વિનોદ, તું બોલે છે એ જો સાચું જ હોય તો......

વિનોદઃ—તો શું ? શનિદેવને કહીને તારી વિશુદ્ધિની લડતનો પહેલો શિકાર હું બનું એમને ? ચલાવ, ત્યારે..........ઓહ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે જવું જોઇએ. મારે હજી ઘણું કામ છે. છોકરાઓને ગણિત સમજાવવાનું છે. વિચાર કરી જોજે મનોહરઃ જો મરજી હોય તો......એકાદ રવિવારે......[જાય છે]

[મનોહર ટેબલ પાસે જાય છે]

મધુકર;—[ઊભો થતો] આ વિનોદ આટલો બધો પહોંચેલો છે!

અનુપમઃ—પહોંચેલો? એની વાતમાંથી નવ્વાણું ટકા બાદ બાકીના ફડાકા.

મધુકરઃ—કોણ જાણે! ઠીક ઠીક બગડેલો દેખાય છે! બાપ પૈસાદાર છે! પેલો મેવાવાળો! એને ફાવે તેમ વર્તવા દે છે. રાત્રે ગમે ત્યારે આવે એની છૂટ. એવી છૂટ તો મને ય ગમે. ચાલ કપડાં ઊતારી રમવા જાઉં. તું આવે છે, મનોહર?

મનોહરઃ—ના, આજ નહિ. મારે હજી ઇતિહાસનાં પાનાં જોઇ જવાં છે.

મધુકરઃ—અનુપમ, તું?

અનુપમઃ—ના, મારે સાડા પાંચે શિક્ષા–ગૃહમાં તોફાની વિદ્યાર્થીઓની ખબર લેવી છે

મધુકરઃ—વારૂ ત્યારે. [જાય છે]

મનોહરઃ—આ વિનોદ મને બિલકુલ ગમતો નથી.

અનુપમઃ—હું જાણું છું, તું એને ધિક્કારે છે.

મનોહરઃ—અને તું?

અનુપમઃ—ધિક્કારતો તો નથી જ. એ પણ એક નમૂનો છે.

મનોહરઃ—નમૂનો ખરો પણ મેલો નમૂનો. વારૂ પણ અનુપમ, એ કહે છે એમાં કાંઇ સત્ય ખરૂં?

અનુપમઃ—શું કહે છે એમાં?

મનોહરઃ—એ જે વાતો કરતો હતો એમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—હું તો એમાંનું કશું ન માનું.

મનોહરઃ—પેલી એની સખી......ખરેખર, એ સાચું હશે ?

અનુપમઃ—હોય કદાચ.

મનોહરઃ—તો પછી એનો ઉપાય કરવો જોઇએ.

અનુપમઃ—હું શું કરી શકું, એમાં? શનિદેવને કહું એમ? ના, મારૂં એ કામ નહિ. એ નેતા થયો ત્યાં સુધી તો બધું ઠીક હતું પણ એ વખતે એ જરા વધારે સાવચેત હતો. હવે તો...આપણે શું કરીએ? એ બોલે તે સાચું માનવું નહિ.

મનોહરઃ—અને તો'ય એ સાચું તો છે જ એમ ને ? [ચોપડી ઉઘાડે છે]

અનુપમઃ—હા, હોય.

મનોહરઃ—પણ એમાં તારી સંમતિ તો નથી જ ને ?

અનુપમઃ—જરાય નહિ. અને છતાં એ બોલે છે એનો કાંઇક અર્થ તો છે જ.

મનોહરઃ—[ચમકીને, ચોપડી પડી જાય છે] એટલે ?

અનુપમઃ—એટલે એમ કે આપણે આ સંસ્થામાં એટલું શીખીએ છીએ કે આપણે હજી કાચી વયના છીએ અને અઢાર વર્ષ પછી આપણે જુવાન બનશું અને સંસ્થા છોડીને જશું ત્યારે બધું સમજશું. હવે કુદરત આપણને ચૌદ વરસે જુવાન બનાવી દે છે, એનું કેમ ?

મનોહરઃ—એમ કાંઇ દરેક જણ ચૌદ વરસે થોડો જુવાન બની જાય છે ?

અનુપમઃ—દરેક જણ ન પણ બને. પણ તેથી શું ? એ વળી જુદી રીતે કામ કરે. બાકી તો આપણે સૌ એક કે બીજી રીતે એમાંથી છટકી શકતા નથી એટલું નક્કી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—[બારી તરફ જોતો] ઠી......ક. પણ મને તો એ નરી પશુતા લાગે છે. અનુપમ, તેં કોઇ દિવસ......?

અનુપમઃ—મેં,...શું ?

મનોહરઃ—[તેની પાસે જઈને] તને સ્ત્રી-શરીરનો કાંઇ અનુભવ ખરો ?

અનુપમઃ—હા, પણ બહુ ઓછો.

મનોહરઃ—એટલે ? સ્ત્રીના પ્રેમનો તને અનુભવ છે ખરો ? રીતસરનો અનુભવ, કહું છું.

અનુપમઃ—ના, એવો તો કદી નહિ.

મનોહરઃ—ત્યારે ? તું પ્રેમમાં માનતો નથી ?

અનુપમઃ—એવું મેં ક્યારે કહ્યું ?

મનોહરઃ—વિનોદ તો માનતો નથી. એ આમ વર્તે એ આપણને ન પોસાય.

અનુપમઃ—સાચો પ્રેમ અને સ્ત્રી શરીરનો અનુભવ એ બન્ને વસ્તુ એક નથી, હો.

મનોહરઃ—[બારીમાં બેસતો] મને લાગે છે કે હું હજી બધી બાજી સુધારી શકીશ.

અનુપમઃ—કઇ બાજી વળી ? [મનોહર બોલતો નથી] કહેને ? કાંઇ હરકત છે ? મને તો કહે.

મનોહરઃ—[તેની પાસે જઇને] જવા દે. બધો ગોટાળો છે, પાશવી વૃત્તિનો.

અનુપમઃ—એટલે ? તું કોઇને ચાહે છે, એમને ?

મનોહરઃ—ના, ના, ના, એવું કશું નથી. એટલું જ કે હું બીજા લોકોના કરતાં કંઇક જુદો જ છું.

અનુપમઃ—કાંઈ સમજાયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહર:—મારી વાત સાંભળીને હસીશ તો નહિ ને?

અનુપમ:—બસ. થઈ રહ્યું. આટલી જ મારી કીમત છે કે?

[મનોહર ટેબલ પાસે આવી, તેને એક છેડે બેસી મેવા સાથે રમતો રમતો, અનુપમ સામે જોયા વિના]

મનોહર:— મુંબઈમાં એક વખત, હું પેલો શિવદાસ......ગઈ સાલ અહીં હતો તે...ની સાથે રાતના ફરવા નીકળેલો. મને એ આગ્રહ કરીને લઈ ગયેલો. હું ગયો તો ખરો પણ પછી મોડેથી મને એ સફેદ ગલ્લીમાં લઈ ગયો. કોણ જાણે મને તો એ બધું વિચિત્ર લાગ્યું. પણ શિવદાસને એમાં બહુ રસ પડે. ત્યાં કેટલાય લોકો પશુ જેવા, વિચિત્ર. છટકેલ, ગુન્ડા... અને પછી...પછી તો હું પણ શિવદાસની સાથે ખૂબ રખડ્યો... ઘેર ઘેર, બારણે બારણે, બારીએ બારીએ, સ્ત્રીઓ જ હતી. વેશ્યાઓ, હં! ખરેખર શરીરનો જ વેપાર કરતી સ્ત્રીઓ. અને હું તો એ બધાંની વચ્ચે એવો બેવકૂફ લાગું. કાંઈ બોલું નહિ, ચાલું નહિ. અને શિવદાસ તો વાતો કરે, ઇશારા કરે. મેં પણ વાત કરવા પ્રયત્ન કર્યો હતો.

અનુપમ:—પછી?

મનોહર:—અરે શું. પછી? વાત ન પૂછ. શું કહેવું તે મને આવડે નહિ અને પેલી છોકરી પણ કંટાળાભરેલી મને લાગે. પાઉડર લગાડેલું મોં, કાજળ આંજેલી આંખો, અને કોણ જાણે કેવું તેલ માથામાં નાંખેલું એટલે વાસ પણ ઉગ્ર આવ્યા કરે. એ તો સિગરેટ પીતી જાય અને હસતી જાય. અને હું તો કાંઇ બોલી જ શકું નહિ. મને તો શું વાત કરવી તે સાંભરે નહિ. બીજી એક તો મોટી ઉમ્મરની સ્ત્રી હતી પણ એણે તો દારૂ પીધેલો. એ મને અંદર લઇ જવા ઇચ્છતી હતી. શિવદાસ તો એકની સાથે અંદર જઇ પણ આવ્યો... એ તો, જાણેકે, પડ્યો જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—અને તું ?

મનોહરઃ—હું ? અરે ના, મારે પતિત થવાપણું રહ્યું જ નહિ. હું તો ગભરાઇ ગયો હતો. બ્હી ગયો હતો. પણ અનુપમ, આ હું બોલી રહ્યો છું તે જ બેવકૂફી છે ખરૂં ? આ હું જે રીતે વાત કરી રહ્યો છું એ બેવકૂફી નહિતો બીજું શું ? વિનોદ પણ એમ જ બોલે છે અને નિર્લજ્જ બને છે. અને જ્યારે વાત ઉપર વાત આવે ત્યારે વાતને જ ઊડાવે છે.

અનુપમઃ...હું તારી જગ્યાએ હોઉં તો એ વિષે આટલી બધી ફિકરમાં જ ન પડું.

મનોહરઃ—એક વખત તો અમારે ત્યાં એક છોકરી મહેમાન હતી. ઘણી સુન્દર, કાળા લાંબા વાળ અને ગૌરવદન. અમે બન્ને એકલાં જ હતાંઃ સૌ બહાર ગયેલા. અમે બન્નેએ કેટલીએ વાતો કરી અને મારા મનમાં, એનો સ્પર્શ કરવાના વિચારો અનેક વાર આવ્યા અને ગયા. પણ મને એમ કરતાં આવડ્યું જ નહિ; એ કેમ કરાય એ પણ સમજાયું નહિ. મને થયું કે એમ એકાએક એને પકડી લઇને ચુમી કરી લઉં ? કેવળ બેવકૂફની જેમ હું, બસ, બેસી રહ્યો અને પછી તો સૌ આવ્યાં. પછી તો મેં તક ગુમાવી એમ પણ લાગ્યું. એ પછી મેં એને ફરી કદી જોઇ નથી. હું પણ કેવો બેવકૂફ ! પછી હું કાવ્યો લખવા બેસું અને વિનોદ જેવા એની મશ્કરી કરે એમાં નવાઇ શી ? હું ગધેડો જ નહિ તો બીજું શું ? ખરે-ખર...પણ ના,...હું...હું...એમ કહેવા જતો હતો...

અનુપમઃ—એ તો સમજ્યો, હું.

મનોહરઃ—હું એમ પૂછવા જતો હતો કે હુ બીજા લોકોથી આમ જુદો જ કેમ પડું છું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—ત્યારે શું તારો વિચાર વિનોદની જેવા થવાનો છે ?

મનોહરઃ—વિનોદની જેવા ? શી વાત કરો છો ?

અનુપમઃ—કોણ કહે છે તું બીજા લોકોથી જુદો છે. તારી જેવા સૌને વિચાર આવે. મને પણ આવે છે.

મનોહરઃ—ખરેખર ?

અનુપમઃ—હા, હા, ઘણીવાર, એ તો એની કશી પરવા જ ન કરવી. તને કેટલાં સત્તરવર્ષ થયાં ?

મનોહરઃ—હા, એટલાં જ. અઢારમું બેસશે.

અનુપમઃ—એમ એંશી વરસના ડોસાની જેમ શું બોલે છે ? હજી તો આખી જીંદગી તારે જીવવાની છે. આ ઉમ્મરે તો આપણે સૌ એવી સ્થિતિમાંથી પસાર થવાના. હા, વિનોદ જેવા તો કોઇક જ હોય.

મનોહરઃ—પણ મને તો આ બધી જુવાન રખડતી છોકરીઓ અને જુવાન કામ કરવાવાળીઓ અને એ બધી......એનો તો હું વિચાર જ નથી કરતો પણ એવા વિચારથી હું ગાંડો બનું છું. પણ જ્યારે કોઇ આપણામાંથી–આપણી બરોબરી કરે એવી છોકરી જોઉંછું ત્યારે તો...કહું ? બિભત્સ નહિ લાગે ને ? સમજી ગયો ? એવી કોઇક—જેના ઉપર નજર ઠરે. મને તો એમની સાથે કેમ વર્તવું તે પણ ન સમજાય. અને એ તો થોડીજ સામે આવીને પ્રેમ કરવાની છે ? કોણ જાણે લોકો તે શી રીતે પ્રેમ કરતા હશે ? બધું ખોટું હશે ? કોણ જાણે ! મને તો આટલું પણ નથી સમજાતું. બધું બંધ બેસતું શીરીતે આવે તે પણ નથી સમજાતું...

[બોલે છે અને ફરતો જાય છે અને છેલ્લે વાક્યે બારી પાસે બેસી જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—(તેની પાસે જઈ, ખભે હાથ મૂકી) એકલી નરપશુતા લાગે છે ખરૂં ? હું તને શી મદદ કરૂં ? ધીમે ધીમે બધું ઠીક થઇ જશે. ભૂલો પણ થાય. ચિત્તને ડાઘ લાગે એવી ભૂલો થોડી થાય. બાકી તો બને ત્યાં સુધી સીધે રસ્તે ચાલવું એ જ ઉત્તમ. એ બધા વિચારોમાં આપણું અધઃપતન પણ ન થવા દેવાય તેમ ચિત્તને ડોળાઈ જવા પણ ન દેવાય, એનો પણ માર્ગ છે. (ખુરશી ઉપર જઈને બેસે છે) પ્રેમ એ તો એક કલ્પના. અથવા એ અમુક ભાગ્યશાળીને જ વરે છે. આપ-ણને તો આપણે પુસ્તકોમાં અને નાટકોમાં અને ચિત્રપટોમાં જોયો હોય તેવો પ્રેમ કલ્પનામાં આવે. એ પ્રેમ જ આપણને પોષ્યા કરતો હોય છે. વાર્તા વાંચો ત્યાં પણ બન્ને પરણે અને ખાય પીએને રાજ કરે. જે પુસ્તક વાંચો તેમાં આમ જ હોય, વાંચતી વખતે આપણે પોતે એ બધું અનુભવીએ છીએ એવું લાગેઃ અને જેઓ અનુભવીએ છીએ એમ માનવા લાગે તેઓ છેવટે નિરાશ બને.

મનોહરઃ—ખરૂં જ કહો છો, અનુપમ.

અનુપમઃ—નાનો હતો ત્યારે મને તો ધર્મ વિષે બહુ વિચિત્ર વિચારો આવતા. કોઈવાર તો સાધુ થઇ જાઉં એમ થતું. અને પછી તો ધીમે ધીમે એ બધું ઓસરી ગયું અને આજ તો મને હવે એમાં કશો અર્થ પણ નથી લાગતો. પ્રેમનું પણ કંઇક આવું.

મનોહરઃ—અત્યારની મારી કવિતાનું પણ આવું જ.

અનુપમઃ—કેમ, આ બધું હું કહું છું તેથી હું તને નિરાશ તો નથી કરતો ને ?

મનોહરઃ—ના, નાઃ તમે ઠીક જ કહો છો. ફક્ત એટલું જ કે મને હજી એ બધું માનવાનું મન નથી થતું.

અનુપમઃ—એટલે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29684
26-3-2003
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
684/11

મનોહર:—એમ-કે હું પ્રેમમાં પડું તો પણ હું પ્રેમમાં પડ્યો છું એવું કહી શકવાની મારામાં તાકાત નથી.

અનુપમ:—હશે. હજી કયાં બહુ મોડું થઈ ગયું છે? સૌ કાંઇ એક સરખા હોતા નથી? હું જરા ઓછો રસિક હોઈશ એટલું જ.

મનોહર:—તે ગમે તેમ પણ મને આમ વાત કરવા દીધી એ તારૂં સૌજન્ય! એ માટે તો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો.

અનુપમ:—જવા દે.

મનોહર:—એમ "જવા દે" નહિ. હું ખરૂં જ કહું છું. હું જે જે બકવાદ કરૂં છું તે બધું તું સાંભળી રહે છે એ ઉપકાર.

અનુપમ:—એ તો તું મને એટલો ગમે છે માટે [બહાર અવાજ થાય છે] કોણ? આવો.

મનોહર:—કોણ છે એ? [કંટાળીને બોલતો હોય એમ]

અનુપમ:—આવો. આવો. અંદર. [કોઇ જવાબ દેતું નથી. અનુપમ બારણા સુધી જાય છે અને બારણું ઉઘાડે છે. બારણાની વચ્ચે લતા ઊભી છે] અરે. લતા બહેન, તમે કયાંથી આમ એકાએક? ખબર જ નહિ તમે છો. માફ કરજો, હં, અવિનય.

લતા:—એમાં શું!

અનુપમ:—અંદર તો આવો.

લતા:—આવી,ને. [અંદર આવે છે અને એક ખુરશી પાસે જઈને ઊભી રહે છે—તે નમણી, આશરે વીસ વર્ષની, નાજુક, શરમાળ અને જગત્ પ્રત્યે ઉદાસીન દેખાય છે. તેની વાણી મધુર છે અને તેની મુખમુદ્રા ગૂઢ દેખાય છે]

અનુપમ:—બેસો,ને.

લતા:—હા. કેમ છો? [મનોહરને]

મનોહર:—આનંદ.

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—બોલો શી આજ્ઞા છે ?

લતાઃ—આજ્ઞા ? હું જાણું છું કે મારે અહીં આવવું ન જોઇએ. મારે તમારૂં એક કામ પડયું છે. અને અહીંથી જતાં જતાં મને થયું કે ચાલ ને, ચિઠ્ઠી લખીને કહેવા કરતાં હું જાતે જ જઈ આવું.

અનુપમઃ—ઠીક જ કર્યું. ફરમાવો,

લતાઃ—અમારા બગીચા માટે આવી છું. છોકરાઓ વધુ ચાલવાની આળસે બગીચામાં થઇને આવ જા કરે છેઃ ખાસ કરીને નાના છોકરાઓ. જો કે એમાં મને કશો વાંધો નથી પણ એ લોકો બધો બાગ બગાડી મૂકે છે. અને પેલી બાજુની ગોંદરીનો ધ્રાણ વળી ગયો છે. મને મારાં ફૂલો માટે વધુ આસક્તિ છે અને તમે જો આ બાબતમાં કાંઈ કરી શકો તો. શનિદેવની પાસે ફરિયાદ કરીને હું એમનો ભાર વધારવા માગતી નથી.

અનુપમઃ—એ તો બરાબર.

લતાઃ—વળી આ કાંઇ એવી મહત્વની વાત નથી કે એમના સુધી પહોંચાડુંઃ આટલું તો તમે નેતા તરીકે પતાવી શકો.

અનુપમઃ—હાસ્તો. એનો હું હમણાં જ બંદોબસ્ત કરાવું છું.

લતાઃ—બસ. ઉપકાર.

અનુપમઃ—તમે તો આ અમારા ઓરડામાં પહેલાં કદી નહિ આવ્યાં હો. કેવો લાગે છે ?

લતાઃ—ના આવી છું ને, રજાના દિવસોમાં, જ્યારે બધું ખાલી, નિર્જીવ અને વ્યવસ્થિત પડયું હોય ત્યારે ! [આસપાસ નજર કરીને] હવે તો બધું જીવતું લાગે છે.

મનોહર;—બધું અવ્યવસ્થિત પડયું છે.

લતાઃ—શાળા ચાલતી હોય ત્યારે હું ભાગ્યેજ આ તરફ આવું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને તો બ્હીક લાગે. એ ઘોંઘાટ અને જુવાનોના ઉત્સાહમાં હું ભળી જ ન શકું.

અનુપમઃ—હવે તો તમને ફાવી ગયું હશે.

લતાઃ—હા...ઠીક છે.

મનોહરઃ—તમે તો રમત ગમતના મેળાવડામાં પણ આવતાં નથી!

લતાઃ—નથી આવતી. આવવું જોઈએ એમ સમજું છું. પણ મને શરમ બહુ આવે. શનિદેવ તો મને હમેશાં કહ્યા કરે છે પણ...

મનોહરઃ—અરે હું તો અમસ્તો પૂછું છું. હું થોડો જ તમને દોષ દઉં છું? માત્ર—

લતાઃ—શું?

મનોહરઃ—માત્ર તમારી ખામી જણાય એટલું જ.

લતાઃ—એ તો ઠીક. પણ હવે હું જાઉં: તમને કામમાંથી રોકું છું.

મનોહરઃ—જરાય નહિ. ખરેખર, તમારૂં શી રીતે સ્વાગત કરીએ? મેવો લેશો? (રકાબી ધરે છે)

લતાઃ—એની કંઇ જરૂર? (અંદરથી આહુ લે છે બહાર અવાજ થાય છે. લતા ચમકે છે)

અનુપમઃ—કોણ હશે વળી?

(બારણામાં કપૂર દાખલ થાય છે—ચાનાં વાસણ લઈને, પડી ગયેલ ચહેરે)

તને સાડા પાંચે બોલાવ્યો હતો તે તો હું ભૂલી જ ગયો.

કપૂરઃ—જી......

અનુપમઃ—શું છે?

કપૂરઃ—કીટલી મારા હાથથી ફૂટી ગઈ.

[સર્વત્ર મૌન પ્રસરે છે. લતાની હાજરીથી સંકોચ ઊભો થયો છે. લતા પોતાના ખોળામાં જુએ છે, પછી મનોહર સામે જુએ છે. મનોહરની દૃષ્ટિ મળે છે એટલે લતા સ્મિત કરે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—(કપૂરને) ઠીક છેઃ જા, મૂકી દે બધું કબાટમાં, જા. હું આવું છું, હમણાં. શિક્ષા–ગૃહમાં સૌ આવી ગયા છે કે ?

કપૂરઃ—હા જી.

અનુપમઃ—ચાલ ત્યારે હું આ આવ્યો, ત્યાં મળજે મને.

(કપૂરજાય છે)

લતાઃ—બિચારો સાવ બાળક છે. શી શિક્ષા કરશો એને ? મારશો ?

અનુપમઃ—મારવો પડશે.

લતાઃ—અર્‌ર્‌ર. બીજી શિક્ષા ન થાય ? દંડ કે એવું ?

અનુપમઃ—એ તો મારવાથી જ ઠીક થાય.

લતાઃ—એક પ્રશ્ન પૂછું ? આ શિક્ષા–ગૃહ એટલે શું ?

અનુપમઃ—ત્યાં તોફાની અગર ભૂલ કરનાર છોકરાઓને અમુક વખત બેસાડી રાખી શિક્ષા કરવાની. મારે હવે ત્યાં જવું જ જોઈએ. છોકરાઓ આવી ગયા હશે.

લતાઃ—એમને કેવી કેવી શિક્ષા કરો ?

અનુપમઃ—જેવો ગુન્હો. સામાન્ય રીતે કવિતા મોંએ કરવાનું કહીએ.

લતાઃ—તમે પણ ભારે શિક્ષા કરો.

અનુપમઃ—ઘણાખરાને તો આવી હલકી શિક્ષા જ થાય.

લતાઃ—મને એમ હતું કે તમે એમને લખવાનું કામ સોંપતા હશો.

અનુપમ;—હા, પણ શનિદેવની એમ કરવાની મનાઈ છે. તેઓ કહે છે કે એમ કરવાથી છોકરાઓ અક્ષર બગાડી નાખે છે. કવિતાની શિક્ષા એમણે શોધી કાઢી છે, પહેલેથી જ એ પ્રથા ચાલતી આવી છે. હું જાઉં હવે ? મોડું થશે.

લતાઃ—જશો ? રવિવારે ચા પીવા તો તમે સૌ આવશો ને ?

અનુપમઃ—જરૂર. જરૂર. એ તે કોને ન ગમે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—ખરેખર ? ગમે ? કે ન ગમે ?

અનુપમઃ—કેમ ન ગમે ?

લતાઃ—જવા દો મોડું થશે તમને. કાંઈ નહિ એ તો. [અનુપમ જાય છે] જો લખવાનું કામ આપવાથી હસ્તાક્ષર બગડે તો કવિતા મોંએ કરાવવાથી કવિતા માટેનો પ્રેમ નાશ ન પામે ?

મનોહરઃ—કેટલાએકને તો પ્રેમ હોતો જ નથી કે નાશ પામે.

લતાઃ—ખરૂં છે. તમારા કાવ્યના પ્રેમનો વિકાસ તો એથી નાશ નથી પામતો ને ?

મનોહરઃ—કેમ ન પામે ? કેટલાંએક કાવ્યો ગમે તેટલાં સુન્દર હશે પણ અમારે નાનપણમાં પરાણે શિક્ષા તરીકે ગોખવાં પડેલાં માટે મને એમાં હજી પણ રસ ઉત્પન્ન થતો નથી. મને તો એ વાંચુ કે જૂની શિક્ષાનું સ્મરણ થઇ આવે.

લતાઃ—અને હવે તમે નેતા થયા એટલે પાછા તમે જ એવી જ શિક્ષા શરૂ કરો, કેમ ?

મનોહરઃ—શું કરીએ ?

લતાઃ—તો'ય કાવ્ય માટેનો તમારો પ્રેમ તો એવો ને એવો જ રહ્યો છે.

મનોહરઃ—તમે એ શી રીતે જાણ્યું ?

લતાઃ—શાળાનાં દૈનિક ઉપરથી. તમારૂં કાવ્ય મેં એમાં વાંચેલું: મને એ ગમ્યું. હું તમને એ કહેવાની જ હતી.

મનોહરઃ—ખરેખર ? મને એ જાણીને બહુ આનંદ થયો. બીજા કોઇને તો એ ગમ્યું હોય એમ ન લાગ્યું. તંત્રીએ તે પાનાં ભરવા માટે લીધું હશે. એમ પાનાં ભરવાં હોય ત્યારે કવિતા બહુ કામ લાગે છે. એક વખત તો તંત્રીએ મને, જગ્યાના અભાવે કવિતા કાપીને ટૂંકી કરવા કહેલું.

લતાઃ—તમે ખૂબ-ખૂબ લખતા લાગો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—ઠીક–ઠીક—કવચિત, કવચિત.

લતાઃ—કોઈક દિવસ તમારાં બીજાં કાવ્યો વાંચવા તો આપજો.

મનોહરઃ—શા માટે નહિ? જો તમને એમાં રસ પડે તો. જો કે હશે તો કચરો.

લતાઃ—શા માટે એમ બોલો છો! બોલો છો એવું માનતા હો તો જુદી વાત પણ એવું તમે માની શકો જ નહિ; નહિ તો તમે લખી શકો નહિ. શું ખરેખર તમને એ ખરાબ લાગે છે!

મનોહરઃ—મને લાગે છે કે એ ખરાબ તો નહિ હોય.

લતાઃ—ત્યારે મને જોવા તો આપો.

મનોહરઃ—ખુશીથી—પરન્તુ......

લતાઃ—કેમ? શનિદેવને હું નહિ વંચાવું, જો તમને એ વિષે ભય હોય તોઃ વચન આપું? ખરૂં કહું છું મને એ વાંચવાની મરજી છે.

મનોહરઃ—તો તો બધાં કાવ્યો અહીં જ છે, તમારે અત્યારે લઈ જવાં હોય તો.

[મનોહર કબાટ પાસે જાય છે અને ચાવી લગાડી એક ચામડાની પેટી ઊઘાડે છે.]

લતાઃ—હા, હા. લાવોને. ઓહો, તમે તો બહુ સાચવીને તાળા કુંચીમાં રાખો છો ને શું?

મનોહરઃ—શું કરૂં?

લતાઃ—હા, કેમ નહિ. એ તો તમારો ખજાનો છે. રખે કોઈ જોઈ જાય. ખરૂં?

મનોહર;—દરેક જણ એ બધાં કાવ્યો વાંચે તે મને નથી ગમતું.

લતાઃ—કેમ? બીજા મશ્કરી કરે? અથવા એમ કહું કે કવિતા લખવા માટે તમને વીખી નાંખે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા, કંઇક અંશે એમ પણ ખરૂં. પણ મને એની પરવા નથી. લ્યો. [કાગળો સોંપે છે અને પેટી પાછી કબાટમાં મૂકે છે]

લતાઃ—ઉપકાર. હું બધાં સાચવીને રાખીશ. તમે અને અનુપમ સાથે જ રહો છો ખરૂં ?

મનોહરઃ—હા.

લતાઃ—બન્ને નિકટના મિત્રો કે ?

મનોહરઃ—હા, હું માનું છું. બહુ મજેનો માણસ છે. અને હું એને ખૂબ ચાહું છું.

લતાઃ—તમને એકલા રહેવાનું ન ગમે ? આ એક જ ઓરડો અને સાથે જ સૂવા બેસવાનું એટલે કંટાળો ન આવે ? ગમે તેટલા ચાહતા હોઇએ પણ કોઈ વખત નાસી છૂટવું ન ગમે ? મને તો બહુ ગમે.

મનોહરઃ—એમ તો હું કોઈકોઈ વખત નાસી છૂટું છું.

લતાઃ—પણ તમને આ છોકરાઓ તો ગમતા હશે ? કે નથી ગમતા ?

મનોહરઃ—ગમે. બહુ ગમે. પહેલાં ન ગમતા.

લતાઃ—તમારી મશ્કરી થતી ?

મનોહર;—હા. થોડી ઘણી. કેટલાએક શિક્ષકોતો ટીકા પણ કરતા. અને હું નરમ પ્રકૃતિનો રહ્યો એટલે એ લોકો મને ત્રાસ આપતા.

લતાઃ—કોણ કોણ એવું કરતા ? અથવા રહેવા દો હું એ ન પૂછું. બિચારા નવા સવા છોકરાઓ માટે મને બહુ લાગણી થાય. એમની માતા બનવાની મારી ફરજ નહિ ? મારે એમના પ્રત્યે માયાળુ પણ બનવું જોઇએ.

મનોહરઃ—હા, એવી તો એમની પણ ઇચ્છા હોય ખરી.

(લતા કંઇક વ્યાકુળ થતી દેખાય છે. એટલે ઊભી થઇને ઓરડામાં ટાંગેલાં ચિત્રો જોતી ઊભી રહે છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—આમાં તમે છો કે ?

મનોહરઃ—હા. આમાં, ગઇ સાલની આ છબિ છે.

લતાઃ—આમાં તો તમે સાવ નાના લાગો છો. કેમ શરમાઓ છો ? તમે ગઈ સાલ નાના જ હતા.

મનોહરઃ—હોઈશ લગભગ ૧૬ વર્ષનો.

લતાઃ—એને ય જાણે ભવ વીતી ગયા હોય એમ લાગે છે, ખરૂં ? હવે તો જાણે સાવ બદલાઇ ગયા છોઃ ભયંકર પરિવર્તન ! હવે તો મોટા થઇ ગયા ! એક જ વર્ષમાં !

મનોહરઃ—હું તો હજી ય જાણે બાળક છું.

લતાઃ—આ તમારી પાસે કોણ ? ચ્હેરો જાણીતો છે.

મનોહરઃ—આ એ શિવદાસ છે. ગઈ સાલ એ છૂટો થઇ ગયો.

લતાઃ—હા, હા. ઓળખ્યો. બહુ ભયંકર છોકરો—ઘણો જ ભયંકર. (મનોહર ચમકે છે) કેમ ચમકયા ? તમારો મિત્ર હતો ?

મનોહરઃ—મિત્ર ? ના રે ના. મને એ ગમતો જ નહિ; કહો.

લતાઃ—તમે રમતો રમો છો ખરૂં ? અને દોડવામાં પણ રસ છે.

મનોહરાઃ—સાધારણ.

લતાઃ—ગઇ સાલની રમતો મને બરાબર યાદ છે. શાળાના એ 'એક' સંમેલનમાં મેં હાજરી આપેલી. મને તો તે વખતે ઘણી જ શરમ આવે પણ મને રસ ઘણો પડ્યો.

મનોહરઃ—તમને શરમ આવે ?

લતાઃ—કેમ મને શરમ ન આવે. હું તો ઘણી શરમાળ પ્રકૃતિની છું.

મનોહરઃ—એમ તો હું પણ શરમાળ કહેવાઉં.

લતાઃ— હું કયાં નથી જાણુતી ? [એક પુસ્તક ઉપાડે છે. ટેબલ પરથી] આ શું ? 'કલાપી' ? તમારૂં છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા.

લતાઃ—તમને કલાપી ગમે છે ?

મનોહરઃ—અત્યંત.

લતાઃ— [ચોપડી ઉઘાડીને, જરા તાણીને વાંચે છે]

" શાન્ત છે બન્ધ છે આંખો, કાંઇ દર્દ કમી દિસે;
" તોય છે તૃપ્ત ને ઢીલાં: કોમલાંગો હજુ જરે.
" ખુલ્લા રહ્યા છે મૃદુ ઓષ્ટ નાના
" નિદ્રા મહીં છે સુકુમાર બાલા
" ન અંગ એકે જરીએ હલાવે
ઉઠે ન ઉઠે, ફરી, કોણ જાણે ?
ઘગેલા એ બિછાનાની પાસે કોઇ યુવાન છે.
" રખે તે જાગતી, તેવી ભીતિ તે મુખ ઉપરે. "

[કલાપી—અસ્વસ્થ ગૃહિણી]

મનોહરઃ—વાહ, કેટલું સુન્દર વાંચો છો !

લતાઃ—સુન્દર છે, ખરૂં ? [ચોપડી મૂકી દે છે.] પણ કલાપી કરતાં બીજા ઘણા સુન્દર કવિઓ છે. તમે " કાન્તનું " " માનસ સર " વાંચ્યું છે ?

મનોહરઃ—હા. [ગાય છે]

અંતર ઉછળ્યું હો —સહસા ધૈર્ય ગળ્યું હો —
ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે
માનસ સર મારૂં ડોળાયું, ખૂબ ચલિત જલ હાલે;
સ્થાનક ન મળ્યું હો.......સહસા ધૈર્ય ગળ્યું હો.

લતાઃ—[મનોહરની સાથે ગાતી ગાતી]

હાય વધે જલ, અલ્પ દિસે સ્થલ, દેવી રે શું થાશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાજુક પાળ પ્રચંડ ભરાવો, હા, શી રીત સમાશે?
જલબલ ન ચળ્યું હો—સહસા.

આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાન ખરૂં જામે,
નાનું સર દેખાવ ભયાનક: સાથી સદ્ય વિરામે!
પાછું ન વળ્યું હો—સહસા.

રંગ ગયો બદલાઇ ખરેખર! નિર્મળતા, પણ ઉડી:
જલસેના ઉભરાવા માંડી, પાળો પણ ગઇ બૂડી,
સ્થળ સાથ ભળ્યું હો,—સહસા.

ઉપર થઇ ઢોળાય બધેથી, મસ્ત ધોધવા દોડે,
જંગ બરાબર થાતાં નિર્બળ, પરિસીમાને તોડે,
આખર ન કળ્યું હો—સહસા.

મનોહર:—અદ્ભુત છે.

લતા:—સરસ.

(બારણું ઉઘડે છે અને શનિદેવ આવે છે. લાંબો, ઊંચો, શુષ્ક, આશરે ૪૫ વર્ષનો દેખાય છે)

શનિદેવ:—તમે કયાંથી અહીં? અનુપમ છે કે?

લતા:—હું પણ અનુપમ પાસે આવી હતી; મારે એમનું જરા કામ હતું. હમણાં જ ગયા; પાંચેક મિનિટ પહેલાં.

મનોહર:—જી, એ શિક્ષા-ગૃહમાં ગયા.

શનિદેવ:—હા, એને ત્યાં ઠીક ફાવતું હશે. કહે જો ને, કે, પ્રાર્થના પછી મને જરા મળી જાય.

મનોહર:—કહીશ.

શનિદેવ:—તમારાં પગલાં શાળામાં થાય એ જ નવાઇ!

લતા:—નવાઇ તો ખરી જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવઃ—તમારૂં સ્વાગત કરવા જેટલો વિવેક મનોહરને આવડયો હશે.

લતાઃ—એટલું કેમ ન આવડે ?

શનિદેવઃ—મનોહર તો અમારો કવિરાજ છે. બીજા કવિરાજો કરતાં એ જરા વધારે પડતું લખે છે. કેમકે એ તરંગી છે. વતનનાં કુદરતી, મીઠાં અને સ્વચ્છંદી...એવું એવું. જાણે બાલ કાન્ત! મનોહર ?

મનોહરઃ—હું બાલ-કાન્ત ?

શનિદેવઃ—જગત્ સામે આટલા ઊર્મિભાવો ઊડાડી રહ્યો છે અને લજ્જા શી ? બાલ-કાન્ત છે એમાં શંકા શી છે ? એટલી બધી ગંભીરતાને જીવનમાં સ્થાન આપવું ઘટે ? ચમકતી, ફરતી આંખો અને વાળનાં ઝુલ્ફાં રાખ્યાં કે ચાલ્યું, કેમ ?

લતાઃ—આપણે જઈશું ? ધાર્યા કરતાં બહુ મોડું થઈ ગયું.

શનિદેવઃ—[લતાને] તમે દૈનિકમાં આમતો ઊર્મિપ્રવાહ જોયો તો હશે જ. શું નામ હતું, એ કાવ્યનું ? ભૂલી ગયો.

લતાઃ—મને યાદ છે; "ભાવના". મને એ ગમ્યું હતું.

શનિદેવઃ—ભાવના ? હા, હા, બરાબર, મેં ન કહ્યું કે આ તો તરંગી છે ! મૃગનયના કુમારી અને રસભર્યો ચંદ્રમા હૃદયને હલાવી મૂકે એવું એવું કંઈક. ખરૂં કે, મનોહર ? સામાન્ય રીતે એ કાવ્ય પંકાયું હતુંઃ જો કે કવિઓ એમ સહસા પંકાતા નથી. એમને ભાગ્યે તો માનભંગ જ રહેલો હોય છે. કવિઓને તો જીવતાં હમેશાં માનભંગ અને કવિ હૃદયને કોઈ સમજે નહિ! મૃત્યુ પછી શું થાય તે જોવાનું; શિક્ષા પામેલા છોકરાઓને તારાં કાવ્યોનો મુખ પાઠ કરવો પડે તો ના કહેવાય નહિ. પણ એ કાંઈ દિલાસો લેવાની વાત નથી. કેમ તું પણ કવિઓની જેમ નાની ઉમ્મરે મૃત્યુ પામવાનો ઉમંગ રાખે છે કે ? [ચોપડી ઉપાડે છે] આ શું ? કલાપી છે ! તને કલાપી ગમે છે કેમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા, જી.

શાંનિદેવઃ—જુવાનીને વરેલો—એવો બધો ગંદવાડ એમાં ભર્યો છે. બુદ્ધિનો એ વ્યાધિ છે. કાળે કરીને એ બધું ઓસરી જશે.

લતાઃ—હું જાઉં ત્યારે ?

શાંનિદેવઃ—હું પણ આવું છું ને ? જરા ગણિત શીખવવામાં વિશેષ કાળજી રાખતો જઇશ તો તેમાં આથી વધુ લાભ છે, મનોહર. કાંઈ કલાપીના કાવ્યોની મધુરતા કે ખુમારી એમાં નહિ દેખાય છતાં ચોક્કસ માનજે કે ગણિત એવાં કાવ્યો કરતાં વધારે શુદ્ધ છે અને નિરોગી છે. અનુપમને કહી દેજે કે મને મળે.

લતાઃ—[મનોહરનાં કાવ્યો ખુરશીપરથી ઉપાડે છે] અરે આતો હું ભૂલીજ ગઈ.

શાંનિદેવઃ—એ શું લીધું ?

લતાઃ—શિવગૌરી બહેન પાસેથી પાકશાસ્ત્ર લઈ આવી છું. આવજો. [શાંનિદેવ સાથે જાય છે. મનોહર ત્યાંને ત્યાંજ વિચાર કરતો ઊભો રહે છે. કલાપી ઊપાડે છે અને સહજ છેલ્લું પાનું ઊઘડે છે. વાંચે છેઃ]

મનોહરઃ—

“ રોઉં ન કાં એ રાહમાં, બાકી રહીને એકલો;
“ આશકોના રાહની, જે રાહદારી આપની.

“ જૂનું નવું જાણું અને, રોઉં હસું તે તે બધું;
“ જૂની નવી ના કાંઈ તાજી, એક યાદી આપની.

“ ભૂલી જવાની છો બધી, લાખો કિતાબો સામટી;
“ જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની.

“ કિસ્મત કરાવે ભૂલ તે, ભૂલો કરી નાંખું બધીઃ
“ છે આખરે તો એકલી, ને એજ યાદી આપની.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ચોપડી બંધ કરે છે. આળસ મરડે છે અને પછી ઇતિહાસ ઉઘાડે છે. મન ઊડતું હોય છે એટલે જોરથી ઇતિહાસ બંધ કરે છે અને નીચે પછાડે છે.]

જહાન્નમમાં જાય આ અકબર અને ટોડરમલ્લ.

[વિનોદ છેલ્લાં એકાદ નાટકમાં સાંભળેલું ગાયન ગાતો ગાતો આવે છે]

વિનોદઃ—કેમ, મનોહર એકલો ? લતાબાઇ આવ્યાં હતાં ? કમનસીબ કે હું અહીં નહિ.

મનોહરઃ—જરૂર.

વિનોદઃ—ઘણું ખોટું થયું. અહીં તો જોઇને ધરાઇ જઇએ એટલી સ્ત્રીઓનાં દર્શન પણ દુર્લભ છે. શું કામ આવ્યાં હતાં, એ ?

મનોહરઃ—કાંઇ ખાસ અગત્યનું કામ ન હતું. એનો બગીચો છોકરાઓ બગાડી ન નાંખે એમ અનુપમને કહેવા આવ્યાં હતાં.

વિનોદઃ—એમ કે ! એ અહીં આવે એ જ નવાઇ. ભારે નાજુકડી નાર છે હં. કંઇક માથાની ફરેલ પણ ખરી. એવી જાતની કોમળ સ્ત્રીઓ હમેશાં ગરમ હોય છે. શનિદેવ નસીબદાર છે. એને બધું બરાબર આવડે છે એટલું જ નહિ પણ જીવતાંય આવડે છે. લગ્નની ફતેહની ખરી ચાવી જ એ છે તો. જીવતાં આવડવું જોઇએ. લતાને પણ એટલું તો આવડે છે. હું છોકરી હોઉં તો શનિદેવના હાથમાં કચરાઇ જવું સહી શકું કે કેમ તે શંકા છે. કેમ, આમ અનુપમ પાછળ દોડતી ફરે છે એટલે એની પાછળ ઘેલી તો નથી બની ગઇ લાગતીને ? એમ તો અનુપમ રૂપાળો છે અને એકાદ ઉપ-પ્રેમી તો એને જોઇએ જ ને ? એ લોકોને એકલાં મૂકીને અહીંથી ચાલ્યાં જવાનું ડહાપણ તને આવ્યું હતું કે નહિ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[મનોહર એકાએક ઊભો થાય છે અને પોતાની પાછળ જોરથી બારણું બંધ કરી ચાલ્યો જાય છે]

કેમ, કેમ, મનોહર ? શું થયું વળી ? વાહ આ તે........

પડદો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક બીજો.

દૃશ્ય.

લતાનો બેસવાનો ઓરડો.

સમય.

વીસેક દિવસ પછી. બપોરના ચાર. એક સુન્દર ઓરડો. એક બાજુ હિંડોળો કે એકાદ એવી સારી બેઠક. પાસે એકાદ ખુરશી. બીજી બાજુ એક ગાદી તકિયો અને પાસે લખવાનું મેજ. આખો ઓરડો સાદો છતાં સ્વચ્છ અને સુઘડ દેખાય છે.

પડદો ઉપડે છે ત્યારે શનિદેવ મેજ પાસે છોકરાઓના સ્વાધ્યાય તપાસતા બેઠા છે. લતા હિંડોળાની એક બાજુ ગોઠવાઇને બેઠેલી છે.

શનિદેવઃ—(વાંચતાં વાંચતાં) અરે, અરે. મૂરખો ! મેં ધાર્યું જ હતું કે આ નહિ આવડે. થયું. ન આવડયું તે ન જ આવડયું.

લતાઃ—કેમ બહુ ખરાબ છે કે બધા સ્વાધ્યાય ?

શનિદેવઃ—હમેશ કરતાં પણ ખરાબ મને તો લાગે છે. એકેમાં બુદ્ધિનો ચમકાર તો દેખાતો જ નથી. સામાન્ય જ્ઞાનનું પણ દર્શન નહિ. નેવું ટકા આવું જ બને છે. બસ, પોપટની જેમ સૌ પઢયે રાખે છે. સમજવાની દરકાર પણ કરતા નથી. જરા પ્રશ્નનું સ્વરૂપ ફેરવીને પૂછયું એટલે ન જ આવડયું અને સપડાયો જ સમજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—મને તો લાગે છે કે આ બધા પુરુષો શિક્ષકો થાય છે તે છોકરાઓને પરીક્ષામાં આમ સપડાવવાનો આનંદ લેવા માટે જ.

શનિદેવઃ—શિક્ષક બનીને એમ કાંઈ આનંદ ભોગવી લેવાતો નથી. વળી એ આનંદ અત્યંત ક્ષણિક હોય છે એમ હું કહી શકું. અરે પણ આજ તો તમારો જન્મદિવસ છે કાં ?

લતાઃ—છે તો ખરો.

શનિદેવઃ—મારાં અભિનંદન.

લતાઃ—પહોંચ્યાં.

શનિદેવઃ—મારી અનેક શુભેચ્છા. [ઊભો થઈ ચૂમે છે. પણ ભાવ વિના.] મને આનું વિસ્મરણ થયું એથી માઠું તો નથી લાગ્યું ને.

લતાઃ—ના. ના. મને જ આજનું વિસ્મરણ થાય તો કેવું સારું એ હું વિચારી રહી છું.

શનિદેવઃ—એમ કેમ બોલો છો ? કંઈ એવું બન્યું તો નથી ને ?

લતાઃ—ખરૂં પૂછાવો તો એવું બની ગયું છે કે જે હવે અસાધ્ય છે. [પાન ખાય છે.]

શનિદેવઃ—આજ કાલ હમણાં પાન ખાવાનું પહેલાં કરતાં બહુ વધી ગયું છે કેમ ?

લતાઃ—હા, કંઈક કરવું તો જોઈએ જ ને.

શનિદેવઃ—પણ, આ અતિશયતા સારી નહિ.

લતાઃ—મને એ છાજે નહિ એમ કહેવા માગો છો !

શનિદેવઃ—જુઓ એમ છેડાઈ ન પડો. મને એ વ્યસન તરીકે ગમતું નથી. અને બહાર ખોટો દાખલો બેસે.

લતાઃ—બહાર તો હું પાન ખાતી જ નથી. અને જ્યાં બેસવા જાઉં છું ત્યાં ના પાડું છું. શા માટે ? મને ગમતું નથી તેથી નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજ્યા ! માત્ર તમારી ખાતર. અને એ સૌ તો મને તમારી જેવા આચાર્યના પત્નીપદ માટે ઘણી નાની ગણે છે અને હું અતી આછી થઇને ફરૂં એની વાતો ન કરે તેની ચિંતા રાખીને હું બહાર પાન ખાતી નથી. જુઓને, આજ તો વાળ ઓળતાં મેં એક સફેદ વાળ પણ મારા માથામાં જોયો.

અનિદેવ:—આજકાલ કંઈ વાતાવરણ જ ડોળાયેલું દેખું છું.

લતા:—અને મારા પાન ખાવાથી એ વાતાવરણ વિશેષ ડહોળાતું હશે એમને ? વાતાવરણ ડોળાઇ ગયું ! કહોને કે તમારા ગણિતમાંથી રસ ઊડી ગયો.

અનિદેવ:—તમારી પાસે કાંઇ વાત કરી એટલે થયું. કોઇ વખત તો ગંભીર થાઓ.

લતા:—ઓહો. એમાં શું ? લ્યોને ગંભીર થઈ. પણ કહો, શું થયું છે તમને ? શરીર તો સારું છે ને ? કાંઈ ભારે ચિંતામાં પડયા છો. છે શું ?

અનિદેવ:—પેલા રમણની વાત તો સાંભળી હશે.

લતા:—તમે કાઢી મૂકયો તે કે ? કનુભાઇને ત્યાં હું બેસવા ગઈ હતી ત્યારે, સ્ત્રીઓ જેમ અંદર અંદર વધારી વધારીને વાતો કરે છે તેમ અમે બૈરાંઓ એ વિષે વાતો કરતાં હતાં. તમે તો મને એમાંનું કશું કહ્યું જ ન હતું.

અનિદેવ:—એ એવી વાત નહિ કે જેની ચર્ચા તમારી સાથે કરવાની જરૂર મને રહે. અને મેં ધાર્યું હતું કે સ્ત્રી મંડળમાંથી તમને એ જાણવા મળશે જ.

લતા:—હા, પણ તેનું શું થયું ?

અનિદેવ:—એનું પરિણામ ઘણું ખરાબ આવ્યું. આખી શાળામાં એ ચેપ ફેલાયો છે. આખા સ્થળમાં બેચેની ઊભરાઇ ગઈ છે. છેલ્લાં પચ્ચીસ વર્ષમાં આવો ખળભળાટ મેં કદી નથી જોયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતા:—હું સમજી નહિ, કે એવું તે શું બની ગયું છે?

શનિદેવ:—એ કહી શકાય એવી વાત નથી. કોઇ ચોક્કસ વાત ઉપર હું આંગળી ચીંધી શકતો નથી પણ સામાન્ય હવા એવી બની ગઈ છે. જાતીય પ્રશ્ન એ જ ટૂંકમાં આનો અર્થ છે. એક જાતની મલિન વિચારણા અને પરિણામે આ રમણનો પ્રસંગ. છે તો અતિ સામાન્ય પણ એ એક કિસ્સો બની ગયો.

લતા:—તમે નકામા અતિશયોકિત કરો છો. એમાં પાછી તમારી કલ્પના ભળે!

શનિદેવ:—હું ઇચ્છું છું કે તે કલ્પના હોય. તમને એ નહિ સમજાય. કેમકે અહીં જ્યારે તમારી પાસે તેઓ આવે છે ત્યારે તો તેઓ ડાહ્યાડમરા બનીને આવે છે પણ અંતરમાં તોફાન હોય છે અને એ આ રમણની વાત પછી વધતું જ જાય છે. નેતાઓને મેં કહી જોયું. પણ નિરર્થક. એ લોકો કંઇ કરી શકતા નથી અને સહકાર આપી શકતા નથી. હું તો એમ પણ કહું છું કે આ બધી ધમાલ માટે એ લોકો જ એકલા જવાબદાર છે. મને તો આ નેતાઓની પદ્ધતિ જ પસંદ નથી. એમની રીતભાત, મને હમણાં હમણાં અભિમાની લાગવા માંડી છે. એ દરેકની રીત. ખાસ કરીને તો મનોહરની. એ છોકરામાં કંઈક મિજાજ અને કંઇક વિચિત્રતા હું દેખું છું. કંઇક ગર્વ પણ ખરો. કેમકે એ કવિતા લખે છે. પોતે જાણે સૌથી સારો અને કવિતા લખે છે માટે મોટો એ એક રોગી મનોદશાનું ચિહ્ન છે. ટૂંકમાં એ પણ એક જાતિય પ્રશ્ન છે. સર્વ પંચાતનું મૂળ એ છે. શાળાને અત્યારે હું બહુ ખરાબ સમયમાંથી પસાર થતી જોઉં છું. એક પછી એક મોજાં ઉછળતાં આવે છે. એ બધાને મોખરે જો ખરાબ માણસો હશે તો સર્વનાશ થયો સમજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતા:—એમ શું કહો છો! મને આ છોકરાઓની વાતમાં બહુ સમજ તો ન પડે, પણ શું આ બધું સંભવિત છે? હશે કોઇ એકાદ બે અપવાદ, જે કાંતો વિકૃત અને કાંતો અધમ હશે.

શનિદેવ:—ના ના. એથી પણ વિશેષ. તમને સાચો ખ્યાલ નથી. તમે તો એકાદ સુંદર નિર્દોષ દેખાતો બાલક જેવો છોકરો જોઇને એમજ કહો કે એ તો સરલ અને ભલો છે. મારા જેટલો તમને અનુભવ તો કયાંથી હોય? નહિ તો તમને એમના મનની કલુષિતતા તરત સમજાઇ જાય.

લતા:—તો પછી, તમારી આખી પદ્ધતિનો દોષ છે. મારે તો ભાઇ નથી, પણ હું અહીં આવું છું ત્યારથી જોતી ફરૂં છું કે જ્યારે આ છોકરાઓ અત્યંત કોમળ જિજ્ઞાસુ ને લાગણીપ્રધાન હોય છે ત્યારે તેમને સ્વજનો અને સ્ત્રીઓથી દૂર કરીને અહીં લાવી રાખવા એ જ એક ભયંકર પાપ છે. અત્યારે એમના ઉપર જેવી છાપ પાડવી હોય તેવી છાપ પાડી શકાય. અને એમને પણ અત્યારે સહાનુભૂતિની અને સાચી સમજણની પૂરી જરૂર છે. આ શું ઘર સિવાય તમારાથી કે એમનાથી અન્યોન્ય કદી મળી શકવાનું છે?

શનિદેવ:—તમારી એ દલીલ બરાબર છે. યુવાનો ઘર છોડીને બહાર નીકળે એટલે કવિતા લખે એવી વાત નવલકથામાં વધારે શોભે. અહીં તો આ શાળા એક જાહેર સંસ્થા છે. એને અંતઃપુર બનાવી દેવાય નહિ.

લતા:—ત્યારે તમને શો ઉપાય સૂઝે છે?

શનિદેવ:—મનોનિગ્રહ અને શુદ્ધિ લાવે એવી રમતો, અને સંસ્થા માટે પ્રાણાર્પણની પણ તત્પરતા. અહીં તો નથી સંસ્થા માટેનો પ્રેમ કે નથી શુદ્ધભાવના.

લતા:—ચાલોને ત્યારે, અહીંથી કયાંઇ જતા રહીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનિદેવઃ—નાસી જઈએ? ક્યાં?

લતાઃ—કોણ જાણે. મારું માથું ફરી ગયું છે. આ બધું જાણે મને દબાવી દે છે. આ તમારા શિક્ષકો, તેમની સ્ત્રીઓ. તેમના સ્વાર્થ, તેમની સંકુચિતતા અને સાચી સમજણ સામે જ જાણે તેમનું બંડ. જ્યારે આ છોકરાઓ સ્ફટિકની જેવા શુદ્ધ અને પારદર્શક છે. તેમને તમારે બેડોળ અને મરડી મચરડીને કોણ જાણે કેવા બનાવવા છે! નથી તમને એમને માટે કશો ભાવ થતો. તમારે તો એમનાં માન જોઈએ. તમારા ચોક્કસ ધોરણ પ્રમાણે તેમણે ચાલવું જોઈએ અને બધા વિધિ બરાબર સાચવવા જોઈએ. તમારે મન એ વિકાસ પામતા યુવાનો નથી. જીવન કેવું થવાનું છે એની તરફ આતુર દૃષ્ટિએ જોતા કંઈક ઉશ્કેરાએલા, કંઈક કઠોર, કંઈક ભૂલ કરતા, એવા એ યુવાનો તમારા આશ્રય નીચે આવીને પડયા છે અને એવા એવા તો ય તેઓ અંદર અંદર પોતાની મેળે પ્રમાણિક, સુઘડ અને સુખી હોય છે એની કોણ ના કહેશે?

જ્ઞાનિદેવઃ—ઓહો! આ વળી નવાઈ જેવું. કોઈ નહિ ને તમે આમ બોલી શકો છો. કદી શાળાના કોઈ સંમેલનમાં આવતાં નથી. કોઈની સાથે વાતો કરતાં સંકોચાઓ છો અને જ્યારે નેતાઓને ચા પીવા બોલાવો છો ત્યારે તો મોં બંધ કરીને બેસો છો અને આજ જાણે બધું સમજી ગયાં! તમે શું સમજો, કહો જોઈએ!

લતાઃ—નારે, હું તો શું સમજું? હું તો આમ તરંગો ચલાવું છું એટલું જ.

જ્ઞાનિદેવઃ—એમ જ કહું છું તો. બસ તરંગો ઘડવા, મોટા મોટા વિચારો કરવા અને પ્રશ્નોનો નિકાલ લાવવાનું સામર્થ્ય નહિ. તમે અહીંથી નાસી છૂટવાનું કહ્યું પણ તમે જાણો છો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું ચાલે તો આજે નાસી છૂટું. મેં એ સંબંધમાં પ્રયત્ન પણ કરી જોયો છે. પણ મારું કંઈ ચાલ્યું નથી એ જાણો છો?

ક્ષતા:—જાણું છું. અને કંઇ નહિ તો બીજે વળી કયું સુખ મળવાનું છે? બધે એના એ પ્રશ્નો સામે આવીને ઊભા રહેવાના છે. સાચું કહું. હું હવે તમારી સ્ત્રી થવાને લાયક જ નથી રહી અને એક પ્રશ્ન પૂછું? પેલા યુવાન કાન્તિનું છોકરાઓ સાથે શા માટે બરાબર ચાલે છે તે જરા સમજાવશો? એ તો છોકરાઓનો દોસ્ત બની ગયો છે ને છૂટથી છોકરાઓ સાથે રમતમાં ભળી જાય છે. એ તમને તમારા આ પ્રશ્નનો ઉત્તર નહિ આપે?

અનિદેવ:—એ કાંતિને આપણી વાતમાં ન લાવો. એની રીતભાત મને જરા પણ ગમતી નથી. છોકરાઓ સાથે એ વધારે પડતી છૂટ લે છે અને નિખાલસ બને છે. એથી માનનો સદંતર નાશ થાય છે.

ક્ષતા:—હું તો માનું છું કે તે બધાને બહુ પ્રિય થઈ પડયો છે.

અનિદેવ:—પ્રિય? વાહ! જરા છૂટથી હળે ભળે તો સૌ પ્રિય થાય. કેળવણી એ તો એક શાસ્ત્ર છે અને એની સાથે આજકાલ જે રમત થઇ રહી છે એ જ મને તો મૂર્ખાઇનું પ્રદર્શન લાગે છે.

ક્ષતા:—એમ!

અનિદેવ:—એમાં અનુભવની અને સખ્તાઈની જરૂર છે. આજે છૂટનો પવન વાઇ રહ્યો છે. અને તે તો ગમે તે ભોગે મૂળમાંથી સાફ કરવો જોઇએ. અરે! રમતમાં જવાનો મારે વખત થઇ ગયો. તમને આવવાનું તો મારે કહેવાય જ નહિ ને?

ક્ષતા:—રહેવા જ દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવઃ—પણ આવવું જોઇએ હો. તમારે ખાતર નહિ તો મારે ખાતર! આમ કોઇ વાતમાં રસ લેતાં નથી અને દૂરને દૂર રહો છો તે સારું દેખાતું નથી. તમારી તો મને મદદ હોવી જોઇએ. આજ તો મારા વચનની ખાતર આવો. આજની રમત........

લતાઃ—આજ તો હું નહિ આવું. અનુપમ ને મનોહર આજે ચા પીવા આવવાના છે.

શનિદેવઃ—એમ! મને તો ખબર જ નથી.

લતાઃ—તમને કહેવું હું ભૂલી ગઇ.

શનિદેવઃ—ક્યારે કહેલું?

લતાઃ—ગઈ કાલે મનોહર મને રસ્તામાં મળી ગયા.

શનિદેવઃ—મનોહર? ક્યારે? કેટલા વાગે? રસ્તામાં એ શું કરતો હતો?

લતાઃ—સાંજે પાંચેક વાગે. એ શું કરતો હતો તે તો ખબર નથી. ફરવા નીકળ્યા હશે.

શનિદેવઃ—થઈ રહ્યું. પાછી શિથિલતા આવી ગઈ. એ વખતે એણે રમતમાં હાજરી આપવી જોઇતી હતી. એ છોકરો તો બગડતો જાય છે. ભલું એને ચા માટે કહેવાનું સૂજ્યું?

લતાઃ—મને લાગ્યું કે મઝા પડશે. સુંદર છોકરા છે. વળી બન્ને મિત્રો છે.

શનિદેવઃ—ઠીક, પણ તમે હવેથી એમ ન કરો એમ હું ઇચ્છું. ચા પીવાનું આમંત્રણ દેવાનો અધિકાર મારો છે અને ગમે ત્યારે એ છોકરાઓ આમ બહાર નીકળી પડે એ મને પસંદ નથી. તમારે પણ આમાં થોડું ડહાપણ વાપરવું ઘટે છે. ચાલો, જ્યારે તેમને કહ્યું જ છે ત્યારે...........હું તો રમત છોડીને રોકાઇ શકું તેમ નથી. ખરી રીતે તો એ લોકોએ પણ ત્યાં રહેવું જોઇએ એ તમારે ભૂલવું જોઈતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—એ મને સાંભર્યું જ નહિ. અને એમણે એવું કાંઈ કહ્યું નહિ.

શનિદેવઃ—એ શાના બોલે? આમ છટકી નીકળવાનું બ્હાનું જ જોઈએ. પછી ભલેને અહીં ચા પીવા માટે આવવામાં પણ કંટાળો આવતો હોય.

લતાઃ—કંટાળો શું કામ આવે?

શનિદેવઃ—કેમ વળી, આવી ગોઠવી રાખેલી ચાની બેઠકો કદી આનંદજનક કે ઉત્તેજક હોય છે ખરી કે?

લતાઃ—આનંદ કેમ ન આવે? આમાં દોષ કોનો? તમારો. તમે સહૃદય બની શકતા નથી. તમે આચાર્ય મટી શકતા નથી. તમારી પ્રતિષ્ઠા અને મહત્વ ભૂલી શકતા નથી અને ઊંચે રહીને તેમની સાથે વાતો કરો છો. ગુરુ અને શિષ્ય એક જ ભૂમિકા ઉપર ઊભા રહીને શું વાતો ન જ કરી શકે? બન્ને કુદરતનાં સામાન્ય માનવી નથી?

શનિદેવઃ—એમ કરવા જઈએ તો સંબંધ અને માનનો સદંતર નાશ થાય.

લતાઃ—હું એમ નથી માનતી.

શનિદેવઃ—જુઓને હમણાં જ તમે કાંતિની વાત કરતાં હતાં. એનો જ દાખલો લ્યો. જરા વાર એને છોકરાઓ સાથે રમતો જોતાં ઊભા રહેશો એટલે કોણ શિક્ષક ને કોણ શિષ્ય છે એટલું પણ નહિ સમજી શકાય.

લતાઃ—ખરા શિક્ષકનું તત્ત્વ એ કે નહિ? પ્રસંગ આવ્યો છે ત્યારે કહું છું કે કોઈ કોઈ વખત હું તમને જાણે સમજી જ શકતી નથી. અને ખાસ કરીને જ્યારે હું જે પુરુષને પરણવા તૈયાર થઈ છું તેને એક શિક્ષકની મૂર્તિમાંથી સાચો પતિ શોધી કાઢવાના વૃથા ફાંફાં મારું છું ત્યારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવઃ—કેમ, અનુપમ અને મનોહરને ચા પીવા આવતાં કંટાળો આવશે એમ મેં કહ્યું એટલે તમને માઠું લાગ્યું ?

લતાઃ—હવે હું નાની નથી સમજ્યા ?

શનિદેવઃ—તો ય છોકરવાદી અને નાદાની તમારામાં ક્યાં ઓછી છે ?

લતાઃ—હશે જવા દો. પણ આ લોકો તરફ તમે જરા વધારે સરળ ને નિખાલસ થાઓ તો કેવું સારું. તમારા હમેશના જીવનમાં નાહક શિક્ષકપણું શા માટે ઘુસાડો છો ? રજાના દિવસો હોય તો ય એનું એ. બીજાની સાથે પણ એનું એ ઉપરીપણું. કેળવણીકાર હોવાની સતત જાગૃતિ તમારા પડછાયાની જેમ તમને વળગેલી હું જોયા જ કરૂં છું.

શનિદેવઃ—મને આમ વીંખી વીંખીને તમે શું કરવા ધાર્યું છે તે સમજાવશો ?

લતાઃ—હું જાણું છું કે હું બકવાદ કરી રહી છું. પણ મને આજે તમારી અને અન્યની વચ્ચે અંતરાય પડી ગયેલો દેખાય છે તે અસહ્ય લાગે છે. તમે જરા જેટલા સહૃદયી બનો તો...

શનિદેવઃ—તો શું એમની સાથે મોઇ દાંડિયો રમવા નીકળી પડું કે કુસ્તી કરૂં બોલો ?

લતાઃ—માઠું લાગ્યું ? તમારી સાથે વાત કરતાં મને ન આવડ્યું અને તમને સમજાવવાની આશા રાખી એટલી હું મૂર્ખ ! પ્રભુ, આ જીવનનું આવું પરિણામ છે આવું જો મેં વહેલાં જાણ્યું હોત......

શનિદેવઃ—તો ?

લતાઃ—તો હું બીજો જ વિચાર કરતી હોત. અહીં આવી જ ન હોત. હવે સમજાય છે કે તમે તો તમારૂં ગૃહ શણગારવા અને તમારો મોભો વધારવા અને આચાર્યને એક સ્ત્રી જોઇએ માટે, મને પરણવા માગો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવ:—આમ બોલીને માત્ર નાદાની અને મૂર્ખાઇ બતાવી રહ્યાં છો. અને મારે વિષે જો આવો જ ભાવ હતો તો મને પરણવાની હા શામાટે પાડી?

લતા:—એટલા માટે કે એ વખતે મેં તમને એવા જોયા ન હતા.

શનિદેવ:—એવા-એટલે?

લતા:—એટલે? સમજ્યા નહિ અર્ધા કલાકથી હું શું બકી રહી છું? એટલે એમ કે મેં માન્યું કે તમે પુરુષ છો. દુરાગ્રહનું સ્થૂળ નહિ. કૃપા કરી મને વધુ ન બોલાવો.

શનિદેવ:—વારુ ત્યારે, હું તો જાઉં છું.

લતા:—હું તમને રોકીને બેઠી નથી. [શનિદેવ જાય છે. લતા બન્ને હથેળીમાં પોતાનો ચ્હેરો ઢાંકી દે છે. આમથી તેમ ફરે છે. નોકર બાઈ આવે છે.]

નોકરબાઈ:—મનોહરભાઈ આવ્યા છે.

[મનોહર આવે છે.]

લતા:—ઓહો, આવ્યા કે? મુન્નિ! ચા બનાવી લાવ. બે જ પ્યાલા. શનિદેવ નથી. [મુન્ની જાય છે.] કેમ અનુપમ ન આવ્યા?

મનોહર:—ન આવી શકયો. તમારી ક્ષમા ચાહી છે. આ રહી એમની ચિઠ્ઠી. [ગજવામાં ચિઠ્ઠી શોધે છે.] છેલ્લી ક્ષણે તેને રમતમાં ઊતરવું પડયું. એક જણનો પગ મરડાઇ ગયો એટલે. [ચિઠ્ઠી કાઢે છે.] આ રહી ચિઠ્ઠી.

લતા:—કંઈ નહિ. તમારા મિત્ર રમશે અને તમે અહીં રહેશો?

મનોહર:—તેને તો ઘણીએ વાર રમતાં જોયો છે. તમારા...શનિદેવ રમત જોવા ગયા શું?

લતા:—હા, મારા...શનિદેવ રમત જોવા પધાર્યા છે. કાલે મને યાદ નહિ કે રમત થવાની છે. તમે પણ મને કહ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા, મને-એમ કે.........

લતાઃ—એમ કે હું તો રમતમાં જતી જ નથી.

મનોહરઃ—તમે કેમ કદી આવતાં નથી?

લતાઃ—એનું કારણ મેં તમને કહ્યું છે. મને બહુ શરમ લાગે. અને આવીને પણ મારે તો પાઠ ભજવવાનો. લોકોની નજરનું એક પાત્ર બનવાનો અને કષ્ટકને આડખીલી બનવાનો. આવું તો તો તમારી સૌની જેમ છૂટથી નાચતી કૂદતી અને રમતી ન આવું?

મનોહરઃ—તો પછી આવતાં કેમ નથી? તમારી બાબતમાં એવું કશું બનવાનું નથી તમે ઓછાં જ બીજાં બૈરાં જેવાં છો?

લતાઃ—તમે મારાં વખાણ કરો છો?

મનોહરઃ—ના, ના. એટલે કે-હું એમ કહેવા જતો હતો કે તમે બીજા જેવાં નથી. [મુન્ની ચા લઇ આવે છે મેજ પર મૂકે છે અને મેજ ઉપાડીને લતા પાસે મૂકે છે ને જાય છે.]

લતાઃ—ચાલો, બનાવો. તમને કેટલું દૂધ જોઇએ ને કેટલી સાકર જોઇએ તેની તમને ખબર.

મનોહરઃ—[પતરીની રકાબી આપીને] લ્યો આ.

લતાઃ—[લેતી] લાવો. [ચાનું મેજ મનોહર તરફ ખસેડે છે] તમારાં પેલાં કાવ્યો જતી વખતે પાછાં લેતા જજો. મને એ ગમ્યાં એમ ફરીથી કહું?

મનોહરઃ—એ તમારો પક્ષપાત છે.

લતાઃ—તમને કેટલાં વર્ષ થયાં હશે? અઢારેક થયાં હશે ખરું?

મનોહરઃ—હા, લગભગ એટલાં.

લતાઃ—તમારી કવિતાઓ એક પ્રયોગ તરીકે ખરેખર સારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચતાં જ એમ સમજાય કે તમે કંઈક શોધી રહ્યા છો. કવિઓ માત્ર કંઈક શોધી રહ્યા હોય છે—સારા કવિ—ખરાબ કવિઓ એમ સમજે કે આપણે બધું સમજીએ છીએ.

મનોહર:—સમજવાનો તો હું પણ દાવો કરૂં છું.

લતા:—ખરેખર! કહો તો ખરા શું સમજો છો, તે?

મનોહર:—સામાન્ય રીતે સમજી શકું છું, કે આ બધું શા માટે. કદાચ મારાં કાવ્યો બહુ ઉચ્ચ કોટિનાં નહિ હોય. હું તો એક વિચાર પકડું છું પછી મને વિશેષ અનુભવ નહિ એટલે કલ્પના દોડાવું છું. શાળામાં અનુભવજ્ઞાન મળતું જ નથી. પછી તો કોને ખબર. કેટલીક વખત એમ લાગે કે જાણે હું બધું સમજું છું અને તરતજ પાછું મને સમજાય કે એ બધું ખોટું છે. વસ્તુસ્થિતિ અને મારી કલ્પના વચ્ચે મોટો ભેદ પડી જાય છે.

લતા:—તમારી ઉત્તમ કવિતાઓ જે વિષયમાં તમે પૂરેપૂરું સમજો છો તેની જ હોય છે. ગ્રામ્યજીવન, મૈત્રી કે એવા કોઇ વિષય ઉપરની.

મનોહર:—ત્યારે બાકીની કવિતાઓ કચરો છે એમને? ત્યારે તો મને જેટલી ખાસ ગમે છે તે જ કચરા જેવી હશે.

લતા:—તમારી ખાસ પ્રિય કવિતાઓ તે કઇ કઇ?

મનોહર:—એક તો મારી "પ્રેમ-ગીત" એ નામની છે. તમને એ ખ્યાલમાં નહિ હોય.

લતા:—ખ્યાલમાં તો છે પણ મને એ બીજી કવિતા જેટલી તો ગમી નહિ.

મનોહર:—એ મેં જ્યારે હું બહુ નાનો હતો ત્યારે લખી હતી. એક તો ગઇ કાલે રાત્રે મેં લખી છે. કંઇક આના જેવી; પણ વધારે સારી. વાંચવા ઇચ્છા હોય તો હું લાવ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—તમે જ વાંચી સંભળાવોને, ત્યારે.

મનોહરઃ—ઘણી ખુશીથી, તો સાંભળો.

લતાઃ—વાંચો.

મનોહરઃ—પ્રેમગીત. [ખીસામાંથી કાગળ કાઢતો કાઢતો]

લતાઃ—હં.

મનોહરઃ—[વાંચે છે]

પ્રેમનું ગીત સુણાવું, હો સજનિ, પ્રેમનું ગીત સુણાવું;
પ્રેમનું ધ્યાન લગાવું; હો સજનિ, પ્રેમનું ધ્યાન લગાવું;
પ્રેમ શબ્દથી મસ્ત બનું હું,
પ્રેમ નામથી ભાન ભૂલું હું,
પ્રેમ આગથી ભસ્મ બનું હું,
પ્રેમસાગરે ડૂબી જાઉં, હો સજનિ, પ્રેમસાગરે ડૂબી જાઉં;
પ્રેમનું ગીત સુણાવું, હો સજનિ, પ્રેમનું ગીત સુણાવું.

[વાંચીને કાગળ ખીસામાં મૂકે છે. મૌન પ્રસરે છે]

લતાઃ—તમને કોઈએ બાલકાન્ત કહ્યા ખરું ? હું તમને કાન્ત કહીને બોલાવું ?

મનોહરઃ—વાહ, એ તો સુંદર.

લતાઃ—કહો, કાન્ત........અરે ચા તો હું ભૂલી જ ગઈ, ચલાવો ત્યારે. લ્યો બીજી બનાવી આપું, લાવો જોઈએ તમારો પ્યાલો.

[મનોહર આપે છે]

મનોહરઃ—કવિતા ગમી ?

લતાઃ—અત્યંત ગમી. કહો કાન્તઃ તમારા જીવનના થોડા પ્રસંગો કહો. તમે મુંબઈમાં જ રહો છો ખરું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા, ગામદેવીમાં. તમે ગામદેવી જોયું જ હશે.

લતાઃ—નારે ના. ક્યાંથી જોઉં ? તમારે ભાઇ બહેન કેટલાં ?

મનોહરઃ—એકકે નથી.

લતાઃ—તમારાં માત પિતા તો છે ને ?

મનોહરઃ—પિતા હયાત છે. માતા તો મને નાનો મૂકીને વિદાય થયાં. મારાં એક માશી છે તે અમારી સાથે રહે છેઃ એમણે જ મને ઉછેરીને મોટો કર્યો.

લતાઃ—હું પણ મારાં માતપિતાને એકલી. એ રીતે આપણે બેઉ સરખાં. હું તો ઘરમાં સા'વ એકલી હતી, તમે ?

મનોહરઃ—ના, એકલો તો ન કહેવાઉં.

લતાઃ—અમે શહેરથી દૂર એટલે મને તો ખાસ એકલું લાગે. અમારું વતન નર્મદા તટે છે. એ પ્રદેશ તમે તો જોયો જ હશે.

મનોહરઃ—હા. એક વખત અમે આખો ઉનાળો નર્મદા કિનારે ગાળ્યો છે. બહુ રમ્ય પ્રદેશ. હું તો હમેશાં હોડીમાં ફરવા નીકળી પડતો. અદ્દભુત પ્રદેશ છે.

લતાઃ—ખરૂં કે નહિ ? અમારું ઘર શુકલતીર્થમાં છે. હું અહીં આવી ત્યાં સુધી એ ઘરમાં જ મોટી થઈ. એ નર્મદાનાં જળ હવે તો નજરથી દૂર થયાંઃ અને એનો કિનારો તો જાણે બાલ-સ્નેહી.

મનોહરઃ—શાંતિદેવ સાથે તમારો સંબંધ ક્યાંથી ?

લતાઃ—એ લોકો તીર્થમાં નીકળેલા અને મારા મામાના મિત્ર થાય એટલે મને અહીં ભણવા મૂકી.

મનોહરઃ—એ વળી તીર્થ-યાત્રામાં માને છે એની તો ખબર જ નહિ.

લતાઃ—અરે એ તો ભૂગોળની દૃષ્ટિએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—એમ ? ઠીઈઈઈક...

લતાઃ—કેમ કંઇ ખાતા નથી? જરા પતરી તો ચાખો. પૂરી લેશો ?

મનોહરઃ—ચા લીધી ને ? થયું, હવે કંઇજ ન જોઈએ.

લતાઃ—પણ તમે કંઈજ લીધું નહિ.

મનોહરઃ—ખરૂં કહું છું, કશુંજ નહિ જોઇએ.

લતાઃ—બીજી ચા બનાવી આપું ?

મનોહરઃ—ના, ના, કંઈજ નહિ, હવે.

લતાઃ—બઅસ્‌? ચાલો, ત્યારે આ મૂકી દઉં...[મનોહર મેજ ઉપાડી મૂકવા જાય છે] રહેવા દો, તમે શું કામ ?

[મનોહર બાજુ પર મૂકી દે છે.]

લતાઃ—પાન ખાશો કે તમને પણ પાન ખાવાની મનાઈ છે ?

[હાથમાં સૂડી લઈ રમે છે. મનોહર બેસે છે.]

મનોહરઃ—ના પાન નહિ લઉં.

લતાઃ—હમણાં હમણાં તો આપણે ખૂબ મળીએ છીએ ખરૂં ? તમને ફરવાનો બહુ શોખ જણાય છે.

મનોહરઃ—હા, અત્યારે તો વસંત ખીલી છે. કુદરત પૂર બહારમાં છે.

લતાઃ—કોઇ વખત દૂર દૂર ફરવા નીકળી પડો કે નહિ. ?

મનોહરઃ—ના, શાળાની હદ છોડીને કદી નહિ.

લતાઃ—એએમ ? શા માટે હદ છોડીને ન જવાય ? રવિવારે હું દૂર ફરવા ઉપડવાની છું. તમે...?

મનોહરઃ—હું એમ હદ છોડીને કદી ન જાઉં.

લતાઃ—શા માટે નહિ, કહો જોઇએ ?

મનોહરઃ—એક તો રવિવાર એટલે પુષ્કળ માણસો હોય. અને...વળી એ ઠીક પણ ન દેખાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—તો-તો હું પણ નહિ જાઉં. [અભરાઈ પરથી સોપારી લઈ આવી બેસે છે.] એક વાત પૂછું. તમારે ત્યાં એક કપૂર કરીને છોકરો છેને?

મનોહરઃ—હા, છે; કેમ?

લતાઃ—એ છોકરો કેવો છે?

મનોહરઃ—બિલકુલ બાળક.

લતાઃ—એ અહીં મારી પાસે આવ્યો હતો અને કંઈક વિચિત્ર પ્રશ્નો મને પૂછી ગયો. હું એમ જાણવા માગતી હતી કે એ ખરેખર દેખાય છે એટલો નિર્દોષ છે કે એ લુચ્ચાઈથી મને સર્વ પૂછતો હતો?

મનોહરઃ—એણે શું પૂછ્યું?

લતાઃ—પેલા રમણ વિષે પૂછતો હતો. "એણે શું કર્યું?" એમ પૂછતો હતો.

મનોહરઃ—બદમાશ.........એ છોકરાને ઊંડી અક્કલ નથી એટલા પૂરતો એ નિર્દોષ ખરો.

લતાઃ—ખરેખર, એ નિર્દોષ થઈને જ પૂછતો હતો એમ તમે માનો છો?

મનોહરઃ—હા, એમ તો ખરૂં, સિવાય કે.............

લતાઃ—શું?

મનોહરઃ—કંઈ નહિ મારી બોલવામાં ભૂલ થઈ.

લતાઃ—એમાં ભૂલ શાની? અને જો એ લુચ્ચાઈ વિના પૂછતો હતા તો તો કાંઈ નહિ. પણ આપણે શું? તમે તમારી વાત કહોને? શાળા છોડ્યા પછી તમે શું કરવા ધારો છો?

મનોહરઃ—આગળ અભ્યાસ કરવા ધારૂં છું. હવે તો જલદી અહીંથી છૂટું એમ થયા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—તમે તો આ સત્રને અન્તે જવાના ખરૂં ? મને એ ખબર નહિ.

મનોહરઃ—હા, આ છેલ્લું સત્ર છે. પછી મારા પિતાની એવી ઇચ્છા છે કે હું તેમની સાથે વેપારમાં જોડાઇ જાઉં: મારી એવી ઇચ્છા નથી.

લતાઃ—શેનો વેપાર છે ?

મનોહરઃ—સૂકા મેવાનો.

લતાઃ—સૂકો મેવો ?

મનોહરઃ—હા, કાબુલથી સીધો મંગાવીએ છીએ ધંધો બરાબર નહિ ખરૂં ? જો કે તદ્દન એવો તો નહિ.

લતાઃ—ત્યારે તમારો, કયો ધંધો કરવાનો વિચાર છે.

મનોહરઃ—એ અત્યારે કહી શકાય નહિ. કોઈ વખત એમ થાય છે કે લેખક બનું પણ એ વિચાર તો વખત જતાં ખસી જવાના.

લતાઃ—તે દિવસે તમારાં કાવ્યો માટે શાનિદેવે જે રીતે ટીકા કરી તેથી માઠું ન લગાડશો હો.

મનોહરઃ—ના, ના. મને કાંઈ માઠું લાગ્યું જ નથી.

લતાઃ—મને તો એ વાત સાલ્યા કરતી હતી અને કયારે તમને કહું એમ થયા કરતું હતું.

મનોહરઃ—એની કાંઇ હરકત નહિ. મને તો લાગે છે કે શાનિદેવ આમ જરા હઠીલા છે.

લતાઃ—એ સર્વત્ર અપ્રિય થઈ પડયા છે ખરૂં?

મનહરઃ—એમ તો હું.........

લતાઃ—મને કહેવામાં વાંધો નથી. અથવા કાંઇ નહિ. શી જરૂર છે! હું કયાં નથી જાણુતી કે એ અપ્રિય બનેલા છે. મારે પૂછવું જ જોઈતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનહરઃ—એ દેખાય છે એવા અંદરથી હઠીલા તો નહિ જ હોય.

લતાઃ—એટલા માટે તો હું શાળાના કોઈ પણ સંમેલનમાં ભાગ લેતી નથી. હું જોઈ શકું છું કે લોકો એમના તરફ અમુક દૃષ્ટિથી જ જુએ છે અને મનમાં એમને ધિક્કારે છે અને પછી તો હું એમની સાથે રહું એટલે મારામાં પણ એ દોષ આરોપે છે! કહો, આવી સ્થિતિમાં અહીં પડી રહેવું કેમ ગમે?

મનોહરઃ—ન ગમે ?

લતાઃ—હા, હા, ન જ ગમે. બધું એટલું તો દુઃખદ અને વિકૃત લાગે ? અને પાછા..........

મનહરઃ—અરરર, આ શું ? રડો છો? ના, ના, એમ ન કરો.

લતાઃ—ઓ, પ્રભુ, તેં આ શું માંડયું છે? નહિ વિચાર, નહિ લાગણી, નહિ સારાસાર વિવેક, માફ કરજો હં. મારાથી રડી જવાયું. હવે નહિ રડું. માફ કરશો કે? હવે આમ નહિ કરૂં. કાન્ત!

[મનોહરના હાથને સ્પર્શે છે; મનોહર સંકોચાય છે.]

મનહરઃ—તમારે માટે હું શું કરૂં ? બોલો તમને મદદરૂપ થવા માટે હું મારાથી બનતું સર્વસ્વ કરીશ.

લતાઃ—કંઈ કરવાનું નથી. હું જરા મન ઉપરથી કાબૂ ગુમાવી બેઠી. હવે કશું નથી.

મનહરઃ—તમે માનો છો એવું કશું નથી; હો. તમારે વિષે કોઈ એવું ધાર્તું નથી. ઉલટા તમને તો સૌ ચાહે છે. નવાઈ તો એ છે;........

લતાઃ—નવાઈ તો એ છે કે આવા પુરુષ જોડે હું શા માટે પરણવા તૈયાર થઇ છું! ખરૂં ને?

મનહરઃ—હું હવે જાઉં ?

લતાઃ—બસ જશો જ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હા, હજી મારે કામ છે. બહુ આનંદ થયો.

લતાઃ—મારી આજની રીતભાત ભૂલી જજો. આમ કોઇ કોઈ વખત આવતા રહેજો.

મનોહરઃ—હવે તો આમ ન આવું એ જ ઠીક નહિ ? તમને કેમ લાગે છે ?

લતાઃ—કેમ એમ બોલો છો ?

મનોહરઃ—આમ એકલા આવવું તે ઠીક નહિ.

લતાઃ—તમે એમને વિષે જે કાંઇ કહ્યું...ન કહ્યું એના વિચાર મનમાં લાવશો નહિ.

મનોહરઃ—તમે સમજ્યાં નહિ. હું એ વિષે કહેતો જ નથી.

લતાઃ—ત્યારે ? તમારે આવવું નથી ?

મનોહરઃ—આવવાનું પૂછો છો તો કહું છું કે આવવા માટે તો મરી પડું, પણ...ન આવું એ જ ઠીક.

લતાઃ—કાન્ત, કાન્ત, એમ કેમ બોલો છો ?

મનોહરઃ—હું ન બોલું એ જ સારું, બોલું તો તમે ફરી મારી સામે ન જુઓઃ અરે મને ધક્કો મારી બહાર કાઢો. કહું ?...... પણ, ના, ના—હું તો કહેતો હતો..............જુઓને, સાચી વાત કહું. મને તમારો પ્રેમ જોઇએઃ તમારી પાછળ હું ઘેલો બન્યો છું. થયું ? હવે કહો, મારી ઉપર ગુસ્સે થયાં કે નહિ ?

લતાઃ—ગુસ્સે ?

મનોહરઃ—મારે કાંઇ કદી બોલવું ન હતું અને અનાયાસે બોલાઇ ગયું. હું હવે જાઉં. [જવા માટે બારણા તરફ જાય છે]

લતાઃ—કાન્ત, તમને એમ કેમ લાગ્યું કે હું ગુસ્સે થઇશ ?

મનોહરઃ—ત્યારે કહોને કે "ગુસ્સે નથી થઈ" ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—કાન્ત ઉપર ગુસ્સે થાઉં ?

[લતા પોતાના હાથ લંબાવે છે. મનોહર ઊભો રહે છે અને ફાટી આંખે લતા સામે જોઇ રહે છે, પછી લથડતે પગે તેની તરફ જાય છે અને લતાના પગ પાસે ઘુંટણભર બેસી તેના ખોળામાં માથું છૂપાવે છે.] કાન્ત, કાન્ત.

[લતા વાંકી વળી મનોહરનું માથું ચૂમે છે. મનોહર ઊંચુ જુએ છે અને પોતાના હાથ લતાના ગળા ફરતા વીંટે છે અને બન્ને ગાઢ ચુંબન કરે છે]

મારા સુકોમલ કવિ!

[મનોહરને ખેંચીને પોતાની પાસે બેસાડે છે]

મનોહરઃ—ઓહ્. આજ કેટલાએ દિવસથી મારું મન ચકડોળે ચડ્યું છે. તમારા પ્રેમમાં હું બેભાન બની ગયો છું. તમે પણ અદ્‌ભુત છો. સ્વપ્ને પણ મને ખ્યાલ નહિ......[લતાના હાથ ઉપાડી ખૂબ ચૂમે છે.] અરેરે, તમે દુખિયાં છો. તમને આટલાં દુઃખી હું જોઇ શકતો નથી. આમ હતું તો આવો સંબંધ શા માટે? પ્રેમ નહિ, ત્યારે, શા માટે ?

લતાઃ—પ્રેમ કેવો ?

મનોહરઃ—ત્યારે શા માટે આમ ?

લતાઃ—કેમ ખબર પડે? હું તો એકલી અને પરવશ છું. પણ એ વાત જવા દો...મારા કાન્ત! [પોતાનો ઓષ્ટ તેના માથામાં દબાવી ચૂમે છે.]

મનોહરઃ—આજે આખો દિવસ જાઉં કે ન જાઉં એમ થયાં કર્યું. મને થયું કે તમને મળું જ નહિ. મને મારું અહીં આવવું અધમ અને અયોગ્ય લાગ્યું. મને થયું કે તમે જો આ મારા મનની વાત જાણો તો મને ધિક્કારો. તમે હવે શનિદેવને છોડી દો. હું તમને આટલો ચાહું છું ત્યારે તમારાથી એમની સાથે રહેવાય જ કેમ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—કાન્ત, એમ તે શીરીતે બને? એવો અસંભવિત વિચાર મૂકી દો.

મનોહરઃ—કેમ ન બને? આ દુનિયામાં હવે તમારી સિવાય મારું કહું એવું કોઈ નથી. પ્રિય લતા...........

લતાઃ—કાન્ત, મને ફરી ચુંબન આપ. બસ તું બોલ નહિ; મને ચુંબન આપ.

[બન્ને આલિંગનમાં ગુંચવાય છે, આમ એકમેકને ભેટીને બેઠાં છે એવામાં પાછળ શનિદેવ દેખાય છે. શનિદેવ સ્તબ્ધ બનીને ઊભા રહે છે]

શનિદેવઃ—લતા.

[બન્ને એક સાથે ઊભાં થઈ ચમકીને છૂટાં પડે છે. મનોહર ગભરાય છે. શનિદેવ એટલામાં સ્વસ્થ બનીને આગળ આવે છે.]

આ શું ચાલી રહ્યું છે એ મને સમજાવશો?

મનોહરઃ—લતાને હું ચાહું છું.

શનિદેવ,—એ...એમ? અને એમ સારે જ મોંએ કહેવા જેટલો ધૃષ્ટ તું બની શકે છે!

લતાઃ—શનિદેવ!

મનોહરઃ—કહી શકું છું; શા માટે ન કહું? હમણાં જ મેં લતાને કહ્યું કે "તને હું ચાહું છું."

શનિદેવઃ—હાલ તો આપ અહીંથી જેમ જલદી પધારો તેમ સારું. સમજ્યા? હું તમને આગળ ઉપર જોઈ લઈશ.

મનોહરઃ—નહિ, મારે આ વાતનો અન્ત અત્યારે જ જોઈએ.

લતાઃ—કાન્ત, હમણાં અત્યારે તું અહીંથી જા.

મનોહરઃ—મને શનિદેવની કશી બીક નથી લાગતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવઃ—એમ કે? શી જીભ ચાલી રહી છે? કવિરાજ પ્રેમ કરવા નીકળ્યા લાગે છે? પછી કોનો ભય અને કોની શરમ? આટલી બધી હિંમત કયાંથી ઉપાડી લાવ્યા છો? ઠીક છે એ તો પછી જોઇશું. હાલ તો આપને મંદિરે પધારો; હું ત્યાં આવું છું.

મનહરઃ—અહીંથી હું ખસવાનો નથીઃ હું અહીં જ રહીશ.

લતાઃ—કાન્ત કહું છું કે........

મનોહરઃ--અહીં ઊભા રહેવાનો મારો હક્ક છે. એ શું કરવા માગે છે તે જાણવાનો પણ મારો હક્ક છે.

શનિદેવઃ—ઉતાવળો શા માટે થાય છે? એ પણ તને તરત જણાશે.

મનોહરઃ—તમે મુખ્ય આચાર્ય છો અને હું સામાન્ય નેતા છું એટલે તમારા મનમાં એમ હશે કે............

લતાઃ—કાન્ત, કૃપા કરીને—

મનોહરઃ—ઠીક ત્યારે આ ચાલ્યો.

શનિદેવઃ—મહેરબાની.

મનોહરઃ—મારી જરૂર હોય તો, લતા—

લતાઃ—ઠીક છે, હાલ તો જાઓ.

[મનોહર જાય છે.]

શનિદેવઃ—બહુ મઝાનો પ્રસંગ છે ને? સમજાયું! સમજાયું. ઠીક, વાત વધી ગઇ લાગે છે.

લતાઃ—હા.

શનિદેવઃ—હા? એટલો જ જવાબ આપવાનો છે કે? હા? કેમ? આ સર્વનો શો અર્થ નીકળે છે એ સમજાય છે? અહીં આજ? મારા પોતાના ઘરમાં જ! મારા હાથ નીચે શીખી રહેલા એક છોકરા સાથે! અને છોકરાઓમાં વળી મનોહર કવિરાજ સાથે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—તમે કહેવા શું માગો છો?

શનિદેવઃ—હું એમ કહેવા માગું છું કે આટલો તમારો અને મારો માનભંગ તમે કેમ સહી શકો છો તે મને સમજાતું નથી.

લતાઃ—હંઅં.........

શનિદેવઃ—શનિદેવનું પ્રેમપાત્ર આટલું સસ્તું ન હોય. તમને જાતિનું ભાન ન હતું પણ તમારા મોભા અને પ્રતિષ્ઠાનું ભાન પણ ન રહ્યું?

લતાઃ—મારો મોભો અને મારી પ્રતિષ્ઠા તો કે' દિવસથી સળગી ગયાં છે. [ઊઠે છે.]

શનિદેવઃ—તો મારી પ્રતિષ્ઠાનો વિચાર કરવો હતો. તમે મારી ભવિષ્યની ગૃહિણી છો: એક આચાર્યની સ્ત્રીની જવાબદારી જેવી તેવી નથી; પણ તમને એ કદી સમજાઈ હોય ત્યારે ને?

લતાઃ—હું મનુષ્યજાતિમાં જીવતી એક યુવતી છું એમ તમને કદી સમજાયું હોય ત્યારે ને?

શનિદેવઃ—એ વાણીનું છળ મારી સાથે રહેવા દો ને! કાલે તમે એમ કહેશો કે આ શરીર હાડમાંસનું બનેલું છે અને તમારી નસેનસમાં લાલ લોહી વહે છે.

લતાઃ—હા, ત્યાં લાલ રંગનું લોહી જ વહે છે; તમારા શરીરમાં વહે છે એવું પાણી વહેતું નથી.

શનિદેવઃ—આમ મને બે શબ્દો સંભળાવીને તમારી વર્તણુંક માટે વકીલાત તો નથી કરતાં કે?

લતાઃ—એ છોકરા સાથે હું પ્રેમમાં પડું એ વાત જ તમને તો અસંભવિત લાગતી હશે કેમ?

શનિદેવઃ—એવા એક છોકરા સાથે પ્રેમ! હાસ્યાસ્પદ ન બનો. કહેશો? આવું કેટલાંક વખતથી ચાલતું આવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—ચાલતું આવે છે? આવું એટલે?

શનિદેવઃ—આ તમારું પરાક્રમ! હવે બધું સમજાતું જાય છે. એક પછી એક. આટલા માટે જ યુવાનોને સ્ત્રીઓથી દૂર નહિ રાખવાની તમે મારી સાથે ચર્ચા કરી રહ્યાં હતાં કેમ?—

લતાઃ—તમે માનો કે ન માનો. આ બધું આજે જ પહેલી વખત બની ગયું છે.

શનિદેવઃ—મારી સામે આટલું જુઠું બોલવાનો શ્રમ શા માટે લ્યો છો?

લતાઃ—ત્યારે હું જુઠું બોલું છું?

શનિદેવઃ—જુઠું, જુઠું, [બાજુ પર ફરીને મેજ તરફ વળે છે]

લતાઃ—ભલે ત્યારે જુઠું. તમે કહો છો તે સાચું. થયું? [લતા પીઠ ફેરવીને ઊભી રહે છે]

શનિદેવઃ—સ્પષ્ટ દીવા જેવી વાત છે. એને એવે વખતે બોલાવ્યો કે જ્યારે હું ઘેર જ ન હોઉં. મને શંકા ન આવે માટે મને જુઠું કહ્યું કે અનુપમને અને એને બન્નેને તમે બોલાવ્યા છે.

લતાઃ—તો હું એટલું જ કહું છું કે અનુપમને પણ મેં બોલાવ્યા હતા.

શનિદેવઃ—એમ શબ્દજાળ ન પાથરો. ઠીક લાગ શોધીને, બરાબર જ્યારે અનુપમ આવી શકે નહિ ત્યારે એને બોલાવ્યો? આ...... દાંભિકતા! અનુપમ તો રમતમાં ઊતરવાનો હતો એ વાત ક્યાં અજાણી હતી?

લતાઃ—[પત્ર ઉપાડીને] ઠીક ત્યારે, આ વાંચો; એમની જ ચિઠ્ઠી. મનોહર સાથે જ એણે મોકલી હતી. થયું?

શનિદેવઃ—[એના તરફ વળીને ચિઠ્ઠી વાંચ્યા પછી] હં.અં......હવે...

લતાઃ—હવે શું?

શનિદેવઃ—ખાત્રી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતા:—બ...સ ?

શનિદેવ:— ત્યારે તો આ અશુભ પ્રસંગનું પહેલીવાર બનવું અને મારે ભાગ્યે એનું જ દર્શન થવું, એમને ?

લતા:—એમ જ.

શનિદેવ:—અને તમને એની કશી શરમ નથી આવતી.

લતા:—[સામે જઇને] શરમ ? ના શરમ તો નહિ પણ દિલગીરી ખરી.

શનિદેવ:—દિલગીર તો હું એને કરીશ. પોતાના આ વિનોદનું પરિણામ એને ભારે પડશે.

લતા:—તમે એને શું કરશો ?

શનિદેવ:—શું કરીશ ? તમને શું લાગે છે ! તમારા મનમાં એમ તો નથી ને કે હું એને અહીં રાખી મૂકીશ ? વ્યવસ્થાપકમંડળમાં ઠરાવ મૂકીને હું એને કઢાવીશ. [ટેબલ પાસે જઇ, ટોપી ઉપાડી આગળ આવીને]

લતા:—ના, ના, એમ કાઢી તો ન જ મૂકાય.

શનિદેવ:—" કાઢી તો ન જ મૂકાય " કેમ ? વાહ !

લતા:—ન જ મૂકાય. સાચું કહું ? આ બધો મારો દોષ છે—પૂરેપૂરો. મેં એને ઉત્તેજન આપ્યું, મેં એને પ્રેમ કરવા દીધો; ભલે એમ કરવામાં મારી મૂર્ખાઇ હતી. કબૂલ. પ્રભુને ખબર મેં આ બધું શા માટે કર્યું. ઘડીભર હું ભાન જ ભૂલી ગઇ; સર્વસ્વ ભૂલી ગઇ: એકાદ ક્ષણિક આવેગ સિવાય બીજા કશાની પરવા જ જાણે ન રહી.

શનિદેવ:--ઘ—ણું—જ સરસ.

લતા:—એને કાઢી તો નહિ જ મૂકાય કાઢી મૂકવો જોઇએ જ નહિ. એ બધો દોષ મારો છે. ખરૂં જ કહું છું કે સર્વ દોષ મારો છે. મારા એ દોષની શિક્ષા એને ન થવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવ:—અરે વાહ, અરે વાહ, મારી તો ખાત્રી જ છે કે જેટલો એનો દોષ છે એટલો જ તમારો છે. પરન્તુ કોઇ એને પ્રેમ કરવા દે એટલે એણે એ સ્ત્રી સાથે પ્રેમ કરવો જ જોઇએ એ બંધન ક્યાંનું? અધુરામાં પૂરું વળી એ સ્ત્રી તે એના જ ઉપરીની પ્રિયતમા! બસ એને તો શિક્ષા થવી જ જોઇએ.

[ચાલવા જાય છે]

લતા:—હું તમને સાચું જ કહું છું કે અમારી વચ્ચે કશું ય એવું —કશું ય અનિષ્ટ બન્યું નથી! સોગંદપૂર્વક કહું છું કે કશું અધર્મ્ય બન્યું નથી. તમને ગમે તે ખ્યાલ આવ્યો હોય પરન્તુ જે તમે તમારી નજરે જોયું તે ચુંબન પહેલ વહેલું જ હતું. મારા જેવી સ્ત્રી જ્યારે એમ વર્તે ત્યારે એ બિચારો શું કરે? હું જાણું છું કે મારી એ ગાંડાઇ હતી. એકલી ગાંડાઇ.

શનિદેવ:—ગાંડાઇ હતી એટલું તો ભાન આવ્યું ને?

લતા:—એ ગાંડાઇની ખાતર એને કાઢી મૂકવો ન જોઇએ. એનું પરિણામ શું આવશે એનો તમને ખ્યાલ છે? એ કલંક એને હમેશને માટે વળગેલું રહેશે એટલું જ નહિ પણ એને ખુવાર કરશે.

શનિદેવ:—તમે સદંતર મારો વિશ્વાસઘાત કર્યો છે. મારે એ સાંખીને બેસી રહેવું? બને જ નહિ; ઇશ્વરની સાક્ષીથી કહું છું કે એ બને જ નહિ. એને ખુવાર કરશે કેમ? મારે તો એ જ જોઇએ છે. એને ખુવાર કરવા માટે તો હું મારાથી બનતું બધું કરીશ. હમણાં જ સભા બોલાવું છું. આજ ક્ષણે. [દરવાજા તરફ જાય છે]

લતા:—શનિદેવ!

શનિદેવ:—[દરવાજા પાસે ઊભા રહીને] મને લાગે છે કે આપણી આ ચર્ચાનો હવે અન્ત લાવીએ. [જવા જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—આમ જુઓ તો—[બરાબર શનિદેવ તરફ નજર તાકીને] શનિદેવ, જો મનોહર જાય, જો તમે એને કાઢી મૂકો તો હું તમારો ત્યાગ કરીશ.

શનિદેવઃ—નાદાની ન કરો.

લતાઃ—હું ખરૂં જ કહું છું.

શનિદેવઃ—મૂર્ખાઈ છે. એમ છોડીને જવાતું હશે કે?

લતાઃ—હું ખરેખરૂં કહું છું. હું બોલું છું એમાં જરા ય શંકા નથી. આપણું સંવનન જોઈએ તેવું સુખી નીવડયું નથી એ તમે જાણો છો. મેં તમને સુખી કરવા મારાથી બનતું કર્યું. ઇશ્વર એનો સાક્ષી છે. પણ હવે હદ થઈ છે. તમે એને કાઢી મૂકશો તો હું હમેશને માટે તમારો ત્યાગ કરી જઈશ. આજ કેટલા વખતથી હું આ વાત વિચારી રહી છું.

શનિદેવઃ—આમ ડર બતાવીને મારી પાસેથી પરાણે કબુલાત લેતાં હશો કેમ?

લતાઃ—તમારે ફાવે તેમ કહો. હું જે બોલી રહી છું તેમાં જરા પણ શંકા રાખવાનું કારણુ નથી. [હિંડોળા તરફ ફરી જાય છે]

શનિદેવઃ—ગાંડી બનીને ભાન ભૂલી છે. તું શું બોલી રહી છે તેનું પણ તને ભાન નથી. એમ મને છોડીને જવાય કેમ?

[પાછા ફરી આગળ આવે છે]

લતાઃ—કેમ? જવાય કેમ? તમને કયાંથી ખબર હોય? હમણાં હમણાં મારી કેવી દશા થઈ છે તે જાણો છો? આપણે પરણવાનો નિશ્ચય કરવામાં ભયંકર ભૂલ કરી બેઠાં અને પરિણામે મારે દુઃખનો અનુભવ કરવાનો રહ્યો. તમને તો તમારી સત્તા, તમારી પ્રતિષ્ઠા અને તમારો અહંકાર વ્હાલાં થઈ પડ્યાં છે. એ બધાં હવે કયાં જશે? તમે એને કાઢી મૂકો એટલીજવારઃ જાહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે હું તમને છોડીને ગઈ સમજજો. પછી તમને કઈ લાગણી થાય છે તે તપાસી જોજો. સો જાણશે તો ખરાં. તમારા અંતરાત્માને પૂછી જોજો: પછી તમારી આબરૂ અને સત્તા તમારી પાસે ઊભાં પણ રહેશે કે?

શાન્તિદેવ:—આજ આમ કેમ બોલવા માંડયું છે? આમ બોલવાનું કાંઈ પ્રયોજન? એમ બને ખરૂં?

લતા:—[બોલી રહી હોય તેમ બાજુ પર બેસીને] તમને મેં વારંવાર કહ્યું. બોલો, પસંદ કરો. એક જ વાત: એને કાઢી મૂકો તો હું પણ જાઉં.

શાન્તિદેવ:—પણ......પણ......આનો કંઈ અર્થ? હું એમ પૂછું છું કે તમે એ છોકરાના પ્રેમમાં પડી ઘેલાં બની ગયાં છો કે શું? નહિ તો આટલું બધું વિચિત્ર વર્તન હોય નહિ!

[ફરે છે]

લતા:—તમે જ કહ્યું ને કે એમ બનવું એ જ અસંભવિત છે?

શાન્તિદેવ:—હા મને એમ લાગ્યું હતું ખરૂં પરંતુ સ્ત્રીઓ હમેશાં અગમ્ય હોય છે. હું પૂછું છું એનો જવાબ આપો. તમે એ છોકરા સાથે પ્રેમમાં છો?

લતા:—કોણ જાણે, હશે, કદાચ. પણ એ વાત જ જવા દોને.

શાન્તિદેવ:—ઓહ, આ બધી વાત અસહ્ય થતી જાય છે. પણ જો. કદાચ-જો હું આ વાત તમારી ખાતર પડતી મૂકું તો....... [આમ તેમ ફરીને વચ્ચે આવી] પણ એ બને જ કેમ? એ બની શકે જ નહિ એટલું તો સમજો! કાલે સવારે આખી શાળામાં એ વાત ફેલાઈ જશે. પછી તો જીવવું જ નકામું. બીજાની હાંસીને પાત્ર બનવું એટલું જ. [મેજપર બેસે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—[બેસી રહીને] અને હું તમને છોડીને જાઉં તો? તો કેમ થાય? બીજાની દયાને પાત્ર બનવું ખરૂં ને? પણ શું કામ તમે આટલા ડરો છો? [ઊભી થાય છે.] આ વાત કોઇ જાણે નહિ. કોઇ જાણે જ કેમ?

શનિદેવઃ—જાણે જ કેમ? કેમ વળી એ તો અનિવાર્ય જ છે, વળી. આમ મારી ઉપર મોટી ફતેહ મેળવી છે એટલે પેલો મનોહર શું મૂંગો મરવાનો છે? એ તો કહેવાનો કે શનિદેવ આવીને ઊભો રહ્યો—સ્તબ્ધ થઇ ગયો અને કાંઇ કરી શક્યો નહિ.

લતાઃ– એ કશું નહિ બોલે. જાઓ, એની ખાત્રી હું તમને આપું.

શનિદેવઃ—અને દરમિયાન આપનો બન્નેનો વ્યવહાર મારે ચાલુ રાખવા દેવો એમ જ કે? એની સાથેનો સંબંધ વધારવામાં તમને સરળતા કરી આપું અને એક બાજુ પર બેઠો બેઠો ——
———ની જેમ જોયા કરૂં. એમ જ ને? પછી! એવું કદી નહિ બને. આ દેહે તો નહિ જ. મારામાં થોડો ઘણો મગરૂરીનો અંશ હોય તો તો લોકોની વાતો અને ચર્ચાની સામે હું ઊભો રહીશ. [બારણાં તરફ વધે છે.]

લતાઃ—જરા મારી વાત સાંભળો. [વચ્ચે આવીને] તમે એને કાંઇ ન કરો તો હું એનું કદી મોં ન જોઉં. તમારે માટે તમે કહો તેટલું કરૂં અરે તમારી સ્ત્રી તરીકે આથી વધુ સારો પાઠ ભજવી બતાવું. ખરૂં જ કહું છું, દેવ.

શનિદેવઃ—એક વાત તમે ભૂલો છો અને તે એ કે જેટલું ખરાબ થવાનું હતું તેટલું તો થઇ ચૂક્યું છે. તમારું કહેવું એવું તો નથી ને, મારે એને હમેશાં મળવું, એને મનમાં ને મનમાં મારી હાંસી કરતો જોયા કરવો, એણે મારો ખોટો લાભ લીધો છે અને હું એની સામે પગલાં લેતાં ડરૂં છું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—તમે એમ માનતા હો તો તો.........પણ બીજો શો ઉપાય છે? આજે એ છે; કાલે બીજા. ગમે તેનો સવાલ તમારી સામે ઊભો જ છે. પણ હું તમને કહું છું ને, કે તમારે એ વિષે ચિંતા ન કરવી. કોઈ આ વાત નહિ જાણે. અને આવું ફરી કદી બનવાનું નથી. કદી નહિ. મને મારા પૂરતી શિખામણ મળી ચૂકી છે. કેટલી'ક બાબતોની ઘણી આકરી કીમત ચુકવવી પડે છે. આ તો મનોહરનું છેલ્લું સત્ર છે. થયું. મેં તો કહેવાનું હતું તે કહી લીધું. તમે ઇચ્છો છો એવી રીતે તમારે એનો વધ કરવો હોય તો હું તમને છોડીને ચાલી જવાની છું. ખુલ્લી રીતે, હમેશને માટે, એટલું યાદ રાખજો. મને અટકાવનાર કોઇ નથી. શું તમારી મગરૂરી તમને નિર્ણય કરવામાં આડી આવે છે? આમ અનિશ્ચિત કેમ બન્યા છો? મગરૂરી ઉપર અંકુશ મેળવશો તો હું ખાત્રી આપી શકું છું કે બધું હમેશને માટે બરાબર થઈ જશે. હવે તમારી મરજી.

[બેસી જાય છે.]

શનિદેવઃ—[લાંબા વખત સુધી કાંઈ બોલ્યા વિના અને વચ્ચે આવીને] આ બાબતમાં મારે જાણવું જોઇએ તેટલું બધું મેં જાણ્યું છે એટલું તો ખરૂં જ ને?

લતાઃ—હા, હા.

શનિદેવઃ—તો પછી હું વિચારી જોઈશ.

[જાય છેઃ લતા ઊભી થાય છે અને મુન્નીને હાક મારે છે. દાસી આવે છે.]

લતાઃ—આ જરા ચાનાં વાસણ લઇ જા,તો.

મુન્નીઃ—જી...અને મનોહરભાઈ બહાર ઓસરીમાં રાહ જોતા ઊભા છે.

લતાઃ—મનોહર?

મુન્નીઃ—જી, હા. લગભગ પા કલાકથી રાહ જોતા ઊભા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતા:—એ.....મ ?—

[મુન્ની જાય છે]

મુન્ની:—[જતાં જતાં] એમને અંદર મોકલું ? મળશો ?

લતા:—હા. મોકલ.

[મુન્ની જાય છે. લતા વચ્ચોવચ્ચ આવીને ઊભી રહે છે. મુન્ની મનોહર સાથે અંદર સુધી આવે છે અને પછી ચાલી જાય છે. મનોહર એકદમ લતા તરફ આગળ વધે છે. લતા એને અટકાવવા હાથ ઊંચા કરે છે.]

મનોહર:—શું થયું ?

લતા:—કંઇ નથી થયું, બધું ઠીક છે. બધું ઠીક થઈ જશે.

મનોહર:—પણ એણે કહ્યું શું ? હું તો બહાર રાહ જોતો ઊભો હતો, એ જાય અને તમે એકલાં થાઓ ત્યાં સુધી. તમે મને કેમ અહીં રહેવા ન દીધો ?

લતા:—રહેવા તે કેમ દઈ શકું ? એટલું પણ સમજતા નથી કે મારાથી તમને રહેવા દઇ શકાય નહિ ?

મનોહર:—પણ કહો તો ખરાં, એણે શું કહ્યું ? તમને એ ત્યજી દેશે ? છૂટાં કરશે ?

લતા:—ત્યજી દે ? હું પૂછું છું કે શા માટે ?

મનોહર:—કેમ વળી એણે જે જોયું તે માટે.

લતા:—પોતાનાં પ્રેમ પાત્રને કોઈ બીજો ચુમ્બન કરે છે એ જોઇને પુરુષો ત્યજી દે એ પરાક્રમ ગણાતું હશે, કેમ ?

મનોહર:—પણ હું તમને ચાહું છું તેનું કેમ ? મેં તો એમને પણ સંભળાવી દીધું છે.

લતા:—તો પણ.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—પણ હું આમાંનું કાંઇ સમજતો નથી. બધું ઠીક થઈ જશે એમ જે તમે હમણાં કહ્યું તેનો પણ મને કાંઈ અર્થ સમજાયો નહિ.

લતાઃ—એનો અર્થ એમ કે એ આ બાબતમાં કાંઈ પણ પગલાં તમારી સામે લેવાના નથી.

મનોહરઃ—એને તમે "ઠીક થઈ ગયું" એમ કહો છો?

લતાઃ—એટલુંયે સમજતા નથી? મને માત્ર તમારો જ વિચાર આવ્યો. હવે આ વાત આગળ નહિ વધે એટલું ચોક્કસ.

મનોહરઃ—પણ...પણ...મને પોતાને મારો વિચાર નથી આવતો. મારી વાત જ જવા દો ને. વાત તો તમારી છે. લતા...... લતા......એની સાથે તમે રહી જ નહિ શકો......અરે, એને વિષે તમે જે પ્રકારની લાગણી રાખો છો તે જાણ્યા પછી તો રહેવાય જ કેમ? તેમાં વળી આમ બન્યા પછી.... તેણે નજરોનજર સર્વ જોયું તે પછી........મેં તેને બધું સંભળાવી દીધા પછી......એણે તો તમારો ત્યાગ કરવો જોઇએ. ત્યાગ તો કોણ જાણે કેમ થતો હશે પણ આવી રીતે બધું બની જાય ત્યારે તો કોઇ સાથે ન રહે.

લતાઃ—મનોહર. આવો, બેસો. મારે તમને કંઇક કહેવું છે.

[લતા એક બાજુ પર બેસવા જાય છે. મનોહર તેની પાછળ પાછળ બેસવા જાય છે. તેને રોકીને]

લતાઃ—હં, હં, પેલી ખુરશી પર બેસો. [મનોહર બતાવેલી જગ્યાએ બેસે છે] મનોહર! તમે તમારા મનમાં ગમે તે વિચારો કર્યા હોય પરન્તુ હું તમને સ્પષ્ટ કહું છું કે આજથી હવે આમને આમ આગળ ચલાવવાનું નથી.

મનોહરઃ—કેમ, કેમ? મને કંઇક સમજાવો તો ખરાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—કેમ વળી, તમે પોતે જ નહોતું કહ્યું કે અહીં ફરીથી નહિ આવવું એ જ તમારે માટે સારું છે!

મનોહરઃ—હા, પણ તે...તે તો...પહેલાં જ્યારે હું...જ્યારે મને બીક રહેતી હતી ત્યારે. તે વખતે મને એમ લાગતું હતું કે તમને મારા મનની ખબર પડશે તો તમે મને ધીક્કારશો. મને તો સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે આપણો કંઈ પણ યોગ થવાનો સંભવ છે! પણ હવે તો...હવે...તો...

લતાઃ—હવે પણ બધું એમ ને એમ જ છેઃ કશો ફેરફાર થયો નથી, મનોહર.

મનોહરઃ—કશો નહિ? કેમ વળી, બધો ફેરફાર થયો છે ને? "ફેરફાર થયો નથી" એટલે વળી શું? મને તમે બોલવા દીધો, મને ચુંબન કરવા દીધું. તમે જાણો છો કે હું તમને ચાહું છું; તમે પણ મને ચાહો છો. વાહ, અને હવે કહો છો કે 'કશો ફેરફાર થયો નથી!'

લતાઃ—સાંભળો, મનોહર. હું બરાબર કહી શકું છું કે નહિ તે તો કોણ જાણે, પણ મને લાગે છે કે તમે આ બધી વાતને કંઇક અસાધારણ ગંભીર સ્વરૂપ આપી દીધું છે, હું જાણું છું કે મારે એમ વર્તવું નહોતું જોઈતું. તમને એમ ચુંબન કરવા દેવું એ જ અયોગ્ય હતું. પણ...મને કંઇક તમારી પ્રત્યે અનુકંપા રહી હતી...અને...કંઇક હું તે વખતે ભાન ભૂલી હતી. પણ...થયું હવે. આટલેથી જ બસ. આથી વિશેષ હવે એનો કશો અર્થ નથી.

મનોહરઃ—એટલે તમે એમ કહો છો કે તમે મને ચાહતાં નથી! તમે માત્ર મારી સાથે રમત ખેલતાં હતાં, કેમ?
[લતા ચૂપ રહે છે.] વારુ ત્યારે, હું હવે જઈશ.

[મનોહર ઊઠે છે અને જવા નીકળે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—સબૂર, જરા. હજી મારે કહેવાનું હતું તે મેં કહી લીધું નથી.

મનોહરઃ—હવે શું બાકી રહ્યું છે, વળી ?

લતાઃ—તમે પાછા આવો, અહીં ફરીથી બેસો અને હું તમને જે કહું તે શાન્તીપૂર્વક સાંભળો, એમ કહું છું, સમજ્યા ? બેસો.

[મનોહર પાછો બેસે છે.]

મનોહરઃ—હં.

લતાઃ—જુઓ, તમે આ બધું ભૂલી જાઓ. હું સમજું છું કે બધી ભૂલ મારી છે. જાણે કે આ સર્વનો કંઇક ઊંડો અર્થ છે એમ મેં તમને સમજવા દેવાની ભૂલ કરીઃ તમે એવું માની લ્યો એવી મેં ઇચ્છા પણ કરી ! પણ હવે હું તમને કહું છું કે આ વાતનો અન્ત આવ્યો છે. હું ઇચ્છું છું કે તમે કંઇક ડાહ્યા થાઓ અને બધું ભૂલી જાઓ. એમાં કશું અઘરૂં નથી. હવે તમે તમારા કામમાં ચિત્ત લગાવી શકો છો; રમતમાં ચિત્ત જોડી શકો છો. આજસુધી કામ અને રમત તરફ તમે બેદરકાર રહ્યા છો, તમે અતિશય ભાવનામય રહ્યા છો. પછી તો તમારે અહીંથી નીકળીને જવાનું છે. આગળ અભ્યાસ કરવા જશો. નવા નવા વિષયો અને નવીન અનુરાગ ! થોડા સમયમાં તો તમને આ બધું હાસ્યાસ્પદ લાગવા માંડશે. અત્યારે તમે મને દોષ દ્યો છો. તમને એમ લાગે છે કે મેં તમને મૂર્ખ બનાવ્યા ખરૂં ?

મનોહરઃ—હું પોતે જ મૂર્ખ બન્યો છું ને !

લતાઃ—ના, ના એમ નહિ મનોહર. તમને આ સર્વ ભૂલતાં સમય નહિ લાગે. સમય જતાં તમે આ પ્રસંગને જુદી જ દૃષ્ટિથી જોતાં શીખશો. જીવનમાં ફરીથી આ વાત સાંભળવાનો પ્રસંગ પણ ઊભો નહિ થાય, જો, તમે જરા ડહાપણ રાખશો, તો. જાઓ, તમને હું વચન આપું છું. એ વિષે તમે બેફીકર રહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—જાણે કે એ તમારા વચનની હવે જરૂર રહી હોય. જાણે કે હું ડરતો હોઉં અને એની ફિકર કર્યા કરતો હોઉં ! તમને શું એમ લાગ્યું કે હું બીકથી ડરીને અહીં પાછો આવ્યો ? પણ જવા દ્યો એ વાત. મને પણ હવે તો સમજાય છે કે મેં ભૂલ કરી. મારી ખાતર તમે શનિદેવની વચ્ચે પડયાં એ માટે તમારો હું ઋણી છું. પણ હું પૂછી લઉં કે શનિદેવ પોતે મને અહીંથી કાઢી મૂકવા ઇચ્છે છે, ખરૂં ?

લતાઃ—મનોહર, કૃપા કરીને એવી રીતે વાત ન કરો—

મનોહરઃ—બીજું કાંઇ ?

લતાઃ—કાંઇ જ નહિ.

મનોહરઃ—ત્યારે હું જાઉં છું. [જાય છેઃ વળી અટકે છે અને એક બે ડગલાં આગળ આવે છે] હા, પેલાં મારાં કાવ્યો મને પાછાં આપશો ?

લતાઃ—જરૂર. હું ભૂલી ગઈ. આપું છું.

[એક બંધ ખાતું ખોલીને કાવ્યો કાઢે છે. મનોહરને આપે છે અને પાછી પોતાની જગ્યાએ જઈને ઊભી રહે છે. મનોહર કાવ્યો લે છે, ઘડીભર કાવ્યો સામે જોઇ રહે છે, પછી એનાં ટુકડા કરી ફાડી નાંખે છે અને જમીન ઉપર ફેંકી દે છે.]

લતાઃ—કેમ, એમ કર્યું ?

મનોહરઃ—કંઇ નહિ, ફક્ત હું અતિશય ભાવનામય થતો જાઉં છું અને હવે રજા લઉં છું.

પડદો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક ત્રીજો.

દૃશ્ય પહેલું.

સ્થળઃ

નેતાઓનો ઓરડો. પહેલાની જેમ.

સમયઃ

બપોરનો લગભગ ચા પીવાનો.

બે દિવસ પછી.

મધુકર એક ટેબલ પર ચા પીતો બેઠો છે. 'ગ્રામોફોન' વાગી રહ્યું છે. વિનોદ અંદર આવે છે અને ગાયન વાગે છે ત્યાં સુધી ગાયનની સાથે અભિનય કરે છે. પછી રેકર્ડ પૂરી થયે ગ્રામોફોન બંધ કરી બેસે છે.

વિનોદઃ—બીજી થોડી 'રેકર્ડ' લાવીએ. આજકાલ 'ફર્સ્ટ'–ક્લાસ રેકર્ડ" નીકળી છે. રજામાં મેં ખૂબ સાંભળી. રામપ્યારી તો અજબ ગાવાવાળી છે! અદ્‌ભુત. એનાં ફોટો "છાપાંઓ" માં જોયા? નથી જોયા? પેલા લક્ષ્મીદાસે તો એને હવે માસિક પગાર બાંધી આપીને પોતાને માટે રીઝર્વ રાખી છે!

મધુકરઃ—તને બધી ખબર!

વિનોદઃ—ખબર? કેમ વળી, સૌને ખબર છે ને. ખીલેલું કમળ છે હો. એના કોમળ હાથ અને નાજુક પગે તો શહેર આખું ગાંડું કર્યું. કોઈ કોઇ વખત સિનેમા સાથે ગાયન અને નાચમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરે છે. છેલ્લી રજામાં ઓરચેસ્ટ્રામાં બેસીને આઠ વખત મેં એને જોઈ! કંઇ છે, ખાવાનું? હોય તો આવવા દે.

મધુકરઃ—લેજે. [ફેંકે છે,]

[નીચે પડે છે તે ઉપાડી લઇને વિનોદ ખાય છે.]

આજ બધા કયાં ગયા છે?

વિનોદઃ—અનુપમ અને મનોહર ટેનીસ રમે છે. કેમ હજી ચા પીવા આવ્યા નથી?

મધુકરઃ—અહીં તો કોઈ આવ્યું નથી. લે, આ અનુપમ આવ્યો.

[અનુપમ આવે છે.]

અનુપમઃ—કેમ ચા પાણી મળે એમ છે કે?

[બેસે છે અને પોતાને હાથે ચા કાઢે છે.]

મધુકરઃ—અરે અનુપમ. આજકાલ શનિદેવને શું થઈ ગયું છે? કાંઇ ખબર?

અનુપમઃ—કોણ જાણે; ખબર નથી.

મધુકરઃ—કાંઈક ખૂબ ગુસ્સામાં છે. આજે ગણિત લેતી વખતે એનો પિત્તો જોયો? ફક્ત હું ઇન્સ્ટ્રુમેન્ટ લાવવાં ભૂલી ગયેલો. એમાં તો જાણે મેં ભયંકર ખૂન કર્યું હોય કે બીજું ભયંકર પાપ થઈ ગયું હોય એમ મારી ઉપર ઊતરી પડયા.

અનુપમઃ—કોણ જાણે. પેટ બગડી ગયું હોય કે અનાજ પચ્યું ન હોય, તો'ય શી ખબર.

મધુકરઃ—પચે નહિ એટલું એ ખાય એની રીસ મારી ઉપર ઉતારવી એ પણ ઠીક!

વિનોદઃ—અને પેલા મનોહરને શું થઇ ગયું છે? એ તો છેલ્લા બે દિવસથી જાણે આફત આવી પડી હોય એવો ફર્યા કરે છે.

અનુપમઃ—શી ખબર. કાંઈક છે ખરૂં. શું છે તેનો પત્તો લાગતો નથી. અને મનોહર તો એક અક્ષર પણ બોલતો નથી. શનિદેવ પણ કોણ જાણે કેમ અધમ થઇને ફરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકરઃ—હવામાં જ કાંઈક બગાડ છે. અને શનિદેવ આજકાલ નિવાસ ગૃહની ચાલીમાં હળવે હળવે, છૂપી રીતે ફરતા જોવામાં આવે છે. છે શું? વળી પાછું કાંઇક પવિત્રતાનું નાટક થવાનું લાગે છે. શનિવારની રમતમાં તને કાંઇ બોલાવ્યો હતો ને? શું કામ હતું? એને મેં તારી પાસે આવતાં અને કાંઇક કહેતાં જોયા હતા. એ તો જાણે "આવી રહ્યા" હોય એવા દેખાતા હતા. તેં એને નાખુશ થાય એવું કાંઇ કહ્યું હતું?

અનુપમઃ—હું કાંઇ સમજી શક્યો નહિ. મને અને મનોહરને લતાએ ચા પીવા બોલાવ્યા હતા. પણ હું સલીમને બદલે, તેનો પગ દુઃખતો હતો તેથી, રમવા ગયો એટલે જઇ શક્યો નહિ. પછી શનિદેવે મને પૂછ્યું કે "અત્યારે રમતના મેદાનમાં અનુપમ ક્યાંથી? ચા પાણીની પાર્ટી મૂકી ભલું આજ રમતમાં આવવાનું સૂઝ્યું?" એમ કરડાકીથી બોલ્યો પણ મને કાંઈ સમજાયું નહિ કે આમ કેમ બોલે છે! અને મને પણ કંઇ જવાબ દેવાનો ખ્યાલ રહ્યો નહિ એટલે તોછડાઈ લાગી હશે, પછી મને એણે પૂછ્યું કે "તારી પેલી પૂંછડી મનોહર ક્યાં છે?" ભાઇસાહેબ તો એની બૈરી સાથે ચા પીવા પધાર્યા છે એ એને કહેવાનું મારે કાંઇ કારણ? એટલે મેં "મને ખબર નથી" એમ કહીને એની કરડાકી આગળ ચાલતી બંધ કરી. પણ મારા જવાબથી તો એ ખારો ખારો થઇ ગયો હતો.

મધુકરઃ—એનું કારણ?

અનુપમઃ—પરમેશ્વર જાણે. મને તો ખબર ન પડી.

વિનોદઃ—અને નામદાર મનોહર પેલાં ઉત્સુકતાથી ભરેલાં લતાદેવી સાથે ચા પીવા ઉપડેલા કે?

અનુપમઃ—હા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદઃ—અને એ વખતે શનિદેવ રમતના મેદાનમાં હતા, કાં ? બડો નસીબદાર છોકરો. શનિદેવને અદેખાઇ ન આવે ? તને પણ બોલાવ્યો હતો એની ખબર શનિદેવને હતી ખરી ?

અનુપમઃ—કોણ જાણે, આમ તો લતા મનોહરને રસ્તામાં મળી હતી અને અમને ચા પીવાનું કહ્યું પણ એણે શનિદેવને કહ્યું તો હશે જ.

વિનોદઃ—ન પણ કહ્યું હોય. કદાચ એનો એકલાં વાતો કરવાનો વિચાર હોય. જબરી છે. તોફાની ! મને એમ કે એની નજર તારી ઉપર છે હો, અનુપમ. ઠીક છે. આખા કરતાં અરધું પણ શું ખોટું ? સ્ત્રીઓ પણ જ્યારે લતા જેવડી થાય છે ત્યારે તો હૈયાની ભીનાશવાળા અને ઊગતા મનોહર જેવા જુવાનને જ પૂજે છે.

અનુપમઃ—હું તો પહેલેથી તને કહેતો આવ્યો છું કે એ મનોહર ભારે મીંઢો છે.

વિનોદઃ—એને જરા દબડાવી જોવો પડશે. એ પાછો આવ્યો ત્યારે કાંઇ બોલ્યો હતો કે ?

અનુપમઃ—એક અક્ષર નહિ ને ! તે દહાડે છેક સવાર સુધી તો એ અતિશય સાવધ રહ્યો હતો. એક અક્ષર બોલે તો એના જ સમ. બસ્, તે દિવસથી એ એવો ને એવો બની ગયો છે.

વિનોદઃ—હં—હં—આમાંથી ખરેખર ભારે ગમ્મત જામવાની છે.

અનુપમઃ—એને તારે દબડાવવાનો નથી, વિનોદ. બિચારો કોઇક બાબત ઉપર મુંઝાઇ રહ્યો છે.

વિનોદઃ—[વચ્ચે આવીને] હવે, ઠીક. બિચારો લતાનો હાથ પકડવા ગયો હશે અને એણે હાથ નહિ આપ્યો હોય. ચાલો હું હવે ઉપર જાઉં છું, મધુકર, આવે છે કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકરઃ—હા, હા. દરવાજો જરા સંભાળીને ઉઘાડજે. પેલી બાજુ શનિદેવ છૂપાઇને જોતા હશે તો દરવાજો એના કપાળમાં અથડાશે.

[વિનોદ ઝટકાથી દરવાજો ઉઘાડે છે અને બન્ને બાજુએ જોઇ અવાજ કરે છે.]

વિનોદઃ—આવ... આવ...આવ...શનિ...શનિ... શનિ... પ્યૂ...પ્યૂ ...પ્યૂ...

[વિનોદ અને મધુકર બહાર જાય છે. મનોહર દાખલ થાય છે.]

અનુપમઃ—ઓહ્હો...

[મનોહર જવાબ આપતો નથી અને ટેબલ પાસે આવે છે અને બેસે છે. પોતાના પ્યાલામાં દૂધ રેડે છે. આજુબાજુ ચાની કીટલી માટે જુએ છે અને અનુપમની ચોપડી ઉપરથી કીટલી ખેંચે છે. ચોપડી નીચે પડે છે.]

અરે, અરે, મારી ચોપડી પડી. જરા ધ્યાન તો રાખ. ક્યાંક જઇને પડી !

મનોહરઃ—ભૂલ થઈ...

અનુપમઃ—ઠીક. ઠીક. "ભૂલ થઈ" એ તો બાજુએ રહ્યું પણ આટલો મોડો કેમ થયો? તું તો મારી પહેલાં રમી રહ્યો હતો; અને નીકળી ચૂક્યો હતો.

મનોહરઃ—મને એમ થયું કે અત્યાર સુધીમાં તો તમારી ચા ઉકલી ગઈ હશે.

અનુપમઃ—એટલે ?

મનોહરઃ—કાંઇ નહિ. [કોચ પર બેસવા જાય છે. અને ચા ઢોળે છે.] હત–તારી..........

અનુપમઃ—હેં ? શું થયું વળી ?

મનોહરઃ—કાંઇ નહિ. થાય શું, કપાળ તારું; કાંઇક તો થયું જ હશે ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—હવે જવા દે તારી હોશિયારી.

મનોહરઃ—હોશિયારી કરતો નથીઃ ખરૂં જ કહું છું.

અનુપમઃ—તારે મારી સાથે ચા પીવી ન હતી, એમ ને?

મનોહરઃ—બસ, બસ, હવે. વાંચવા દે મને.

[અનુપમ ચોપડી ખેંચી લે છે અને ધા કરે છે.]

અનુપમઃ—કહી દે હવે, શું હતું?

મનોહરઃ—તારે મને નિરાંતે ચા પીવા ન દેવી હોય તો હું અહીંથી ચાલ્યો જાઉં.

અનુપમઃ—હવે જરા નીચે બેસીને, જે હોય તે વાત કર. મૂર્ખ ન બન.

મનોહરઃ—મહેરબાની કરીને મને જવા દઈશ?

અનુપમઃ— ના, નહિ જવા દઉં. મારે બધી વાત સાંભળવાની ઇચ્છા છે.

મનોહરઃ —સાચવીને રાખી મૂક તારી એ ઇચ્છા, તારી પાસે, ત્યારે.

અનુપમઃ—માઠું લાગ્યું? માફી માગું?

મનોહરઃ—જરૂર.

અનુપમઃ—ત્યારે તું મને શું બન્યું તે નહિ જ કહે?

મનોહરઃ—કાંઇ બન્યું નથી. તારું મગજ ખોટા તર્ક કરે છે.

[મનોહર રકાબીમાંથી ફ્રુટ લઇ આપે છે.]

અનુપમઃ—હં હં સંભાળજે. હાથ કાપી નાંખે એવી છરી છે.

મનોહરઃ—તને એમ હશે કે મેં છરીને બુઠ્ઠી ધારી.

અનુપમઃ—કહે, કહે, દોસ્ત, શનિદેવ તને બહુ સતાવે છે?

મનોહરઃ—શનિ?—એણે તમને કોઇને કાંઇ કહ્યું?

અનુપમઃ —શી બાબત?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહર:—ના, ના, કાંઈ નહિ.

અનુપમ:—કાંઈક ચાલી રહ્યું છે એ તો નક્કી. મને નહિ કહે? જરા છાતીનો ભાર હળવો થશે, કહીશ તો.

મનોહર:—હવે અહીંથી જઈને કોઈ બીજાની છાતીનો ભાર હલકો કરાવ અને મને એકલો પડી રહેવા દે, કૃપા કરીને.

અનુપમ:—ઠીક ત્યારે. તારી એમજ ઇચ્છા છે તો મારે પણ તને કાંઈક કહેવાનું તો છે જ.

મનોહર:—ખરેખર? શું?

અનુપમ:—એટલું જ કે બહારની છોકરીઓ સાથે જો ભટકવા નીકળવું હોય તો આમ જાહેર રીતે ન નીકળવું. એ કેટલું ભયંકર અને મૂર્ખાઈ ભરેલું છે એની તને ખબર છે?

મનોહર:—એટલે?

અનુપમ:—આ તો હું તને કાંઈ કહું તે પહેલા તું કાંઈક બોલ તેની હું રાહ જોઉં છું.

મનોહર:—એટલે તારા બોલવાનો અર્થ બરાબર સમજાયો નહિ.

અનુપમ:—એટલું જ કે તને મેં પેલી શ્યામકેશી સાથે ફરતાં ગઈ કાલે બપોરે જોયો હતો.

મનોહર:—શા માટે ન ફરૂં?

અનુપમ:—અરે, એમાં શા માટેનો સવાલ જ નથી. ફક્ત જરા તું ઉશ્કેરાએલો દેખાઈ આવતો હતો એટલું જ.

મનોહર:—તે વખતે હું મૂર્ખ બન્યો હતો.

અનુપમ:—અને ત્યારપછી તારામાં અક્કલ આવી હશે કેમ? ગયા શનિવારની બપોર પછી કેમ?

મનોહર:—[ઊભા થઈને] એટલે તું શું કહેવા માગે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—અરે, અરે, કાંઇ જ નહિ.

મનોહરઃ—જરૂર તું કંઇક કહેવા માગતો હતો. કોણે આ બધી વાત તને કહી ?

અનુપમઃ—કઇ " બધી વાત " ? આમ જો, જરા. હજ્જારમી વાર તને પૂછું છું કે શું થયું છે તે બોલ. આવું મૂર્ખાઇ ભરેલું કૃત્ય કરવા તું લલચાયો કેમ તે તો બોલ. એ તો તું જ્યારે શનિવારે આવ્યો ત્યારે જ મને લાગ્યું હતું કે કાંઇક બાજી બગડી છે. પરન્તુ તે વખતે હું કાંઇ બોલ્યો નહિ. મને એમ હતું કે તું જ બોલીશ. તું તો મને હમેશાં દિલખોલીને વાત કરનારો છે. અને તને ખબર છે કે હું તને એ માટે ઉધડો લેવાનો નથી.

[મનોહર ટેબલ પાસેની ખુરશી ઉપર બેસે છે અને—અનુપમ ટેબલને એક છેડે બેસે છે.]

અનુપમઃ—[ચાલુ] ખરૂં જ કહું છું. મનોહર, કે તને હું મદદરૂપ થાઉં એમ હું ખરા દિલથી ઇચ્છું છું. કહે જોઇએ ત્યારે, દોસ્ત, કહી દે. જો, ડાહ્યો છે ને !

મનહરઃ—ઓ પ્રભુ હું મૂર્ખ બન્યો છું.........ઓહ, આ જીંદગી કેટલી અટપટી અને જોખમ ભરેલી છે. ખરૂં છે, અનુપમ, હું પેલી શ્યામકેશી સાથે ગઈ કાલે બપોરે હતો. કહું ? હું શા માટે ગયો હતો ? બસ, શું થાય છે કે કોણ જુએ છે તેની મને પરવા જ રહી ન હતી. મને એ બહાર નીકળતાં જ મળી ગઈ અને એણે મને દૂર દૂર ફરવા આવવા કહ્યું !

અનુપમઃ—પછી શું થયું !

મનોહરઃ—એ તો તું અનુમાન કરી લેજે. ઓ, પ્રભુ, કાંઈ જ ન બન્યું હોત તો ? બહુ ભયંકર બની ગયું—બહુ જ ભયંકર !

અનુપમઃ—અને તું—કોઇ નહિ અને તું ! તને એવું સૂઝયું જ કેમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હું કહું છું કે મને કશાની પરવા નથી......કશાની કશી પરવા નથી.

અનુપમઃ—પણ શા માટે? તું આમ તદ્દન બદલાઈ ગયો એનું કાંઇક કારણ તો હશે ને?

મનોહરઃ—એ હું તને કહી શકું તેમ નથી. કહી જ શકું નહિ. મહેરબાની કરીને મને ન પૂછ.

અનુપમઃ—આ વાતને લતા સાથે તો કશો સંબંધ નથી ને?

મનોહરઃ—બસ મને પૂછ જ નહિ.

અનુપમઃ—કહેને, ત્યારે, શું હતું? બોલ જોઈએ.

મનોહરઃ—સોગંદ?......વચન આપીશ કે કોઇને કશું નહિ કહે? સોગંદપૂર્વક?

અનુપમઃ—સોગંદપૂર્વક.

મનોહરઃ—જો, ત્યારે......ના, ના, હું કહી શકતો નથી, જવા દે......મને કંઇ જ પૂછીશ નહિ......નહિ કહી શકું. ગઈકાલની વાત કોઇને કહીશ નહિ......વિનોદને કે બીજા કોઇને.

અનુપમઃ—અરે, એમ તે કાંઇ કહું?

મનોહરઃ—ફરીથી હું એમ નહિ વર્તું...કદી નહિ. જા એટલું હું તને વચન આપી બંધાઉં છું. અત્યંત ભયંકર વાત બની ગઇ. એકલી પશુતા...મારું આખું શરીર જાણે મલિન બની ગયું છે! અને એ વખતે તો જાણે એકલી બેપરવાઇ અને નિર્લજ્જતા મને વળગી રહી હતી.

અનુપમઃ—ગભરા નહિ, મનોહર. મારાથી બને તેટલી તને મદદ કરવા હું તૈયાર છું.

મનોહરઃ—ઉપકાર. પણ તું શું મદદ કરી શકવાનો? એ તો હું જ ધીમે ધીમે શાન્તિ મેળવી લઈશ. અનુપમ, ગઈ કાલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી રીતભાત માટે તું મને ધિક્કારે છે ખરો ?...જો, તે, હું જ વિનોદને કેટલો ધિક્કારૂં છું !

અનુપમઃ– નહિ જ તો. તને શા માટે ધિક્કારૂં ?

મનોહરઃ—હું જ મારી જાતને ધિક્કારૂં છું.

[બહાર બારણું ખખડાવાનો અવાજ થાય છે.]

અનુપમઃ---કોણ છે ?

[કપૂર આવે છે.]

કપૂરઃ—જી, ચાનાં વાસણ લઇ જાઉં ?

મનોહરઃ—હા, હા, લઇ જા. [ઊભો થઇને બાજુ પર જાય છે.]

અનુપમઃ—હું જરા પત્રક તૈયાર કરી આવું. હમણાં જ આવું છું.

[અનુપમ જાય છે.]

મનોહરઃ—કપૂર, જરા આમ આવ તો. પૂછું તેનો જવાબ દે.

કપૂરઃ – જી.

મનોહરઃ—રમણની વાત લતાબાઇને પૂછવાનું તારે કાંઇ કારણ ?

કપૂરઃ—કારણ ? એણે શું કર્યું એ હું પૂછતો હતો.

મનોહરઃ—તને ખબર ન હતી ?

કપૂરઃ—ખબર હોય તો પૂછું ખરો ? કોઇ મને કહેતું ન હતું..વિનોદભાઇએ મને કહ્યું કે લતાબાઇને પૂછી જો.

મનોહરઃ—વિનોદે ?

કપૂરઃ—તો..........?

મનોહરઃ—એણે કહ્યું કે લતાબાઇને પૂછ ?

કપૂરઃ—ત્યારે ? અનુપમભાઇ અને મધુકરભાઇ બન્ને હતા એ વખતે પૂછી જોજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—ગધેડા; એ તારી મશ્કરી કરતો હતો એટલુંયે ન સમજ્યો ? એક બાઈ માણસને એવી વાત પૂછતાં તારી જીભ કેમ ઉપડી ?

કપૂરઃ—કેવી વાત હશે એટલી પણ મને તો ખબર ન હતી.

મનોહરઃ—હવે ખબર પડી ?

કપૂરઃ—હા, હવે તો પડી.

મનોહરઃ—એમણે—લતાબાઈએ તને કહ્યું ?

કપૂરઃ—ના, એમણે તો બરાબર ન કહ્યું પણ વિનોદભાઈએ કહ્યું.

મનોહરઃ—વિનોદે કહ્યું, અને વિનોદ જાણે છે કે તેં લતાબાઈને પૂછેલું ?

કપૂરઃ—ના, મેં એને એ વાત કરી જ નથી ને લતાબાઇ જાણે તો એને ખરાબ લાગેને. કાલે મને વિનોદભાઇ પૂછતા હતા કે "કાં ખબર પડી ?" પછી મેં ના કહી એટલે એણે મને બધી વાત કરી.

મનોહરઃ—બહુ સારું, હવે જા અહીંથી.

કપૂરઃ—પણ ચાનાં વાસણ સાફ કરવાં છે તે ?

મનોહરઃ—ભલે રહ્યાં હમણાં. પછી કરજે જા.

કપૂરઃ—આ ચાલ્યો.

[કપૂર મોં વડે સિસોટી વગાડતો જાય છે. મનોહર એક ચોપડી લઇને બારી પાસે બેસવા જાય છે, ત્યાં વિનોદ અને મધુકર આવે છે]

વિનોદઃ—ઓહ્‌હો, કવિરાજ, અનુપમ ક્યાં ?

મનોહરઃ—હમણાં આવશે.

[મધુકર ગ્રામોફોન વગાડવું શરૂ કરે છે.]

મનોહરઃ—મધુકર, જરા રહેવા દે તો. વિનોદ, મારે તારી સાથે વાત કરવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદઃ—હાજર છું, સેવામાં, રસરાજ.

મનોહરઃ—રમણની વાત લતાબાઈને પૂછવાનું તેં કપૂરને કહ્યું હતું ?

વિનોદઃ—કહ્યું હશે. પછી એણે પૂછેલું ?

મનોહરઃ—શા માટે તેં કહેલું ?

વિનોદઃ—બસ, ગમ્મત ખાતર. કેમ શું કાંઇ બગડી ગયું ?

મનોહરઃ—તને એમાં ગમ્મત લાગી, કેમ ? મને તો એ એક હલકટ માણસની ચેષ્ટા લાગે છે.

વિનોદઃ—પણ તારો અભિપ્રાય કોણ માગે છે ?

મનોહરઃ—માગે કોણ ? હું જ તને મફતમાં આપું છું. ફરીથી કહું છું કે એવું કૃત્ય તો એક પશુને છાજે, માણસને નહિ.

વિનોદઃ—હજી પણ તને એમ લાગે છે ?

મનોહરઃ—હા, હા, હજી પણ. નીચ અને અધમ કૃત્ય. બિચારા છોકરાને તો એટલી પણ ખબર ન હતી કે પોતે શું પૂછી રહ્યો છે.

વિનોદઃ—ગમે તેમ પણ હવે તો એને બધી ખબર પડી છે.

મનોહરઃ—હા, એ તને અને તારા મલિન ભેજાને આભારી છે.

વિનોદઃ—અરે, અરે ? આજ કેમ આમ ? મનોહર ! [અનુપમ આવે છે] અરે, અનુપમ, કપૂરે તો લતાને પૂછી જોયું કે "રમણે શું અપરાધ કર્યો ?"

મનોહરઃ—હા, અને અનુપમે વિનોદને એમ કરતાં વાર્યો પણ નહિ.

મધુકરઃ—તને કેમ ખબર પડી કે કપૂરે પૂછી જોયું ? કપૂરે કહ્યું ?

વિનોદઃ—કે પછી લતાબાઇએ કહ્યું ?

મનોહરઃ—તારે કાંઈ પંચાત ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદ:—તારે શ્રીમતી લતાબાઇ સાથે આટલો પરિચય હશે એ તો મને ખબર પણ નહિ હો, મનોહર ? ત્યાં જઇને શીરીન સાથે ફરહાદનો પાઠ તો નથી ભજવ્યો ને ?

મનોહર:—એટલે, એટલે ?

વિનોદ:—ઓહો...પકડાયો, કેમ ? પછી શું થયું ? એણે તો સતી બનીને તને ના કહી હશે !

અનુપમ:—બસ કર વિનોદ મૂંગો મર.

મધુકર:—કમનસીબી, મનોહર. હવેથી કોઇ બીજી સુલભ સ્ત્રીને પકડજે. દાખલા તરીકે શ્યામકેશી.

મનોહર:—એટલે ?

વિનોદ:—એમાં નિરાશ થવાનું કાંઇ કારણ નથી. કોઇ સ્ત્રી "ના" કહે તો સમજી લેવું કે તે "જોઇશ" એમ કહે છે અને "જોઇશ" એમ કહે તો સમજી લેવું કે તે "હા" કહે છે: કેમકે જો તે "હા" કહે તો તો તે......કુલવતી નહિ...... ફરીથી આપણાં મધુરાં લતાબાઈ માટે પ્રયત્ન કરી જોજે. પ્રયત્ન કરવો એ આપણું કામ, પરિણામ એને હાથ. પ્રયત્નથી શું નથી થતું ? પ્રયત્નથી તો એક ટિટોડીએ સમુદ્ર ઉલેચાવ્યો હતો.

મનોહર:—તારી જીભ બંધ કર, વિનોદ, નહિ તો આજે તારું માથું સલામત નથી.

વિનોદ:—કહે તો, મનોહર, એણે શું કહ્યું ? [લટકા કરીને] "શું કરૂં, પ્રાણ, હું ઇચ્છું છું તો ખરી, પણ પરવશ છું. અને ગમે તેમ તોય હું કુલાંગના છું—સારા ઘરની સ્ત્રી છું. અંહંહંહંઅં" કેમ ? પણ ફિકર નહિ, દોસ્ત. એ તો એમ જ કહે. જ્યારે તને ફરીથી લલચાવવાનો વિચાર હોય ત્યારે એવું જ બોલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—હવે તો હદ થઇ!

[છરી ટેબલ ઉપરથી લઇને વિનોદ તરફ દોડે છે. અનુપમ મનો‌હરને પકડી રાખે છે. વિનોદ એક બાજુ ભરાઇ જવા જાય છે.]

અનુપમઃ—મનોહર, મનોહર, આ તું શું કરી રહ્યો છે?

મનોહરઃ—છોડ, એને મારા હાથમાં આવવા દે.

મધુકરઃ—હં, હં, જરા સાચવીને. એના હાથમાં છરી છે હં.

અનુપમઃ—મનોહર ! [શનિદેવ દાખલ થાય છે.]

મધુકરઃ—સંભાળો.

શનિદેવઃ—આ બધું શું ચાલી રહ્યું છે? આ છરી અને આ શૂર‌વીરતાની ઢબે ઊભા રહેવાનો અર્થ શો છે તે કોઇ કહેશો?

મનોહરઃ—એને મારી નાંખું—એને મારી નાંખું.

શનિદેવઃ—અરે પણ કોઇ બોલશો? અનુપમ, એ તારી ઉપર હલ્લો કરી રહ્યો હતો?

અનુપમઃ—ના, જી.

શનિદેવઃ—ત્યારે? બોલી દે, જલદી, હું જાણવા માગું છું---કોની વિનોદની ઉપર હતો?

મનોહરઃ—હા, [છરી હાથમાંથી પડી જાય છે]

શનિદેવઃ—આ છરી વડે વિનોદ ઉપર હલ્લો હતો કેમ?

મનોહરઃ—હા.

શનિદેવઃ—અને હું પૂછું છું કે "શા માટે"?

મનોહરઃ—હવે શા માટેની તમારે જરૂર નથી રહી. તમારે જોઇતું હતું તે તમને મળી રહ્યું. જેની તમે રાહ જોઇ રહ્યા હતા તે મળી રહ્યું. હવે ખરો લાગ છે. હવે મને કાઢી મૂકી બાજી સંકેલી શકો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિદેવ:—મારી સામે આટલું બધું બોલવાની ધૃષ્ટતા આવી ખરી!

મનોહર:—ધૃષ્ટતા, ધૃષ્ટતા?......[કંપવા લાગે છે. લથડીઆં ખાતો ટેબલનો એક છેડો પકડી રહે છે. ગુંગળાઇ જતો હોય તેવો અવાજ એના ગળામાંથી નીકળે છે.]

શનિદેવ:—ચાલ, જરા ખબરદાર થા, છોકરા. એમ છોકરીની જેમ મૂર્છાવશ થવાનો દેખાવ ન કર.

મનોહર:—મને જ્યાં જોઇએ ત્યાં લઇ જાઓ અને વાત પૂરી કરો. તમે જીતી ગયા. હવે તો મને સતાવવાનું બંધ કરશો?

શનિદેવ:—એને દવાખાનામાં લઈ જાઓ, ચાલો; અનુપમ, તમારું બધાનું મારે કામ પડશે. ચાલ હવે, મનોહર, ચાલો કોઇ એનો બીજો હાથ પકડો.

[શનિદેવ મનોહરનો હાથ પકડવા જાય છે. મનોહર ઝટકો મારી ખસી જાય છે. અને બારણા તરફ જાય છે. શનિદેવ અને અનુપમ પાછળ જાય છે.]

પડદો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય બીજું

સ્થળ

લતાનો ઓરડો.

સમય

બીજે દિવસે બપોરે. પડદો ઊપડે છે ત્યારે લતા બારી પાસે ઊભી હોય છે. મુન્ની અનુપમને લઇને આવે છે અને પછી ચાલી જાય છે.

લતાઃ—આવો, આવો. મારો સંદેશો મળ્યો હતો કે ?

અનુપમઃ—હા, મારું કાંઈ કામ હતું ?

લતાઃ—હા, સારું થયું, તમે આવ્યા.

અનુપમઃ—બોલો, શી આજ્ઞા છે ?

લતાઃ—મનોહર વિષેની આ બધી ધાંધલ બાબત મારે તમારી પાસેથી બધું જાણવું છે.

અનુપમઃ—હા, શું શું જાણવું છે ?

લતાઃ—બધું. મેં એ બધું આજે જ સાંભળ્યું. એના બાપને બોલાવ્યો છે; અને તે હજી એક કલાક પહેલાં જ આવ્યા. બધા ઉપાચાર્ય પાસે ગયા છે. શા માટે આ બધુ ચાલી રહ્યું છે તે હું જાણવા માગું છું.

અનુપમઃ—શાંતિદેવે બધી વાત તમને કરી તો હશે જ.

લતાઃ—લગભગ નહિ જેવું: અને એ ઉતાવળમાં પણ હતા.

અનુપમઃ—તેઓ આવે ત્યાં સુધી રાહ જુઓ તો સારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—ના. એટલો વખત નથી. હું તો હમણાં જ જાણવા માગું છું. બેસોને. [બન્ને બેસે છે] હા, કહો હવે.

અનુપમઃ—કહેવું જરા મુશ્કેલ છે.

લતાઃ—એ હું સમજું છું. પરન્તુ ગમે તેટલું મુશ્કેલ હોય તો પણ તમે મને વાત કરો. વાત જાણવાનાં ઘણાં કારણો છે. તમે તો એના મિત્ર છો એટલે જ મેં તમને બોલાવ્યા.

અનુપમઃ—એમ છે કે હમણાં હમણાં એ બરાબર હોય એમ દેખાતો નથી. કોણ જાણે શું છે...ઉદાસ અને...અમે ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ વાતોમાં ભાગ લે નહિ—પછી, ગઇ કાલે અમારા ઓરડામાં બીજા એને ચીડવતા હતા અને એણે મિજાજ ખોયો. એ લોકો કાંઇક હદથી બહાર ગયા હશે એટલે...... મેં કહ્યું ને, એ આજકાલ બરાબર તો દેખાતો જ નથી અને......તે છરી ઉપાડીને એ લોકોની પાછળ દોડયો.

લતાઃ—કોઇને વાગ્યું ?

અનુપમઃ—ના—ના—મેં એને પકડી રાખ્યો હતો.

લતાઃ—પછી ?

અનુપમઃ—પછી, શનિદેવ આવ્યા. બસ, થયું.

લતાઃ—હં, હં. સમજી. બધા એને શા માટે ચીડવતા હતા ?

અનુપમઃ—કૃપા કરીને એ ન પૂછો તો સારું.

લતાઃ—એ તો પૂછવું જ પડશે. ખરાબ લાગશે પણ પૂછ્યા વિના નહિ ચાલે. કાંઇક ગંભીર કારણ મળ્યું હશે ત્યારે એને છરી લઇને દોડવું પડયું હશે ને ? શું હતું ?

અનુપમઃ—ખરેખર......મારી......મારી જીભ ઉપડતી નથી.

લતાઃ—પણ તમારે કહેવું જ પડશે. ગમે તે હોય પણ કહ્યા વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટકો જ નથી. બોલો. સંકોચનું કાંઈ કારણ નથી. શું થયું?

અનુપમઃ—તમારે વિષે વાત હતી.

લતાઃ—મારે વિષે શી વાત હતી?

અનુપમઃ—ખરેખર......લતાબાઈ......એમ હતું......કે તમારા પ્રત્યે પ્રેમ કરવા વિષેની વાત હતી.

લતાઃ—પ્રેમ કરવા વિષે?......એ લોકોને કયાંથી ખબર?

અનુપમઃ—ખબર તો ન હતી. ફક્ત ચીડવવા ખાતર.

લતાઃ—શાંનિદેવ આ વિષે પૂરેપૂરી હકીકત જાણે છે?

અનુપમઃ—ના.

લતાઃ—મનોહર કાંઇ બોલેલા?

અનુપમઃ—કશું જ નહિ. મને તો એમ લાગે છે કે તમે પોતે એમને આ વિષે કાંઈ જ ન કહો એવું મનોહર ઇચ્છે.

લતાઃ—નહિ કહું. બસ?

અનુપમઃ—હા, બસ. એમ જ.

લતાઃ—આ બધું કયારે બન્યું?

અનુપમઃ—કાલે બપોરે આ વખતે.

લતાઃ—મનોહર અત્યારે કયાં છે?

અનુપમઃ—દરદીના ઓરડામાં. અમે એને ત્યાં લઇ ગયા છીએ.

લતાઃ—એણે કાંઇ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન ન કર્યો?

અનુપમઃ—ના......એણે કાંઈક કહ્યું ખરું......પણ હું બરાબર સમજ્યો નહિ......મને એ વખતે સૂઝયું પણ નહિ...પણ પાછળથી વિચાર થયો કે...એ કાંઈક "શાંનિદેવ જીત્યા" એવું બોલ્યો પણ એનો કાંઈ અર્થ સમજાયો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાઃ—અને સમજાયો છે. આનું પરિણામ શું આવશે એમ ધારો છો, અનુપમ ? કાઢી મૂકશે ?

અનુપમઃ—હા, મને તો ભય છે કે કાઢી જ મૂકશે. શનિદેવને એ બહુ ભયંકર માણસ લાગે છે. વિકૃત છે એમ તો તેમણે પાછળથી અમને કહ્યું હતું.

લતાઃ—તમે એમને આ બધાં તોફાનનું કારણ ન કહ્યું ?

અનુપમઃ—અમે ફક્ત એટલું જ કહ્યું કે બધા એને ચીડવતા હતા. શા માટે ચીડવતા હતા એ તો એમણે પણ ન પૂછ્યું.

લતાઃ—ન જ પૂછે. [ઊભી થઇને] ઠીક ત્યારે. તમને તસ્દી આપી છે, હો. આટલા નિખાલસપણાથી તમે વાત કરી એ માટે ઉપકાર.

અનુપમઃ—અવિનય ન લાગે તો એક માગણી કરૂં.

લતાઃ—બોલોને.

અનુપમઃ—તમે એનો બચાવ કરવા માટે કાંઇ બોલી કે કરી શકો એમ છો ?

લતાઃ—ના, મને લાગે છે કે હું કાંઇ જ કરી શકું એમ નથી. તમને મનોહર માટે લાગણી છે, ખરૂં ?

અનુપમઃ—હા, ઘણી જ.

લતાઃ—તમારામાં એને વિશ્વાસ પણ હશે.

અનુપમઃ—હા, થોડો ઘણો ખરો. પરન્તુ આ હકીકત વિષે તો હું કશું જ જાણતો નથી.

લતાઃ—પણ ઘણી ખરી વાતો વિષે અનુમાન તો કરી શકો.

અનુપમઃ—એ એક અંગત વિષય છે.

લતાઃ—ઓહ, જવા દો. મારી સાથેની વાતચીતથી તમારી અને તેની મૈત્રિમાં તો મેં વિક્ષેપ નથી પાડયો ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમ:—એ તો હવે હું એને મળી શકું એવો સંભવ ઓછો છે. થોડા મહિનામાં હું પણ અહીંથી જવાનો છું અને પછી પરદેશ જવાનો.

લતા:—માફ કરજો ત્યારે.

અનુપમ:—બીજુ કાંઇ ?

લતા:—બસ, કશું નહિ. અને અનુપમ......માનશો ? મારાથી કશું થઈ શકે એમ નથી; ઉલટી વાત વધી જાય એવું છે.

[અનુપમ જરા નમે છે]

આ તરફથી જ જાઓ ને.

અનુપમ:—હા, રજા લઉં છું.

લતા:—મનોહર જાય તે પહેલાં તમારે એને મળવું છે ?

અનુપમ:—પણ મને મળવા દેશે નહિ.

લતા:—એ વ્યવસ્થા હું કરી આપું, જો મરજી જ હોય તો.

અનુપમ:—ઓહો. તો તો, ઉપકાર.

લતા:—તો દસ મિનિટમાં પાછા આવજો. અને બહાર રાહ જોજો, મારાથી બનશે તો પ્રયત્ન કરી જોઈશ.

અનુપમ:—ઉપકાર—ઉપકાર.

લતા:—આવજો, હો.

અનુપમ:—જી—રજા લઉં છું.

[જાય છે. બહાર વાતો સંભળાય છ. લતા બાજુ પર જુએ છે અને પછી બહાર જાય છે. શનિદેવ અને વામનરાય અંદર આવે છે. વામનરાય પ્રૌઢ ઉંમરના એક વેપારી છે.]

શનિદેવ:—સાંભળ્યું ને, મી. વામનરાય, અમારા ઉપાચાર્યનો અભિપ્રાય સાંભળ્યો ? અને...........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—સાચું પૂછો તો મી. શનિદેવ, મને તો આમાંનું કશું સમજાતું નથી. કાંઇ પણ કારણ વિના કોઇ છોકરો છરી લઈને બીજા ઉપર હલ્લો કરે જ નહિ.

શનિદેવઃ—સ્વાભાવિક છોકરો કરે નહિ એ હું કબૂલ કરૂં છું. એ જ મુદ્દાની વાત છે, તો.

વામનઃ—એ તો તમે પહેલાં પણ બોલ્યા હતા. પણ કહેવા શું માગો છો તે તો કહો.

શનિદેવઃ—તમારા છોકરાને હું "સ્વાભાવિક" કોઈ રીતે નથી ગણતો એટલું જ.

વામનઃ—આ પણ એક વિચિત્રતા છે ને! એની આ વિકૃતિ એકલા આ પ્રસંગ સિવાય બીજા કોઈ પ્રસંગમાં તમને દેખાઇ છે? મારાથી કાંઈ છૂપાવતા તો નથી?

શનિદેવઃ—જેટલું પ્રસંગોચિત લાગ્યું તેટલું તો બધું મેં તમને કહ્યું, વાતો તો કેટલીએ બની છે, હું કાંઇ એક વાત ઉપરથી અભિપ્રાય બાંધતો નથી. આ વાતમાં તો જો કે એણે હદ છોડી છે.........એક છોકરો આમ હાથથી વાત જવા દે અને અંકુશ ખોઈ બેસે........

વામનઃ—હા, હા,...એ બધું મેં સાંભળ્યું. આપણને કશું સમજાતું નથી. મનોહર કાંઇ બાળક નથી. હવે વાતવાતમાં ચીડાઇ બેસવા કરતાં ગમ ખાઈ લેવાની એણે ટેવ પાડવી જોઇએ, વારૂ, પણ એની થોડી ઘણી જે ભૂલો તમને ઉચિત ન લાગતી હોય તે તો મને કહી બતાવો. કદાચ મને તે ઉચિત લાગતી હોય.

શનિદેવઃ—ખરેખર મી. વામનરાય, મેં કહ્યું તેટલું બસ નથી! જુઓને, તમારા છોકરાની વર્તણૂંક આજકાલ, દરેક બાબતમાં સંતોષકારક માલૂમ પડી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—ખરેખર, મી. શનિદેવ, હું વિગત જાણવા માગું તો તે વધારે પડતું તો નથી જ, તમે મને અચાનક તાર કરીને જલદી અત્રે બોલાવો છોઃ અહીં આવું છું ત્યારે કહો છો કે મારા છોકરાએ બીજા છોકરાઓ એને ચીડવતા હતા માટે તેમની ઉપર છરી લઇને હલ્લો કર્યોઃ પછી કહો છો કે એ તમારી નિશાળ માટે ભયંકર છે માટે મારે એને ઘેર લઇ જવો; વારેવારે કહ્યા કરો છો કે તે વિકૃત છોકરો છે એટલે તમે એમ કહો છો કે મારો છોકરો ગાંડો થઈ ગયો છે?

શનિદેવઃ—જુઓ, તમે પાછા બરાબર સમજતા નથી અને ઉલટા...

વામનઃ—ત્યારે કેમ કરૂં! મને તો મનોહર હમેશાં "રીતસર" લાગ્યો છે. હા, જરા શરમાળ અને આત્મવિશ્વાસ વિનાનો છે, બીજું, તમે આ જે ઘણી ઘણી બાબતો વિષે બોલો છો તે કઈ કઇ છે? દાખલા તરીકે, એકાદ.....

શનિદેવઃ—ત્યારે દાખલા તરીકે જુઓ એની હમણાં હમણાં મારી પ્રત્યેની તેમજ બીજા શિક્ષકો પ્રત્યેની રીતભાત ઉદ્ધતાઈ ભરેલી લાગી છે.

વામનઃ—એવી વર્તણુંક એ કાંઇ કદી વિકૃતિ કહેવાય નહિ. બીજું કાંઈ?

શનિદેવઃ—વળી છોકરીઓ—ખાસ કરીને લતાબાઇ જે મારે ત્યાં જ રહે છે તેની પ્રત્યેની એની—

વામનઃ—હા...? તેની પ્રત્યે?

શનિદેવઃ—તેની પ્રત્યેની વર્તણુંક વાંધા ભરેલી માલૂમ પડી છે.

વામનઃ—એટલે કે અવિવેક ભરેલી માલૂમ પડી છે એમને?

શનિદેવઃ—તમે મને બરાબર સમજતા નથી મી. વામનરાય.

વામનઃ—પણ તમે વાતને એવી અટપટી કરી મૂકો છો કે હું સમજું જ શી રીતે? આ બધી વાતની પાછળ બીજી કોઈ વાત છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી,—કે નથી ? કાંઇ છુપાવતા હો તો કૃપા કરીને ન છુપાવો. હું એ છોકરાનો બાપ છું અને એણે શું કર્યું છે તે મારે જાણવું જોઇએ. એ લતાબાઇ પ્રત્યે ઉદ્ધત બન્યો હતો એમ જ કે ?

શનિદેવ:—ના......એથી વિશેષ તો બીજું ઘણું છે. થોડા દિવસ પહેલાં મેં એ બન્નેને અહીં સાથે જોયાં હતાં. બરાબર વખતસર જો હું અહીં આવ્યો ન હોત તો શું થયું હોત તે કહી શકાતું નથી.

વામન:—એટલે કે એ લતાબાઈ પ્રત્યે પ્રેમ કરતો હતો, એમ ?

શનિદેવ:—તમે સ્પષ્ટ પૂછાવો તો......હા, એમ.

વામન:—પણ "પ્રેમ કરતો હતો" એનો સ્પષ્ટ અર્થ શું ?

શનિદેવ:—અરે, મી. વામનરાય, ખરેખર.........તમે:પણ........ એ વાતનો હું તમને શું જવાબ ....

વામન:—એટલે કે એની પાપ માર્ગે જવાની તૈયારી હતી એમ ?

શનિદેવ:—ખરેખર......હું......એમાં શું...... ?

વામન:—તમે "હા" કે "ના" એટલું બોલશો ?

શનિદેવ:—લ્યો,......હા, ત્યારે.

વામન:—આપણને તો કાંઈ સમજાયું નહિ. મેં તો કહ્યું કે મનોહર મને તો તદ્દન સામાન્ય રીતભાતનો છોકરો જણાયો છે જરા શાન્ત, જરા ઓછું બોલનારો...જરા વધારે પડતો શાન્ત હશે. આજ અત્યારે તમે મને કહો છો કે એ તો બીજા ઉપર છરી ઉડાડતો હતો અને લતાબાઇ ઉપર આક્રમણ કરતો હતો...

શનિદેવ:—મેં તો તમને કહી દીધું છે કે હું એને ભયંકર ગણું છું. અને વળી ઉદ્ધત. એને તો એમ લાગે છે કે પોતે રસિક છે કેમકે કવિતા કરે છે. હું એને બરાબર ઓળખું છું. જીંદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીનાં પચીસ વરસ કેળવણી પાછળ ખર્ચ્યાં છે તે અમસ્તાં નહિ, સમજ્યા? બહુ જ ભયંકર...

વામનઃ—તમારા ઉપાચાર્ય તો આ લતાબાઈ વાળી વાત બોલ્યા જ નહિ! તમે એને વાત તો કરી હશે.

શનિદેવઃ—ના, મેં વાત નથી કરી. હજી ગઈકાલે તો આ હકીકત બની. અને પછી તો આ તોફાન જાગ્યું. અને મારે મોંએ આવી વાત કહેવી પડે એ પણ જરા ઠીક નહિ. પણ અમારા ઉપાચાર્યનો અભિપ્રાય તો મારા અભિપ્રાયને મળતો થાય છે. આવી પરિસ્થિતિમાં હવે તો...

વામનઃ—વારૂ ત્યારે, મી. શનિદેવ, હું એ છોકરાને લઈ જાઉં છું. આપણને તો આમાં કાંઈ સમજાયું નથી, પણ હું જરા એને મળી લઉં. અને પછી આજે જ અમે ઉપડી જઈએ. એનો સામાન પછી તમે મોકલી આપજો. ક્યાં હશે એ અત્યારે?

શનિદેવઃ—દરદીના ઓરડામાં. લ્યોને હું હમણાં મોકલી આપું. અહીં જ એને મળો.

વામનઃ—હા, એમ જ કરીએ.

[શનિદેવ જાય છે. વામનરાય ટાઈમ ટેબલમાં ટ્રેન તપાસે છે અને લતા દાખલ થાય છે.]

લતાઃ—મી. વામનરાય......?

વામનઃ—ઓહ...આપ......?

લતાઃ—જરા તમારી સાથે વાત કરવી છે, હમણાં શનિદેવ મારે વિષે કાંઈક વાત કરતા હતા ને?

વામનઃ—ઓહ, તમે જ લતા બહેન કે?

લતાઃ—હા, પણ મારે વિષે કેવી વાત થતી હતી તે તો ખબર નથી કેમકે એ તો ગમે તેમ વાત કરી શકે. પરન્તુ હું અત્યારે તરતમાં થોડી હકીકત તમને કહેવા ઇચ્છું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—કહો, ને.

લતાઃ—બની શકે એટલું સ્પષ્ટીકરણ કરૂં છું અને કહું છું કે આ આ બધો દોષ મારો છે.

વામનઃ—અરે, અરે.

લતાઃ—સાંભળો. તમારા પુત્ર તરફ મને આકર્ષણ થયું...મેં એને પ્રોત્સાહન આપ્યું........મેં એને પ્રેમ કરવા દીધો. અને શનિદેવ અમને એમ કરતાં જોઇ ગયા.

વામનઃ—પછી શું બન્યું ?

લતાઃ—હું તમને એમ સમજાવવા માગું છું કે દોષ બધો મારો છે. બધો...આ ગઇ કાલનું તોફાન પણ મારે લીધે જ થયું હતું. બધા એને ચીડવતા હતા કે એ તો મારી સાથે પ્રેમમાં પડ્યો છે. હું જાણું છું કે મેં એની સાથે ખરાબ વર્તન ચલાવ્યું. અત્યારે હું પસ્તાઉં છું. બહુ જ પસ્તાઉં છું... મારી પાસે પૂરા શબ્દો નથી...છેલ્લા ત્રણ દિવસ હતા ન હતા થાય તો તે માટે હું મારો પ્રાણ આપી દઉં. હું તમને એટલું જ કહેવા માગું છું કે બધો દોષ મારો છે. બન્યું ન બન્યું કોઇ રીતે થઈ શકતું હોત તો........

વામનઃ—તમારા શનિદેવ તો વળી આથી કાંઇ જુદી જ જાતની વાત કરતા હતા.

લતાઃ—કરે જ તો.

વામનઃ—એણે કહ્યું કે મારો છોકરો તમારી ઉપર આક્રમણ કરતો હતો.

લતાઃ—ભલે એ એમ કહે. એ તમે માનશો નહિ. દોષ મારો હતો ...ભૂલ મારી થઇ છે. તે વખતે હું ભાન ભૂલી હતી-મનોહર માટે પરિણામ કેવું આવશે તે પણ તે વખતે મને સમજાયું નહિ. એટલે ગુન્હેગાર તો હું બની છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—ઊભાં રહો જરા. હવે મને બરાબર સમજાતું જાય છે: તમે જ કહો, શનિદેવ કરતાં તમે મનોહરને વધારે સારીરીતે ઓળખો છો, માટે તમે જ કહો કે તમે એને વિકૃત કે ભયંકર ગણો છો?

લતાઃ—બિલકુલ નહિ. એ શરમાળ છે અને કંઇક એકલા પડી ગયા છે એમ મને લાગ્યું, બાકી તો એ સુંદર જુવાન છે.

વામનઃ—એવું તો તમારી પાસેથી જાણું છું.

લતાઃ—પણ હું જાણું છું, ને. મારે વિષે તમે ખરાબ અભિપ્રાય ભલે બાંધો. મારે બચાવ છે જ નહિ. કૃપા કરીને એને ન દુભવશો. શિખામણ ભલે આપો. અને એને લઈ જાઓ. પણ એનાથી એને દુઃખ થાય એવું કરશો નહિ.

વામનઃ—એટલે મારે શું કરવું?

લતાઃ—તમે હવે એનું શું કરવા ધારો છો?

વામન—એ કોઈ વિચાર મેં હજી સુધી કર્યો ન હતો. હવે એને કોઇ વિદ્યાપીઠમાં મૂકવો એ તો બને એમ નથી.

લતાઃ—એને અત્યારે સહાનુભૂતિ અને લાગણીની ખરી જરૂર છે.

વામનઃ—એ તો હું પણ સમજું છું. થોડો ઘણો મારો પણ એમાં દોષ છે. અમે એક બીજાના નિકટ પરિચયમાં આજસુધી કદી આવ્યા નથી. એની મા એને નાનો મૂકીને ગુજરી ગઈ તે પછી કોણ જાણે કેમ અમે એક બીજાથી સંકોચ પામ્યા કરીએ છીએ. જો કે આમ બહુ સારો સંબંધ.....પણ...

લતાઃ—હા, હા, એ તો પિતા–પુત્ર જેટલો સંબંધ......

વામનઃ—મારું ઘર મારાં એક બહેન છે તે સંભાળે છે. એ બિચારાં ઘણી મનોહરની સંભાળ રાખે પરન્તુ એ નાનપણમાં વિધવા થયાં છે અને ગમે તેમ તોય મા જેવું કાંઇ કોઇથી થવાય છે? એ વાત જ જુદી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતા:—એને તમે ક્યાંઈ બહાર લઇ જાઓ......લાંબી મુસાફરીએ; એની સાથે પરિચય વધારીને એને ઓળખવા માટે.

વામન:—એ તો અમને બન્નેને દુઃખકારક બન્યા વિના ન રહે. અમે બન્ને સંકોચથી જ મરી જઈએ.

લતા:—વાહ, એક પિતા થઈને તમે એનું ભલું ઇચ્છતા હો તો એ સંકોચ તમારે દૂર કરવો જોઈએ.

વામન:—તમારી જેમ?

લતા:—એમ જ. મને તો એ ખૂબ ગમે છે. ખૂબ જ ખૂબ. પણ એમ ચમકી ન જાઓ.

વામન:—હું તો કંઇએ ચમકતો નથી. ચાલો ત્યારે, મારાથી બનતું હું કરીશ. હવે એને હું ધંધામાં જ જોડી દઉં છું. પછી હું એની સાથે છૂટથી રહીશ અને પિતા-પુત્ર વચ્ચેનો બની શકશે તેટલો સંબંધ વધારીશ.

લતા:—એ સંબંધનો બદલો તમને જરૂર મળી રહેશે.

વામન:— કહું છું ને, કે મારાથી બનતું બધું હું કરવાનો. થયું?

[હાથ જોડી નમસ્કાર કરે છે.]

લતા:—બસ. [નમસ્કાર કરે છે.]

[લતા જાય છે. શનિદેવ અને મનોહર દાખલ થાય છે.]

શનિદેવ:—ચાલો ત્યારે હું જાઉં. કાંઈ કામ પડે તો હું પાસેના ઓરડામાં છું. [જાય છે.]

વામન:—કેમ, મનોહર?

મનોહર:—કેમ, બાપુ?

વામન:—આનું પરિણામ જાણ્યું?

મનોહર:—હા, જાણ્યું. રજા મળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—વાત જરા ગંભીર બની ગઈ ખરૂં ?

મનોહરઃ—લાગે છે ખરી.

વામનઃ—મારે હવે કેમ કરવું ?

મનોહરઃ– વારસામાંથી બાતલ કરો, બીજું શું ? મને કાઢી મૂકો. ભવિષ્યમાં ખટખટ નહિ. મેં તો સર્વ ગોટાળો જ કર્યો છે એટલે હવે........

વામનઃ—એવી નાટકી ઢબ મૂકી દે. મારી પાસે એ નકામું છે.

મનોહરઃ—પણ હું ખરૂં જ કહું છું.

વામનઃ—જો મનોહર, તારે મને કાંઈ કહેવાનું હોય તો તે હું સાભળું. આ શનિદેવ જે વાત કરે છે તે ઉપરાંત બીજી ઘણી વાતો એની પાછળ છૂપાયેલી હોવી જ જોઇએ એમ મને લાગ્યા કરે છે.

મનોહરઃ—શનિદેવે કહ્યું છે તે જ પૂરતું છે.

વામનઃ—પણ મારે તારો પક્ષ સાંભળવો છે.

મનોહરઃ—મારે પક્ષ છે જ નહિ.

વામનઃ—ત્યારે હવે તું શું કરવા ધારે છે તે કહે.

મનોહરઃ—મને જુવાન ગુન્હેગારોને સુધરવા મોકલે છે ત્યાં મૂકો એટલે સુધરી જાઉં.

વામનઃ—મનોહર, જરા ગંભીર બનીને બોલ. આ કોઇ મશ્કરી ચાલતી નથી.

મનોહરઃ—બધી મશ્કરી જ ચાલી રહી છે ને ? મને તો મારી બુદ્ધિ પ્રમાણે બધી મશ્કરીની વાતો લાગે છે.

વામનઃ—મનોહર, શું થયું તે તું મને કહી દેને ?

મનોહરઃ—પરમાત્માને ખબર. કાં તો આ જીવન—કાં તો હું—અથવા કહો કે બન્ને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—હજી વધુ સ્પષ્ટતાથી બોલવાની ઇચ્છા થાય છે ખરી ?

મનોહરઃ—બાપુ, તમે શાન્તિદેવની વાત સાંભળી લીધી. હું એ બધી વાત કબૂલ રાખું છું. અક્ષરે અક્ષર કબૂલ; બોલો, હવે કાંઈ ?

વામનઃ—હું તો બધું બરાબર સમજવા માગું છું.

મનોહરઃ—હું એમની પાછળ છરી લઈને દોડયો. બસ થયું. એ લોકો મને ચીડવતા હતા અને હું ચીડાઈ ગયો. અને હું એક ભયંકર માણસ છું.

વામનઃ—બધા તને શા માટે ચીડવતા હતા તે કહે, ચાલ.

મનોહર—જવા દો. એ વાતમાં કાંઈ માલ નથી.

વામનઃ—ખરેખર ?

મનોહરઃ—કાંઈ જ માલ નથી. બસ ચીડવતા હતા.

વામનઃ—તને ખબર છે, મનોહર ? હું હમણાં જ લતાબાઈને મળ્યો છું.

મનોહરઃ—ભલે, પણ એને કશી ખબર નથી.

વામનઃ— છે, છે, એણે તો મને કહ્યું.

મનોહરઃ—પણ એ બને જ કેમ ? એને કોણે કહ્યું હોય ? શું... ......ઓહ !

વામનઃ—હવે જો, મને એણે બધી વાત કરી છે.

મનોહરઃ—બાપુ, બાપુ. બસ હવે. વધુ બોલશો નહિ. મને અહીંથી રજા મળી એટલી શિક્ષા બસ નથી ?

વામનઃ—મારે તારું દૃષ્ટિબિન્દુ જાણવું છે.

મનોહરઃ—ના, ના. હું મૂર્ખ બન્યો છું. એટલું જ બસ છે, શા માટે મારી પાસે બધું બોલાવો છો ?

વામનઃ—ચાલ ત્યારે. હવે આગળ અભ્યાસ કરવાની વાત પડતી મૂકીએ; કેમ બરાબર ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહરઃ—ભલે.

વામનઃ—ધંધામાં એકદમ જોડાઈ જવાની તારી વૃત્તિ છે ?

મનોહરઃ—તમે કહો તે બધું કબૂલ. મારે કશો વાંધો છે જ નહિ.

વામનઃ—તારે તારી પસંદગીનો સવાલ જ નથી ?

મનોહરઃ—ના.

વામનઃ—થોડા દહાડા મુસાફરીએ જઈ આવવું છે ?

મનોહરઃ—ના...ના...તમે મને લેતા હો તો મારે ધંધામાં જોડાઈ જવું છે. જેમ જલદી તેમ વધુ સારું.

વામનઃ—વારુ ત્યારે.

મનોહરઃ—આપણે હવે જશું ? મારે હવે કોઈની રજા લેવાનું અને આંસુ વહેવરાવવાનું બાકી રહ્યું નથી. એવી રીતે છૂટા પડવાનું મેં અગાઉથી નક્કી પણ નથી કર્યું....કેમ,...કોઈની રાહ છે ?

વામનઃ—ના, ના, રાહ તો કોઇની નથી. ફક્ત લતાબાઇ તને મળી લેવાનું કહેતાં હતાં.

મનોહરઃ—ના...ના...

વામનઃ—કેમ, કેમ ?

મનોહરઃ—ચાલોને જતા જ રહીએ. મને લાગણીના દેખાવ કરવાનું ગમતું નથી.

વામનઃ—તારે એની રજા લેવી જોઇએ.

મનોહરઃ—ના, હું તો કલંકિત છું.

વામનઃ—એની નજરે નથી.

મનોહરઃ—બાપુ, રહેવા દો. ચાલો જતા રહીએ. હું એક ઘડી પણ અહીં રહી શકું એમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનઃ—ભલે ત્યારે, હું શનિદેવની રજા લઇ આવું.

[જાય છે. અનુપમ ડોકાય છે.]

મનોહરઃ—અનુપમ ?

અનુપમઃ—હા, હું છું.

મનોહરઃ—હું અહીં છું એ તેં શી રીતે જાણ્યું ?

અનુપમઃ—લતાબાઇએ કહ્યું. હું બહાર રાહ જોતો ઊભો છું.

મનોહરઃ—લતાબાઇએ ! અનુપમ, તેં એમને આ બધા તોફાનનું કારણ કહ્યું ?

અનુપમઃ—હા.

મનોહરઃ—એમ કહેવાય ? એ તો હલકાઇ કહેવાય.

અનુપમઃ—એણે પરાણે કહેવરાવ્યું અને એણે તો અનુમાનથી પણ જાણી લીધેલું.

મનોહરઃ—હશે. ચાલો. આમ કે તેમ તેની હવે ચિંતા શી કરવી ?

અનુપમઃ—મનોહર, મને બહુ જ લાગી આવે છે. પણ હું શું કરૂં ? શનિદેવને કાંઇ કહેતાં જીભ પણ નથી ઉપડતી.

મનોહરઃ—કાંઇ ફિકર નહિ, હવે.

અનુપમઃ—પેલા વિનોદને હું જોઈ લઇશ. જો, તું બહુ દુઃખી ન થતો, દોસ્ત. જે બની ગયું તે ગમે તેટલું ખરાબ હોય તો પણ એમાં શરમાઇ રહેવા જેવું કશું નથી.

મનોહરઃ—ખરેખર ? ચાલ, હવે, તું જા. હમણાં શનિદેવ આવી પહોંચશે. સાહેબજી.

અનુપમઃ—કોઈ કોઈ વખત કાગળ લખીને યાદ કરજે.

મનોહરઃ—હા, હા, આવજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમઃ—સાહેબજી.

[બન્ને હાથ મેળવી મળે છે. અનુપમ જાય છે. લતા દાખલ થાય છે. અને બારણામાં ઊભી રહે છે. મનોહર બારીમાંથી બહાર જુએ છે.]

લતાઃ—મનોહર, મારે તમને કાંઇક કહેવાનું છે. સાંભળશો ?

મનોહરઃ—જેવી તમારી ઈચ્છા.

[લતા આગળ આવે છે. અને બેસે છે.]

લતાઃ—જે વાત બની ગઇ તે વાતનું મને કેટલું દુઃખ થાય છે તે હું તમને સમજાવવા ચાહું છું.

મનોહરઃ—હશે. થવાનું હતું તે થઈ ગયું.

લતાઃ—એ શા માટે થઇ ગયું તે કહું ?

મનોહરઃ—જવા દો ને.

લતાઃ—ના, કહેવા દો. મનોહર, તમે મને ધિક્કારો છો ?

મનોહરઃ—ના.

લતાઃ—તે દિવસે હું જે કાંઇ બકી ગઇ તેનો કશો ઊંડો અર્થ હતો જ નહિ.

[મનોહર તેની સામે કડવાશથી જુએ છે.]

મનોહરઃ—બસ, હું જાઉં છું એટલી ખાત્રી થઇ કે તરત બોલ્યું બદલો છો કે ?

લતાઃ—મારે બોલવું તો જોઇએ જ. તમને સત્ય કહી દેવું જોઇએ. બેસો તો ખરા.

મનોહરઃ—શી જરૂર છે?

લતાઃ—બેસો, બેસો.

[મનોહર આવીને તેની પાસે બેસે છે.]

લતાઃ—મનોહર. હું બોલી ગઇ તે બોલી ગઇ. ઘણું ખરૂં ખોટું બોલી. હું તો એટલું જ માગું છું કે મારે વિષે ખરાબ વિચાર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવશો. બધી ભૂલ થઈ ગઈ. ભયંકર ભૂલ થઈ ગઈ. તમારા મનની લાગણીઓ મારે ઉશ્કેરાવી દેવી જોઈતી ન હતી. અને હું તમને ચાહું છું એવો મારે દેખાવ પણ કરવો જોઈતો ન હતો. પણ હવે થવાનું હતું તે થઈ ચૂક્યું. મને તમારે માટે લાગણી છે. ફક્ત હવે એ લાગણીને અવકાશ રહ્યો નથી એટલું જ.

મનોહર:—ત્યારે એ વખતે તમે એમ શા માટે બોલ્યાં કે તમે મને ચાહતાં નથી?

લતા:—બોલવું પડયું. તમને બચાવવા માટે. હું સમજું છું કે એથી હૃદયને આઘાત લાગે. મને કાંઈ ઓછો આઘાત નથી લાગ્યો. એવું કહેતાં મારું હૃદય ફાટી જતું હતું છતાં મારે બોલવું પડયું.

મનોહર:—હોય જ નહિ.

લતા:—હું તમને ચાહું છું તેટલા જ તમે મને ચાહો છો તે હું જાણું છું. એ પ્રેમ અમૂલ્ય વસ્તુ છે...... ન ભૂલી શકાય એવી અમૂલ્ય વસ્તુ છેઃ એ તમારું અંતઃકરણ કોરી રહે એ મારે નથી જોઈતું. તમારા સ્મરણમાં એ અમૂલ્ય વસ્તુ તરીકે સચવાઈને રહે એ મારે જોઈએ. બની શકે તો સાચવી રાખજો. એટલું સ્મરણ હું પણ સાચવીશ.

મનોહર:—લતા!

લતા:—હવે આપણે ફરી કદી મળવાનાં નહિ. પણ તમે આ સ્મરણ આનંદપૂર્વક સાચવી રાખજો. એટલું માગી લઉં છું.

મનોહર:—આનંદપૂર્વક?

લતા:—હા. આનંદપૂર્વક. તમે હજી યુવાન છો. તમારી સામે આખું વિશ્વ પડયું છે. હું, તમને સુખી થાઓ એવું ઈચ્છું છું. તમારા જીવનમાં હું એક કડવા સ્મરણ તરીકે અને ઠપકા રૂપે ન ઊભી રહું એટલું માગું છું. તમારા ભવિષ્યના પ્રેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું બગાડું નહિ એવું માગું છું. આ પ્રેમ તો વિશ્વનું અમૂલ્ય રત્ન છે. અત્યારે તો પ્રેમનો જ્યાં ત્યાં નિરર્થક વ્યય થાય છે અને પરિણામે દુષ્ટ બને છે. પછી તો એવા પ્રેમમાંથી તિરસ્કાર અને પશુતા જન્મે છે. મારો પ્રેમ એવું પરિણામ તમારા જીવનમાં કદી ન લાવે. એટલું હું માગું છું.

મનોહરઃ—કદી નહિ, લતા, કદી એવું બને નહિ.

[લતા મનોહરના હાથ પકડે છે.]

લતાઃ—મેં તમને ખરા હૃદયથી ચાહ્યા છે; તમે એટલું સમજી લઇને સ્મરણમાં રાખજો. બસ. [ઊભી થાય છે] બસ, હવે તમે જાઓ.

[મનોહર ઊઠે છે.]

મનોહરઃ—લતા, લતા, તમે તો મારું સર્વસ્વ છો. હું શી રીતે...?

[લતા પાસે જાય છે અને હાથ પકડે છે.]

લતાઃ—મનોહર, ભલા મનોહર, જરા હોશિયાર થાઓ. જાઓ, એમ મને પણ ગભરાવો નહિ. [મહેનતથી મનોહરનું માથું ઊંચું કરે છે] જાઓ આવજો, પ્રભુ તમારું ભલું કરે.

[લતા એના માથામાં ચુંબન કરે છે અને પછી બહાર ચાલી જાય છે. મનોહર ઢઢળી પડે છે. કોઈના આવવાનો અવાજ સાંભળી સ્વસ્થ થાય છે.]

મનોહરઃ—કોણ ?

[વામનરાય અંદર આવે છે. મનોહરને ખભે હાથ મૂકી, એની સામું જોઈ, સ્મિત કરે છે.]

વામનઃ—કેમ, ચાલશું હવે ?

મનોહરઃ—ચાલોને, હું તો તૈયાર છું.

[બન્ને જાય છે.]

પડદો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ.

૧ લતા, મૂળ નાટકમાં શનિદેવની પત્ની તરીકે છે પરન્તુ જાતીય-વિજ્ઞાનની દૃષ્ટિએ એક પરિણીતા સ્ત્રી કોઇક મૂંઝવણ ભરેલા સંયોગોમાં બીજા ઉપર પ્રેમ કરવા ખેંચાઈ જાય એ ગમે તેટલું સાચું હોય તો પણ શિષ્ટતા એવું વર્તન ચલાવી લે એટલી ઉદાર નથી અને નાટકનો હેતુ પ્રેક્ષક વર્ગ ઉપર વિશુદ્ધ છાપ પાડવાનો હોય તો ભલે પરિણીતા સ્ત્રીને બદલે અહીં લતા પ્રિયતમા શિષ્યાનું પદ સાચવે એમ લાગવાથી આટલો ફેરફાર ઉચિત ધાર્યો છે.

૨ આવી રીતે આપણા જીવનને અનુરૂપ એવા ફેરફારો કરવાની યોજકે છૂટ લીધી છે.

૩ આપણે ત્યાં સ્ત્રીનું પાત્ર પુરુષ ભજવી શકે છે અને એ હાસ્યાસ્પદ દૃશ્ય આપણો પ્રેક્ષક વર્ગ સાંખી શકે છે એ પ્રથા સદંતર બંધ થાય તો જ નાટકમાં સાચો ભાવ ભજવી શકાય; એ હકીકત તરફ આ નાટક ભજવનારાઓનું લક્ષ ખેંચ્યા વિના રહી શકાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરઘરણું

[રશિયન શેહોવના પ્રપોઝલ ઉપરથી]

એકાંકી પ્રહસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

લીંબો પટેલઃ—ગામનો પટેલ

ઓંઘીઃ—લીંબા પટેલની, રાંડેલી પણ ઘરઘરણા માટે તૈયાર જુવાન છોકરી

આંબોઃ—સારી સ્થિતિવાળો જુવાન પટેલઃ ઓંઘી માટે ઉમેદવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરઘરણું

સ્થળ

લીંબા પટેલનું ઘર

પાત્રો

લીંબો અને આંબો

આંબો બની ઠણીને, ધોયેલો ચોરણો, કડીઉં અને માથે રાતો ફેંટો તથા ખભે પછેડી, લગાવીને આવે છે.

લીંબોઃ—બાપલા, આ કોણ ? આંબો ! આવ્ય, બાપા આવ્ય. ધન ઘડી ધન ભાગ્ય, ભલે આવ્યો બાપા. [ભેટે છે] આજ તો સૂરજ કેણી'પા ઊગ્યો ? બોલ્ય, ભાઈલા, સારી પેઠે છો ?

આંબોઃ—આ જુઓને તમે જ ! તમે ખુશીમાં ?

લીંબોઃ—એ તારે આશીરવાદે હીલોળા છે, ને બીજું બધુંય છે. બેશ તો ખરો બાપલા. ને હેં એલા, આ બધો વેશ શેનો ? આ પાઘડી, ને પછેડી, ને કોને મળવા હાલ્યો ?

આંબોઃ—સમજ્યા કે નંઈ તમે ? આ, મળવા તો તમને આવ્યો છું.

લીંબોઃ—તો પછી આમ હોય નહીં. આ તો જાણ્યે બેસતા વરસે જુવાર કરવા નીકળ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબોઃ—સમજ્યા કે નંઈ તમે ? એમ છે......આ......જાણ્યે...... લીંબા કાકા, સમજ્યા કે નંઇ તમે, તમારું કામ પડ્યું છે. કામ તો તમારું જ પડેને ? એમ છે, કાકા, તમે તો...... જીભ ઊપડતી નથી. ઊભા રહો જરા...... ...[આમ તેમ આંટા મારે છે]

લીંબોઃ—[બાજુ પર] મારા બેટાને પૈસા જોતા હશે. પણ એને આપે ઈ જ એનો બેટો. [આંબાને] બોલી નાંખ્ય, બોલી નાંખ્ય.

આંબોઃ—સમજ્યા કે નંઈ તમે ? કાકા......ખોટું લગાડશો મા હોં કાકા......આજે બે'ક એમ છે, જરાક બરાબર નથી. એમ છે......તમારી વિના કોણ મારું છે ? તો ય, મારાથી કાંઈ તમારી સેવાચાકરી થાતી નથી તો ય. અને, અને...... તો ય કાકા, આજ તમારી પાસે આવ્યો છું.

લીંબોઃ—ભલે આવ્યો, મારા બાપલા, ભલે આવ્યો. ને આવ્યો એની ના નંઇ. પણ હવે કહી દે ને, ઝટ, છૂટકો થાય. હં......

આંબોઃ—કહું છું ને કાકા, આ...બોલ્યો સમજ્યા કે નંઇ તમે. એમ છે......આપણી મોંઘી છે ને......તમારી મોંઘી ? એનો કાંઈ વિચાર હોય તો......

લીંબોઃ—[આનંદથી કૂદીને] મારા બાપલીઆ, મારા બેટડા આંબા, શું કીધું ? ફરીથી કહે, એકવાર. આ તે હું જાગું છું કે ઊંઘું છું ?

આંબોઃ—મોંઘી માટે કાંઇ વિચાર હોય તો.

લીંબોઃ—[વચ્ચેથી] ઈ શું બોલ્યો ? વિચાર હોય તો ? ગોળથી વળી ગળ્યું શું ? મારો વિચાર જ છે ને 'બાકીનુ બીજું બધું.' [ફરીથી ભેટે છે અને હેત કરે છે] આજ મારા મનના મનોરથ પૂરા થયા. હાશ, હાશ તું તો મારી આંખ્યની કીકી જેવો છો, મારા છોકરાથી વધુ વહાલો. બસ સુખી થાઓ અને મોજ કરો ને "બાકીનું બીજું બધું." બસ મારા મનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોરથ હતો ઈ પૂરો થયો—બસ......બસ......બસ......
અરે પણ આમ હું થાંભલાની જેમ ઊભો શું કામ રહું છું ?
હું તો ભાન ભૂલી ગયો. હરખઘેલો થયો છું ને. ચાલ મોંઘીને
તો ખબર આપું ને, "બાકીનું બીજું બધું."

આંબો:—[હલી જઈને] મારા મુરબ્બી કાકા, શું વિચારમાં ચડી ગયા ? બોલો તો ખરા ? મોંઘી હા પાડશે ?

લીંબો:—તારી જેવો કનૈયો ને ના પાડશે ? ઈ તો જો તારી પાછળ ગાંડી થઈને ન ફરે તો મને બોલાવજે. ને બાકીનું બીજું બધું—આ આવ્યો. [જાય છે]

આંબો:—[એકલો] આ હું આમ ટાઢોબોળ કેમ થઈ ગયો ? ને આ ધ્રુજારી શેની ? આ કાળજામાં, જાણે વસુલાતી સાહેબ આવ્યો હોય, એવો ફફડાટ કેમ થાય છે ? સાળું ઘર માંડવામાં ય હિંમત જો'તી લાગે છે ! જો આમને આમ વિચાર કરવા બેસીએ ને હા, ના, કરીએ ને પડપૂંછડું જોવા બેસીએ તો તો ઘર મંડાય જ નહિ. રામ, રામ, રામ, આ પરસેવો કેમ છૂટે છે ? મોંઘી છે તો ભારે ઘરરખુઃ વળી ફૂટડી છે. કામ-કાજમાં પાવરધી છે. બીજું શું ? પણ મને આ થાય છે શું ? માથું ભમવા માંડયું. આમ કાંઈ ઘર મંડાશે ? મને ઘરભંગ થયાં કેટલો ય વખત થઈ ગયો એટલે આમ ગભરામણ થાતી હશે ! કાળજાનો ફફડાટ તો જાણે મટતો જ નથી ને ? રાતે સૂવા માટે માથું ઢાળું છું, ને ફફડાટ થાય છે. ઊભો થાઉં ને ફફડાટ મટે. સૂઈ જાઉં ને ફફડાટ વધે !

[મોંઘી આવે છે. ખોળો વાળીને એમને એમ આવે છે]

મોંઘી:—લ્યો, તમે છો ને ? બાપા પણ ભારે છે ! મને કહે માલ ખરીદવા ઘરાક આવ્યું છે ને વાટ જુએ છે ! સારી પેઠે છો ?

આંબો:—તમ દીઠે વિશેષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંઘીઃ—અરરરર, હું તો આમને આમ ચાલી આવી! ચીભડાંની કાચરી સૂકવતી'તી ત્યાંથી આંહી આવી. [ઘાઘરો સાડલો ઠીક કરે છે] કેમ દેખાતા નથી? લો, બેસો તો ખરા. છાશ પીઇને જાજો.

આંબોઃ—ના હું તો શીરાવીને આવ્યો છું.

મોંઘીઃ—ત્યારે હોકલી તો પીઓ! લ્યો દીવાસળી લાવું. કાલ્ય તો મે' બહુ આવ્યો. દાડીઆં બધાં પાછાં ગયાં ને કામ કાંઇ થયું નહિ. તમારે ગંજી ખડકાઇ ગઈ? અમારે તો ખડ વઢાવ્યું ઇ પૂળા એમને એમ પડ્યા રહ્યા. વઢાવ્યું ન હત તો સારું હતું. ખડ બધું બટાઇને રાખ થઇ જાશે. આજ કેણી'કોર જાવું છે આમ લુગડાં પહેરીને? કોઇના વીવા-ખીવા છે? સાચું કહેજો હો, કયાં જાવું છે?

આંબોઃ— એમ છે...લ્યોને, તમને કહી જ દઉં. ખોટું લગાડશો મા હો, ખીજાશો નહિ...[છાતીએ હાથ લગાડી, બાજુપર જઇને] હાય, આ ફડફડાટ બંધ નથી પડતો.

મોંઘીઃ—એમાં ખોટું શેનું લાગે? કહોને તમે તમારે...હં.

આંબોઃ—કહું છું ને...આ બોલ્યો. સમજ્યાં કે નંઇ તમે. તમારાં કુટુંબની ને અમારા કુટુંબની વાત જ જુદી. આપણે કયાં આજની ઓળખાણ છે? ઘણું જીવો મારા કાકા ને કાકી તે મને દીકરો કરીને રાખે છે અને મરશે તો ય ખેતર મને આપતાં જાશે, ને તમારા બાપા તો બાપા છે, ને તમારી બાનું મૂલ્ય નહિ થાય. આપણાં કુટુંબનો સંબંધ તો જૂનો ને વળી આપણા ખેતરની ભોં અડોઅડ ને વળી મારા જાંબુડાની અડોઅડ તમારું આંબાવાડીઉં...

મોંઘીઃ— ઊભા રહો. શું કીધું તમે? 'મારો' જાંબુડો. કાં? તમારો હશે કાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખોઃ—હા, મારો જ તો વળી !

મોંઘીઃ—સાંભળો વાત, હવે બીજું કાંઇ તમારું ? જાંબુડો તો છે અમારો : તમારો નહિ.

આંબોઃ—એ એ...અમારો છે......

મોંઘીઃ—ક્યાંની વાત ? તમારો જાંબુડો ક્યાંથી થઇ ગયો ? બોલો તો !

આંબોઃ—ક્યાંથી થઈ ગયો એટલે ? હું એમ કહું છું કે આથમણી દિશામાં તમારા આંબાવાડીઆની હારની અડોઅડ અને અમારા ખેતરને શેઢે ઊભો છે ઇ જાંબુડો અમારો છે.

મોંઘીઃ—હા, હા, ઈ જ જાંબુડો અમારો છે.

આંબોઃ—ક્યાંક અંધારામાં જાય છે ને વાશીદે સાંબેલું જાય છે. ઈ જાંબુડો અમારો છે.

મોંઘીઃ—કાંઇ વિચાર કરતા હશે કે બસ, ઇ જાંબુડો અમારો છે, એમ જ ? કેદી'કનો તમારો થઈ ગયો ?

આંબોઃ—કેદી'કનો એટલે ? આ મારો જનમ થયો તે દી'નો તો ઇ અમારો છે.

મોંઘીઃ—તારે ઈ અમારો છે. હઉં ?

આંબોઃ—ઈ વાત ઠીક પણ સમજ્યાં કે નંઇ તમે. ઇ ઝઘડો એક દી' હતો ખરો પણ ઇ અમારો ઠર્યો છે. પૂછી જોજો, કોકને વળી. ઇ તો અમારા બાપદાદાએ તમારા બાપદાદાને એટલી ભોં વાવવા આપી'તી તે ચાળીસ વરસ તમારા બાપદાદાએ વાવી એમાં ઇ ભોં તમારી ઠરી ગઈ કાં ? ઇ વાતનો ચોખ વહીવટદાર સાહેબ પોતે આવીને કરી ગયા છે.

મોંઘીઃ—ના, ના ના ના ના. બધુંય ખોટું. અમારા બાપદાદાનો સીમાડો અને તમારા બાપાદાદાનો સીમાડો તો આઘે આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટક્યો એટલે જાંબુડો તો અમારો જ, એમાં વળી આટલી બકબક શું કરી મૂકો છો ! તોબા ભગવાન માથું પકવી નાંખ્યું મારું તો.

આંબોઃ—પણ હું એની ખાત્રી કરાવી દઉં તો.

મોંઘીઃ—હવે ઠાલા ઠેકડી કરો મા, ને મને નકામી ખીજવો મા. શું વાત લાવ્યા છો. આજ ત્રણશેં ત્રણશેં વરસથી તો ભોં અમારી છે. ને આજ આવીને પટેલ બોલ્યા કે ભોં તમારી નંઇ. આ તો કંઇ છે નહીં પણ કો'ક સાંભળે તો દાંત કાંઢે. વિસાત ત્યારે ચાર હાથ ભોંની. કિંમત ત્યારે કાંઈ નહિ પણ મને તો તમારા ખોટા બોલ્યાની રીસ ચડે છે—કો' ન કો' પણ ખોટું તો ઘડી યે ન સંખાય.

આંબોઃ—પણ તમે સાંભળશો કે બસ, ખોટું ખોટું કર્યેં રાખશો ? તમારા બાપના દાદાના બેડૂએ ભોં વાવી અને મારા બાપના દાદાએ ભોં વાવવા દીધી તેમાં તો......

મોઘીઃ—મારા બાપા ને મારા દાદા તમારા બાપા અને એના દાદા, ઈ બધુંય ખોટું. જાંબુડો અમારો છે ઇ વાતની હા, હાને હા.

આંબોઃ—જાંબુડો તમારો છે ઇ વાતની ના, ના ને ના.

મોંઘીઃ—અમારો છે તે અમારો કહેશું. ફાવે તો બે દી ને બે રાત તમારો છે તમારો છે એમ બૂમો પાડ્યા કરો ને. અને ફાવે તો એક કેડિયાં ઉપર પંદર કેડિયાં બીજાં પહેરીને ફરોને, તો ય જાંબુડો અમારો છે, અમારો છે ને અમારો છે— તમારું ભલે આખું ગામ હોય પણ અમારો છે ઇ તમારો નો' થાય. કે'નારા કઈ રહ્યા.

આંબોઃ—જાંબુડો તો ધોળ્યો ગ્યો પણ આ તો સાચાને ખોટા ઠરાવો છો ઈ શે સે'વાય. જાંબુડો જોતો હોય તો એમને એમ માગી લ્યોને આપી દઉં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંઘીઃ—એવા તો પાંચશે જાંબુડા હું તમને આપી દઉં એવી છું. પણ આ તો મારો જ છે. ભારે વાત લાવ્યા. આવા ભલા પાડોશી હશો ઇ ખબર નંઇ. તમારે જોતાતાં તો ગઇ સાલ અમારા બે હળ અમારે જોતાતાં તોય નો'તાં આપ્યાં? તમારે મન તો અમે મુરખ હશું તે મારો જાંબુડો મને આપવા આવ્યા છો. પાડોશી ધરમ તે આવો હોય! લૂંટી જ લેવા છે ને!

આંબોઃ—ત્યારે હું લૂંટારો કેમ? આજ સુધીમાં કોઈની ભોં હરામની લીધી નથી ને આજ મને લૂંટારો કીધો! [આમ તેમ આંટા મારીને] ઈ જાંબુડો મારો છે.—

મોંઘીઃ—ખોટું-હળાહળ ખોટું—ઇ અમારો છે.

આંબોઃ—ના ઈ અમારો છે.

મોંઘીઃ—સાવ ખોટું. બતાવી આપું હમણાં? આ ઘડીયે માણસોને જાંબુડાની ઉપર બેસારી દઉં છું જોઇએ.

આંબોઃ—શું કીધું?

મોંઘી;—એ......હમણાં મારા માણસોને બેસારી દઉં છું જાંબુ-ડાને માથે.

આંબોઃ—બધાને મારીને કાઢું.

મોંઘીઃ—વાર લાગે વાર.

આંબોઃ—[છાતીયે હાથ રાખીને મોટે અવાજે] જાંબુડો મારો છે, સમજ્યાં કે નઇ તમે. મારો છે.

મોંઘીઃ—હજી તાણીને રાડયું પાડો. આંઈ મારા ઘરમાં રાડયું નો પાડવી. તમારા ઘરમાં જઈને ઓકી પડો ત્યાં સુધી રાડયું પાડો ને. મારા ઘરમાં રાડયું નહિ પડાય, હા.

આંબોઃ—[એકલો] શું કરું? આ ફફડાટ વધતો જ જાય છે. પણ ખોટું શે સંખાય. [તાણીને] એ–જાંબુડો મારો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓંઘી:—અમારો છે.

આંબો:—મારો.

ઓંઘી:—અમારો.

આંબો:—મારો.

[લીંબો આવે છે.]

લીંબો:—એલ્લા આ માંડયું છે શું? આ બૂમબરાડા શેના માંડ્યા?

ઓંઘી:—બાપા, જરા આમને સમજાવો ને પછી અમને કહો કે આપણા ખેતરને શેઢે આંબાવાડીઆની પડખેનો જાંબુડો કોનો છે? એનો કે આપણો?

લીંબો:—દીકરી, ઈ તો આપણો જ છે, ના?

આંબો:—પણ તમારો ઇ કયાંથી થઈ ગયો? જરીક તો વિચાર રાખો. તમારા દાદાના ખેડૂતે વાવવા સારુ મારા દાદાએ ઈ ભોં આપી'તી. ચાળીસ વરસ તમે ભોં વવરાવી એટલે જાંબુડો તમારો થઈ ગયો? પછી તો ઈ વાતનો ચોખ સોત થઈ ગયો છે.

લીંબો:—સાંભળ તો ખરો, બાપલા. ઈ ભોંનું આજસુધી કોઈએ તારા દાદાને ભાડુંબાડું ભર્યું છે? શેનું ભરે? ઈ ભોં જ અમારી છે ને. રસ્તે ચાલ્યો જતો કાળીઓ કૂતરો'ય કહેશે કે ઇ ભોં અમારી છે. જરાક તપાસ કરીને બોલતો હો...

આંબો:—તમને ખાતરી કરાવી આપું કે જાંબુડો અમારો છે.

લીંબો:—કરાવ્યો, કરાવ્યો, ખાત્રી.

આંબો:—[તાણીને] પણ હું કરાવીશ.

લીંબો:—રાડયું ઓછી નાંખ્ય. એમ રાડયું નાંખ્યે ખાત્રી કરાવાતી હશે? તારું હોય ઈ મારે ધર્મે'ય ન જોઇએ પણ મારું હોય ઇ તો મારી પાસે રહેવા દે; મારું છે તે કાંઇ તને આપી દેવાનું ન હોય, આપું તો તો મારા ખેડૂતે ન આપું કે બિચારા આશીર્વાદ આપે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબો:—એમ પારકો જાંબુડો પોતાના ખેડુને આપી દેવાતો હશે કાં ? હું કહું છું કે એમ નહિ બને.

લીંબો:—એમ આપવું ન આપવું ઈ મારી મરજીની વાત છે. એમ તાણીતાણીને બોલ છ "ને બીજું બધું" કર છ ઇ મારે નહિ પોસાય. તારી કરતાં મેં અમણાં ચોમાસાં જોયાં છે. બોલવું હોય તે સરખી રીતે બોલ ને "બીજું બધું" કર.

આંબો:—એલા મને તો મુરખો બનાવવો લાગે છે. એક તો મારી ભોં પોતાની ગણાવવી ને ઉપર જાતાં મને ટાઢો રહેવા શિખામણ આપવી અને મને બોલતાં શીખવાડો છો ખરું ? પાડોશી આવા હોતા હશે ? તમે પાડોશી નહિ પણ પરાણે ખાઇ જાનારા લાગો છો.

લીંબો:—શું ? શું કીધું ? શું બોલ્યો ?

મોંઘી:—બાપા, હમણાં ને હમણાં ઈ જાંબુડે આપણા સાથીને બેસાડી દ્યો.

લીંબો:—[આંબાને] શું કીધું ?

આંબો:—જાંબુડો અમારો છે એમ કીધું ઇ તમને નહિ મળે એમ કીધું, નહિ મળે, નહિ મળે ને નહિ મળે,

લીંબો:—જોશું ત્યારે. જા'ને, દાવો માંડજે ને બીજું બધું કરજે. તારાથી થાય ઈ કરી લેજે, તારે તો વઢ નીકર વઢનારો દે. એવું કરવું છે. રખડુ ! તારું ઘર આખું એવું.

આંબો:—ખબડદાર મારા ઘરનું કાંઇ વગોવણું કર્યું છે, તો. અમે તો આજસુધી સીધી રીતે ચાલનારા છીએ. પારકા પૈસા ઉચાપત કરીને જેલમાં ગયો ઇ તમારો કાકો કે બીજો કોઈ હતો ?

લીંબો:—તારે તારો કાકો વળી બીજો કયો હતો ? બાઇડીએ ગાંડો કરીને ઘરમાંથી કાઢયો'તો ઈ જ ના ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓંઘીઃ—ઈ ઘર આખું ગાંડું. નાનેથી મોટાં બધાં ગાંડાં.

લીંબોઃ—તારા દાદાને ય ઘડપણમાં વા' ઊખેળો થયો તો. તારી કાકી તો બાવાના ઘરમાં બેઠી'તી. કોણ એમાં સારું?

આંબોઃ—તમારી માને તો કોંટ નીકળી'તી! [છાતીએ હાથ દબાવે છે] પાછો ફફડાટ થાવા માંડયો. હાય, હાય હવે કેમ કરું?

લીંબોઃ—તારો બાપ તો જુગારી હતો અને ખાતો ત્યારે ત્રણ તગારાં ભરીને.

ઓંઘીઃ—તારી કાકી તો ગામનો ઉતાર હતી!

આંબોઃ—હાય, હાય, આ ફફડાટે જીવ લીધો.........તમે તો બધા લૂંટારા છો! ઓહ,....આ ફફડાટ વધી ગયો. થાવા દે ઘર ભેળો.

ઓંઘીઃ—આવા પાડોશી કરતાં તો એકલાં સારાં. માથું જ ખાઇ જાય ને!

લીંબોઃ—ભૂંડા, તારું ડાચું તો જો. છે કયાંઇ, મોઢાનો મેળ મળે છે? હાલી જ મળ્યો છે ને બીજું બધું...

આંબોઃ—આ ફફડાટ નક્કી મારો જીવ લેશે. આ હાલ્યો હું તો... [જાય છે.]

લીંબોઃ—મારા ઘરમાં ફરીથી પગ મૂકયો છે તો ટાંટીઓ જ ભાંગી નાંખીશ.

ઓંઘીઃ—જા, ને દાવો કર્ય, દાવો.

લીંબોઃ—મૂવો, આંબલો, [આમ તેમ આંટા મારે છે.]

ઓંઘીઃ—જોયો ને, રખડુ! છે હવે કાંઇ પાડોશી ધરમ જેવું?

લીંબોઃ—ગધેડો, કૂતરો, ઘોડો, હાથી, કાગડો, મીંદડો.

ઓંઘીઃ—પાક્કો જાંબુડાનો ધણી થવા આવ્યો ને ગાળો દેતો ગયો.

લીંબોઃ—તોળિયો! કૂકડો પાછો વાત લઇને આવ્યો. કેટલી હિંમત હશે ત્યારે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંઘીઃ—[આશ્ચર્યથી] શેની વાત?

શીંખોઃ—આ તારા ઘરઘરણાની વાત. પોતાને ઘર માંડવું છે પાછું!

મોંઘીઃ—મારે માટે, ને તમે અત્યાર સુધી બોલ્યા નહિ.!

શીંખોઃ—પાછો બની ઠણીને આવ્યો હતો! ચીભડું! આગબોટ!

મોંઘીઃ—મારું ઘર મંડાતું'તું ને તમે બોલ્યા નહિ! [ડૂસકાં ભરવા માંડે છે] એને પાછો બોલાવો, બાપા, એને પાછો બોલાવો. સાંભળો છો કે નહિ, બાપા, એને પાછો બોલાવો.

શીંખોઃ—કોને પાછો બોલાવું?

મોંઘીઃ—બોલાવો, બોલાવો, નહિ તો હું મરી જઇશ. પાછો બોલાવી લાવો એને. [જોરથી રડવા લાગે છે]

શીંખોઃ—આતે પણ......છે શું? [ગુસ્સે થતો દેખાય છે] હવે તે મારે કરવું શું? હવે તો મરું તો છે. આપઘાત કરું? કેમ કરું? જીવ લેશે મારો આ બધા ભેગા થઇને.

મોંઘીઃ—હવે એને નહિ બોલાવો તો મારો જીવ નીકળી જશે.

શીંખોઃ—મૂંગી રે' આ હાલ્યો, આમ પોક કેમ મૂક છ. [જાય છે]

મોંઘીઃ—હાય, હાય, હાથે કરીને આમ કર્યું. કોઈ એને પાછો લાવો, ભલા થઇને પાછો લાવો ને.........

શીંખોઃ— આવે છે હમણાં ને બાકીનું બીજું બધું. પડે નંઇ ખાડમાં. અ હં હં હં...... કર્ય વાત હવે તું તારે તારી મેળે. હું બોલું તો મારા પંજાના જ સમ.

મોંઘી—એને પાછો બોલાવો ને......

શીંખોઃ—આવે છે કહું છું. આને ઉત્પાત શો. હે ભગવાન્, જુવાન છોડીના બાપ થાવું ઇ પણ ભોગ છે તો. હવે તો ગળે ફાંસો ખાઉં તો છે. ફાંસો નાખવો પડશે એમાં છૂટકો નથી. સાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં ગાજો ભાંડી, તુચ્છકારી કાઢયો અને લાત મારી ઘરની બહાર કઢાવ્યો, એ બધાં તારાં કામ છે, તારાં.

મોંઘીઃ—ઇ કામ તો તમારાં છે.

બીબોઃ—થયું ત્યારે, મારાં, હવે છે કાંઈ [આંબો ડોકાય છે] લે, હવે, તારે કરવી હોઇ ઇ વાત કર. હું તો આ હાલ્યો.

[આંબો લથડતે પગે આવે છે]

આંબોઃ—આ ફફડાટ ! પગ તો તૂટીને કોથળો થઇ ગયા અને પડખામાં ચસકા નીકળે છે ઈ જુદાં...

મોંઘીઃ—તમારે પગે લાગું. થવાની થઇ ગઈ પટેલ. અમારી ભૂલ થઈ ગઈ. મને હવે યાદ આવ્યું કે જાંબુડો તો તમારો જ હતો.

આંબોઃ—હાય હાય ફફડાટ તો વધતો જાય છે...જાંબુડો તો મારો દર્યો... આંખે અંધારાં આવે છે......

મોંઘીઃ—હા, હા, હા, તમારો છે ઇ જાંબુડો તો. બેસો તો ખરા. [બન્ને બેસે છે] અમારી ભૂલ થઈ, હો.

આંબોઃ—ના, ના, આ તો વાતની વાત જાય. બીજું કાંઈ નહિ. જાંબુડો તો કોણે કર્યો છે પણ હું તો વાત કરું છું.

મોંઘીઃ—હા, હા, વાતજ તો. જાવા દ્યોને, બીજી કાંઇ વાત કરો બીજી.

આંબોઃ—વળી મારી પાસે તો સાબિતી છે એટલે. અમારા કાકાની મોટી માએ તમારા બાપાના દાદાને ઇ ભોં ખેડવા આપીતી.

મોંઘીઃ—થયું હવે, એનું કંઇ છે? મૂકોને, વાત. [બાજુએ] આને હવે કહેવું કેમ ને વાત કેમ ઉપાડવી? [આંબાને] હમણાં તો કયાંઇ ગામ જાવાના નહિ હો.

આંબોઃ—જાવું છે, મોંઘી, પણ હમણાં નહિ, સમજ્યાં કે નહિ, તમે અમારો ઢાંઢો—ઓલ્યો ગોરીઓ છે ને, તમે તો જોયો છે, એનો પગ લંગડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંઘી:—લે, વળી, ઇ કેમ કરતાં?

આંબો:—શી ખબર? ક્યાંક ભરાણો હશે ને પગબગ આવી ગયો હશે. [નિસાસો નાંખે છે] બહુ ભારે ઢાંઢો, એની કિમત કાંઇ જેવી તેવી નથી આપી હો. જોડીના અઢીસો ભર્યા'તા.

મોંઘી:—અઢીસો બહુ આપ્યા?

આંબો:—હું તો કહું છું કાંઈ નથી આપ્યા. મફતમાં ગણાય. એવો ઢાંઢો મળે કયાંથી?

મોંઘી:—બાપાએ અમારી જોડીના સવાસો આપ્યા'તા પણ અમારી જોડી તમારા કરતાં સારી!

આંબો:—શું બોલ્યાં તમે? મારા કરતાં તમારા ઢાંઢા સારા? બોલતાં ન હો તો કાંઇ નહિ. [હસે છે] તમારા ઢાંઢા મારા કરતાં સારા કાં?

મોંઘી:—કેમ વળી, સારાસ્તો. હા, અમારા હજી પે'લી 'વરના છે એટલું સાચું. પણ અમારા ચોકખા વઢીઆરા છે વઢીઆરા. એવી જોડ તો દરબારી વ ડે નથી દરબારી વ'ડે. ખબર છે?

આંબો:—હવે તમે તો ભારે. પોતાનો એક ઢાંઢો તો કાબરો છે ઇ વાત જ ભૂલી જાય છે અને કાબરા એટલા વઢીઆરા નહિ, ઈ જાણો છો?

મોંઘી:—કાબરો વળી કે દા'ડે દીઠો? સમજ્યા વિનાની જ વાત કરો છો કે હાંઉ?

આંબો:—હું તો સમજીને વાત કરું છું. જરાક કાબરો તો છે જ.

મોંઘી:—કોઇ દી આંખો ઉઘાડીને જોયું હોય ત્યારે ને.

આંબો:—એમ કે? દેખાવે રૂડો રૂપાળો એટલે કામ કાંઈ ન આપે.

મોંઘી:—ઈ મજબૂત હશે એની 'ના' નથી પણ અમારા ઢાંઢાની ઓલાદ જ નોખી. તમારા ઢાંઢાનું ઠેકાણું જ કયાં બળ્યું છે? ને પાછા ઘરડા ખખડી ગયેલા ઢાંઢા. ભૂંડા ભૂખ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબોઃ—ઘરડા છે તો ય હું તમારા પચ્ચીસ ઢાંઢા સામે એનું સાટું ન કરું એ ચોક્કસ. કો'ક સાંભળશે તો ગાંડામાં ગણશે. કાંઈ મારા ઢાંઢા! તમારા તો બળદીઆ કહેવાય. એવા બળદીઆ સાંતીએ સાંતીએ બતાવું. પચ્ચીસ રૂપીઆનો બળદીઓ એમાં કઇ મોટી વાત?

મોંઘીઃ—આજ કાંઇ ભાંગબાંગ તો પીધી નથી ને? ઠેકાણા વગરનું બોલો છો તે. ઘડીકમાં કહે કે, જાંબુડો મારો, ઘડીકમાં કહે કે મારો ઢાંઢો રૂપાળો, કાંઈક ઠેકાણાવાળું બોલો તે સારું લાગે. પોતાને ખબર છે કે મારો ઢાંઢો એના વીસ ખખડી ગયેલા બળદને પહોંચી વળે એવો છે તોય અવળું બોલવું!!

આંબોઃ—તમારે મન તો અમે ગધેડા હશું કે પછી આંધળા હશું. તમારો ઢાંઢો કાબરો છે એ તો બોલો.

મોંઘીઃ—હોય નહિ ને શેના બોલે?

આંબોઃ—છે, છે.

મોંઘીઃ—ખોટાં બોલો મા, નથી, નથી. [તાણીને બોલે છે]

આંબોઃ—આમ બરાડા તાણવાનું કાંઈ કારણ?

મોંઘીઃ—ત્યારે પછી? નાંખી દેવાની શીદ વાત કરો છો? રીંસ ન આવતી હોય તો'ય આવે. બળદીઓ મરવાની અણી ઉપર આવ્યો ત્યારે કહે કે રૂપાળો!

આંબોઃ—હવે બહુ થયું. મારાથી તમારી સાથે ધમાલ નથી થાતી. મારી છાતીનો ફફડાટ વધી ગયો!

મોંઘીઃ—બઅઅસ? થઇ રહ્યું? વાત કરતા હાર્યા ત્યારે ફફડાટ થાવા માંડયો, કાં? ભાયડા માત્ર આવા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબોઃ—હવે બોલતાં બંધ થાશો? મારી છાતી ફાટી ગઈ, હવે તો. [તાણીને] બસ કરો, કહું છું.

મોંઘીઃ—બસ કેમ કરું? પહેલાં કબૂલ કરો કે મારો ઢાંઢો તમારા બળદીઆ કરતાં લાખગણો સારો. પછી કાંઈ બોલું તો કે'જો.

આંબોઃ—એક લાખ ને સો વખત તમારો ઢાંઢો ખરાબ, ભૂંડો, ને ભમરાળો. હાય, રે, મારી આંખે અંધારા આવ્યાં! માથું ભમવા માંડયું! ખંભા તૂટી પડયા આ આ!

મોંઘી—ભમરાળો બળદીઓ તમારો. ભમરાળો ને ભેંશ! મોત આવે એને. આ કાલ મરતો હોય તો આજ મરે.

આંબોઃ—[રોઈ પડીને] હવે બસ કરો. છાતી ફાટી ગઈ રે, મા, મારી તો.

મોંઘીઃ—બસ તે કેમ કરું? [લીંબો આવે છે]

લીંબોઃ—[અંદર આવીને] વળી પાછું આ શું માંડયું?

મોંઘીઃ—બાપા ખરું કહેજો, પરમેશ્વરને માથે રાખીને; આપણો ઢાંઢો સારો કે આ પટેલનો બળદીઓ?

આંબોઃ—એ, લીંબા પટેલ, તમારે મોઢે જ ન્યાય. એટલું બોલોને તમારો બળદીઓ કાબરો ખરો કે નહિ? હા, કે ના.

લીંબોઃ—કાબરો છે એટલે? કાબરા ધોળાની વાત જ કોણ કરે છે? આ તો ઓલાદની વાત થાય છે ને બાકીની બીજી બધી વાત.

આંબોઃ—ગમે તેવા તો ય મારા બળદીઆ સારા તો ખરા કે નહિ હેં? મારા સમ!

લીંબોઃ—એ તો જે હોય તે ખરું પણ આમ ઉતાવળા આકળા શું કામ થઇ જાવું? બળદ રૂડો, રૂપાળો, ઊંચો ને બાકીનું બીજું બધું. પણ પટેલ ખરું પૂછાવો તો ઇ ધરડોખખ ને શીંગડાનું ઠેકાણું નહિ એમાં કાંઈ ના પડાશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબોઃ—ભાઇશા'બ મને તો આ ફફડાટ કનડ્યા કરે છે. બાકી ખરું પૂછાવો તો ઇ ના ઇ બળદીઆ તમારા ઢાંઢા હારે દોડાવો તો પહોંચી જાય, હા. અરે ગાઉ ભોં આગળ પહોંચી જાય, હા.

લીંબોઃ—તમારે તો ખાલી વાતો કરવી છે. મારા ઢાંઢા દોડ્યા ત્યારે તો રાશ તોડાવી નાખી'તી. પછી પછવાડે જ રહી જાય ને?

આંબોઃ--હઉં? એટલી વાત તો ખરીને? રાશ સાંધ્યા પછી પણ કયાં દોડ્યા'તા?

લીંબોઃ—ખોટું બોલશો તો હું નહિ સાંખું, હો. પછી તમે જાણો. મારો સ્વભાવ આકરો છે. તો પછી બોલવું નહિ. બાકી તો બધું અદેખાઇને લઇને થયું'તું એટલું ચોક્કસ. કોઇ કોઇનું સારું દેખી શકતા નથી. તમે પણ બધાની ભેગા. મારા ઢાંઢાં ઠીક ઠીક દીઠા કે બસ થયું: આમ ને તેમ કરીને ગોટાળો કરી મૂકયો ને બીજું બધું કરી મૂકયું. શું મને ખબર નથી પડતી, એમ?

આંબોઃ—ખબર તો મને'ય પડે છે બધી વાતની.

લીંબોઃ—[ચાળા પાડીને] "ખબર તો બધી વાતની પડે છે" કાં? શેની ખબર પડે છે, કહો તો ખરા?

આંબોઃ—ફફડાટ, ફફડાટ! પગ તો જાણે ભાંગીને ભૂકો થઇ ગયા! હવે તો......મને......

મોંઘીઃ—ફફડાટ થાય છે, કાં? ખરા શૂરવીર. ઘરે જઇને દળણું દળો એટલે ઠીક પડશે. બહુ રૂપાળા લાગો છો. ફફડાટ, કાં?

લીંબોઃ—હા? એલા, શૂરવીર તો ખરો! ચૂડી પહેરીને ઘેર બેસી રહીશ તો રૂપાળો લાગીશ. ઢાંઢા હાંકવા ઇ તારું કામ નહિ. આવડે નહિ તો પછી બીજાની વાતમાં માથું મારવું નહિ ને બીજું બધું કરવું નહિ. નકામો મને ગુસ્સો આવશે પાછો. મૂક વાત પડતી. તારામાં શક્તિ કયાં બળી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબો:—ને તમે મોટા શૂરવીર! ખટપટ કરવા માટે તો બેઠ કરો છો. ખટપટ વિના બીજું કાંઇ આવડતું નથી ને વળી પાછા......ઓહ, આ કાળજું!......ખટપટ તો તમારા જ બાપની.

લીંબો:—એલા મને ખટપટીઓ કીધો? બસ કર છ કે પછી......?

આંબો:—ખટપટીઆનો બાપ.

લીંબો:—ગધેડા, વાંદરો.

આંબો:—એલા ઉંદરડા, મોં સંભાળીને બોલજે.

લીંબો:—બસ કર કહું છું. હમણાં માથું ભાંગ્યું સમજજે, નોળિયા!

આંબો:—હવે તને તો સૌ ઓળખે છે...ઓહ ફફડાટ...તને તો તારી બાઇડી મારતી'તી...આ પગને શું થઇ ગયું?...ને આ કપાળે પરસેવો...ને આંખે અંધારાં...એએએ...પડયો, હો. પડયો......

લીંબો:—ને તું તો શેરીનાં કૂતરાંથી ભડકીને ભાગે છે.

આંબો:—બસ, થઈ રહ્યું હવે......ઓહ, ઓહ...કાળજું ફાટયું. મારા ખભાના કટકા થઇ ગયા. મારા હાથ કયાં ગયા?...આવી બન્યું...જુઓ...[ધબ દઈને પડે છે] વૈદને બોલાવો, મારી નાડય જુએ. [મૂર્ચ્છિત થાય છે.]

લીંબો:—ગધેડા, વાંદરો, નોળિયો એલા, આ તો મને અંધારા આવે છે. પાણી પીવાદે......આ શું?

મોંઘી:—વાહ, શૂરવીર વાહ. હાથમાં રાશ પકડતાં આવડતી નથી ને...[પોતાના બાપાને] બાપા, જુઓ તો ખરા, શું થઇ ગયું આ ને? બાપા, બાપા, દોડો, દોડો. [ચીસ નાંખે છે.] એ આંબા પટેલ! ખોળીઆમાં જીવ જ નથી લાગતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીંબોઃ—મને તો આંખે અંધારાં આવે છે. જરા બહાર જઈને શ્વાસ હેઠો મૂકવા દે.

મોંઘીઃ—પણ, બાપા, આ તો મરી ગયા. [આંબાને ઢંઢોળે છે] એ પટેલ. પટેલ......એ પટેલ. કોપ થઈ ગયો બાપા. આ તો મરી ગયા. કોક વૈદને તો લઈ આવો. બાપા. [રડવા લાગે છે]

લીંબોઃ—અરે પણ છે શું ? આ તે કાંઈ રીત ?

મોંઘીઃ—ઈ મરી ગયા. બાપા, ઈ મરી ગયા...[રડે છે]

લીંબોઃ—કોણ મરી ગયા ? [આંબા સામે જુએ છે] એલા આ તો મરી ગયો ! રામ, રામ, રામ, પાણી લાવો...દોડો...દોડો... [આંબાને મોંઘી પાણી ધરે છે] લ્યો, આ પાણી...અરેરે, પાણી ઊતરતું નથી. બસ મરી ગયો, ને બાકીનું બીજું બધું. જીવ લેશે આ આંબલો. હવે હું ય ભેગો મરું તો છે. અરેરે હું કાં ન મૂઓ ? પણ હું બેઠો, કાં ? અરે મને કોઈ છરી આપો, દાતરડું આપો, તરવાર આપો. હું મરી જાઉં. [આંબો હલે છે] લે, લે, જીવે છે તો ખરો. લ્યો, લ્યો, પાણી પીઓ પાણી......હાં......બસ હવે......બરાબર.

આંબોઃ—આંખે કાંઈ દેખાતું નથી ! હું કયાં છું ?

લીંબોઃ—એ પટેલ, આ મારી મોંઘી તમને દીધી ! ને હવે રાજી થાઓ. આ મોંઘી. [મોંઘીનો હાથ આંબાના હાથમાં આપે છે] સુખી થાઓને બાકીનું બીજું બધું. હવે હું છૂટયો.

આંબોઃ—હેં, શું કીધું ? કોણ ? શું ?

લીંબોઃ—આ મોંઘી તમને દીધી. ખાઓ, પીઓ ને મજા કરો ને ટળો હવે.

મોંઘીઃ—જીવે છે. જીવે છે. હા, હા, આપણે બે એક હવે તો.

લીંબોઃ—હા તમે બે એક હવે તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબોઃ—હેં, કોણ ? [મોંઘીનો હાથ પકડે છે] હાશ, હાશ. આજ મારાં નશીબ ઊઘડ્યાં. હેં ? શું વાત હતી ?......હા, હા. ફફડાટ થતો'તો. સમજ્યો, સમજ્યો મારાં નસીબ ઊઘડ્યાં. મોંઘી તું હવે મારી...[હાથ દાબી છાતીએ અડાડે છે] મારા પગ હજી ઢીલા નથી મટયા......

મોંઘીઃ—હા, આપણાં નશીબ ઊઘડ્યાં.

લીંબોઃ—હાશ, હું હવે છૂટયો. ભાર ઊતર્યો, માથેથી.

મોંઘીઃ—પણ હવે તો બોલો, તમારા ઢાંઢા અમારા ઢાંઢા કરતાં ઊતરતા નહિ ?

આંબોઃ—ઊતરતા શેના ? ચડીઆતા.

મોંઘીઃ—ઊતરતા, ઊતરતા.

લીંબોઃ—ચાલો, માંડ્યો પાછો ઘરનો ખખડાટ. એલા લાપશીનાં આંધણ મૂકો.

આંબોઃ—ચડીઆતા, ચડીઆતા.

મોંઘીઃ—ના, ના, ના, ઊતરતા. ચડીઆતા નહિ નહિ ને નહિ.

લીંબોઃ—(મોટેથી ઝઘડાને દાબી દેતો) એ લાપશીનાં આંધણ મૂકો. આજ મારી મોંઘીને ઘરઘાવી !

[પડદો પડે છે]

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરશાળા પ્રકાશન

●

૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા	૦–૮–૦
ઘરઘરનું અને મનોહર	૦-૧૨-૦
ચંદ્રલોકમાં	૧–૦–૦

· પ્રાપ્તિસ્થાન ·

ભાવનગરમાં—ઘરશાળા પ્રકાશનમંદિર, હિલડ્રાઈવ

મુંબઇમાં—શિષ્ટ સાહિત્ય ભંડારઃ આનંદભવન, પ્રિન્સેસ સ્ટ્રીટ

· શ્રી સરસ્વતી છાપખાનું · ભાવનગર ·

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar